

મા

કલાકાર · શ્રી યામિની રાય

એમના પરિચય માટે જુઓ આ અંકમાં 'મારી નજરે' વિભાગ

આવતી કાલનાં નાગરિકોનું પત્ર

તંત્રી · રવિશંકર મહાશંકર રાવળ ✻ સંપાદક · બચુભાઈ રાવત

૨૨૦

એપ્રિલ'૪૨

કુમાર
એપ્રિલ ૧૯૪૨
અંક ૨૨૦

ચિત્રો

મા — યામિની રાય — પૃ...
શુક્રવારની ગુજરી — કુ. રત્નપ્રભા કમોદિયા ત્રિરંગી મુખચિત્ર
ભૂતકાળની ભભક (બે ફોટો-તસ્વીર) આબીદમિયાં સૈયદ તથા અબ્દ... કે. સૈયદ ત્રિરંગી મુખચિત્રની પાછળ
ઘોડા — એ. એ. મજીદ છેલ્લાપાન સામે
બાઇદરની બન્તર — ડી. ડી. 'સિલ્વા ,,
ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ — પૂઠા પાન ૩ સામે
સ્પેનના મશહૂર કલાકાર ગોયાના સ્મરણમાં કાઢેલી ટિકિટો (શ્રી હરિલાલ બૅંકરનો સંગ્રહ) પૂઠાપાન ૩ સામે

કવિતા

સીમન સીરાનિયન — હરિશ્ચન્દ્ર ભટ્ટ — ૯૭
આકળ — પ્રભુદાસ કાલિદાસ વ્યાસ — ૯૭
બન્ધો! — હૈદરઅલી હુસેન જીવાણી — ૯૭
સિંધુ ને સિંધુડો — ‘લ’ — ૯૭

ચરિત્ર

સર સોરાબજી પોચખાનાવાળા — ૧૦૪

વાર્તા

વશરાભાઇ — ‘સત્યમ્’ — ૧૦૫

લેખો

અંતરીક્ષમાં ઉડ્ડયન — ગુલાબરાય સી. પારેખ અને એમ. એન. પારેખ — ૧૦૮
નટના ખેલ (અનંત કાણેકરનો નિબંધ) — વસંત જોષી — ૧૧૧
ભૂતકાળની શોધમાં — અમૃતલાલ વ. પંડયા — ૧૧૨
ઈશ્વરી ઇન્સાફ — હિંમતલાલ લીલાધર ગાંધી — ૧૧૪
ફટકડી — રામસિંહજી રાઠોડ — ૧૧૫
જીવનનું પરોઢ — પ્રભુદાસ ગાંધી — ૧૧૬

વિભાગો

મારી નજરે — ર. મ. રા. — ૯૮
મેંદીનાં પાન — ૧૧૬
Our Friends Abroad (પરદેશી મિત્રોના પત્રો) — ૧૧૯
પંચતંત્રની વાર્તાઓ — દેસાઇ વાલજી ગોવિંદજી — ૧૨૦
સંસારનાં શહેરો (૩૧) કાસંબો — ૧૨૧
નવાં પુસ્તકો — ૧૨૧
માધુકરી — ૧૨...
ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ — બલવંત ભટ્ટ — ૧૨...
આ મહિનો ઇતિહાસમાં — ૧૨૭
છેલ્લું પાનું — ૧૨૮

કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક·બચુભાઇ રાવત, તંત્રી અને પ્રકાશક·રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬ાા, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના: મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ; આર. આર શેઠની કં. અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં: નૂતન ફોટો સ્ટૂડિયો, રાવપુરા.

વર્ષ ૧૯ કુમાર અંક ૪

એપ્રિલ • ૧૯૪૨

સીમન સીરાનિયન*

• રથોદ્ધતા •

મેદની ઉલટતી સમુદ્ર શી
ઘૂઘવી તરણીને ડુબાડવા
ઇશુના જીવનની. અનેકમાં
કોઇ કંપિત હૃદે વિચારતાં:
'શી વિધે શ્રમિતકાય ભાર આ
ક્રૂસનો વહી શકે ?'
પડે ઈશૂ
ઠોકરાઇ. તહીં મેદની મહીં
જોઈને તરુણ કોઇ, એ વદે:
'તાત, ભાર હળવો કરીશ તું?
શ્રેયભાજન જરૂર તું થશે.'
સીમને ક્રુસ લીધો. ઇશ ખભે
હાથ મૂકી પથ એ પૂરો કરે.
ધન્ય એમ સહપાન્થ જીવને
કોઇના થઇ વહાવવો પડે
ભાર એ ન; જીવિતવ્ય સાધના.

હરિશ્ચન્દ્ર ભ. ભટ્ટ

*ઇશુને સજા કરાવી વધસ્તંભ તરફ લઈ જવા ઊલટેલી ક્રૂર માનવમેદનીમાં જે થોડા લાગણીવાળા હતા તેમાંનો એક એ જુવાન હતો. વધનો સ્તંભ આરોપી પાસે ઉપડાવવાના રિવાજ મુજબ ક્રૂસ ઉપાડીને ચાલતા ઇશુ ભાર અને થાકથી ઠોકરાઈ પડ્યો તે વેળા સીમન તરફ જોઈ તેણે પોતાનો ભાર હળવો કરવા માગણી કરી. સીમને ક્રૂસ ઉપાડી લીધો અને ઈશુએ એને ખભે હાથ મૂકી પંથ પૂરો કર્યો. બાઈબલના આ હૃદયસ્પર્શી પ્રસંગને સૉનેટની છેલ્લી લીટીઓમાંનું જીવનસ્પર્શી વિધાન વધુ અસરકારક બનાવે છે કે 'એમ કોઈના જીવનમાં સહપાન્થ થઇને વહેવો પડે એ 'ભાર' નથી પણ જીવિતવ્યની સાધના છે.' ત્રીજી એપ્રિલે ઈશુનું ક્રૂસારોહણ થયું હતું એ આ કાવ્યની આ અંક માટેની પ્રસંગોચિતતા. ('અવતારના સાથી' એ નામના ઈશુજીવન વિષેનાં બાર કાવ્યોના હવે પ્રકટનાર ગુચ્છમાંથી)

આવતી કાલનાં નાગરિકો માટેનું અદ્યતન માસિક

આકળ

આકળ વિષેની એક નવી સુંદર કલ્પના

• શિખરિણી •

જુવાનીને જેમે ઝળઝળ જળાવી જગતને
ઉનાળે આખા યે અવનિઉરને આકુળ કર્યું.
પછી પશ્ચાત્તાપે સદય હૃદયે વિશ્વભરને
નહવાડ્યું ને ઠાર્યું જળજળ કરી; હૈયું ન ઠર્યું.
શિયાળે ફેરી હિમછવિ છવાઈ ફમરની,
ફરે ઊંડઊંડે ખટક ખટકે જેતણન તાણી.
ડહી એના તાપે સકળ મૃદુ અંગે બળતરા
દ્રવે અંગેઅંગો, વિમળ થઇ;—તે આકળ ઝરે.

પ્રભુદાસ કાલિદાસ વ્યાસ

બન્ધો !

એક નવા જ બિરાદરની કાવ્યશક્તિઓની
પિછાન કરાવતું પહેલું કાવ્ય

• મિશ્રજાતિ •

યુગોજુનાં બંધન સ્નેહનાં એ,
બંધુત્વના સુંદર ગીતનાદે
રાચી રહ્યા માતની ગોદમાં ને
સંગે લીધા શ્વાસ સમાનતાએ.
પવિત્ર ઉચ્ચાર કુરાનના ને
સંગે વહ્યા શ્લોક ગીતાતણા યે,
સુપુષ્ટ હૈયા સહુને જગાડી
બન્યાં હતાં હર્ષિત ઉર્ધ્વગામી.
સ્નેહાર્દ્રભાવો વહી બંધુહૈયે
ભીંજવતા માતની આંખ હર્ષે.
બન્ધો ! વિત્યા કાળની આ કથા જ ?
અને વહ્યાં શોણિતવ્હેણ આજ
વધારતાં અંતર અંતરોનું ?
સહી શકે આ નવ માતૃહૈયું.
ને આગ ઊઠી તવ બંધુદ્વારે
પ્રજ્વળશે ના તવ ધામ ? માને
હશે હવે હર્ષ ફરે વહેતાં
સંતાનનાં શોણિત ? શોકઘેર્યાં
એનાં નહિ લોચન તું નિહાળે ?
ગુમાવશે અમૃત ઝેર સાટે ?

હૈદરઅલી હુસેન જીવાણી

સિંધુ ને સિંધુડો

સિંધુ ઉલ્લાસતો ભરતી એમાં ચઢી
શૈલ ને કાંગરા ભીંજવે એ
મોતીના બિંદુડાં જલફુવારા રચી
વેરતો જ્યાં ન લેખાં થતાં યે.
શૈલ કે કાંગરા રાચતા જ્યાં નથી
દીપવે તેમને ત્યાંય તો એ.
સિંધુડો આત્મસાગરતણો લ્હેરતો
જીવન છો જુદ્ધથી ભાગતું રહે
જીવન કે શૈલ છો વિમુઢતા સેવતાં
સિંધુ ને સિંધુડો લ્હેરતાં રહે.

'લ'



ઉત્તર ભારતનાં કલાકેન્દ્રોના સંપર્ક અર્થે તંત્રીએ કરેલી સંસ્કાર-યાત્રામાં કલકત્તાનું વર્ણન આગળ ચાલુ

હિંદી કળાના આગેવાન વિવેચકોને જો પૂછો કે આજે હિંદી કળાની પ્રગતિના મોખરે નવીનતા કોણ સર્જે રહ્યું છે, તો મોટે ભાગે શ્રી યામિનીકુમાર રાયનું નામ દેવાશે. ગ્રામજનતાનાં કલાસ્વરૂપો અને પ્રકારોને અપનાવી તેના વ્યાકરણ પર સાદા રંગ અને રૂપનાં જોડકણાં યોજનાર આ કળાકારનું નામ હમણાં જ કલાચર્ચામાં દેખાવા લાગ્યું છે; પણ એની વીસ વર્ષની એકાંત તપશ્ચર્યાના પરિણામે એને જે સામાજિક પ્રતિષ્ઠા અને સમૃદ્ધિનો અધિકાર મળવો જોઈએ તેથી તે વંચિત જ રહ્યા છે એમ કહી શકાય. એમનું સરનામું મને શ્રી ગાંગુલીબાબુએ આપ્યું, એટલું જ નહિ પણ મારા વિષે તેમણે પાછળથી એક પરિચયપત્ર પણ પોસ્ટ કરી દીધો હતો.

કલાકાર જમનબાબુ

બાગબઝારના છેવાડે નદીઘાટ આગળથી અમૃતબઝાર પત્રિકાની ઑફિસ સામે અમે પહોંચ્યા ત્યાં જૂનું બંગાળી જીવન જોવા મળ્યું. નદીકાંઠેથી રસ્તાઓ સુધી કાલિ માતાની પૂજાનો સમારંભ ગોઠવાઈ રહ્યો હતો. ભણેલા તેમજ ધંધાર્થી બંગાળી નરનારીઓ ઘાટ પર સ્નાન કરી ગોરોના પૂજાવિધિના કંટકાળામાં ઉમેરો કરતાં જાઆવ કરી રહ્યાં હતાં. તેમને કોઈને પૂછતાં કલાકાર યામિનીબાબુના ઘરનો પત્તો મળ્યો નહિ. એવામાં ખાખી લૂગડાંવાળો એક પોસ્ટમૅન મળ્યો. તેને પૂછતાં ઉમંગથી તેણે કહ્યું: 'હાં હાં, ચલો મેરી સાથ; મેં આપકો જમનબાબુકા ઘર પર લે જાઉં.'




ભારતના કોઠામાંથી ઉત્પન્ન થએલા રંગ અને લાવણ્યરેખાઓમાં નવા જ છંદ અને નવા જ લય સાધતી યામિની બાબુની કલાકૃતિનો નમૂનો.

તેની કામગીરીમાં સંગ આપતા અમે એકબે વચલી ગલીઓ વટાવી પાછળના ગૃહસ્થ લત્તામાં પહોંચ્યા ત્યાં તેણે એક વંડીબંધ નાનું ઘર બતાવ્યું ને કહ્યું: 'વો ખિડકી ખોલ દેના; જમનબાબુ વહાં બેઠે હી હોંગે.'

ખડકી આગળ જઈ અવાજ કર્યો, એટલે તેમણે પોતે જ આવીને બારણું ઉઘાડ્યું અને અંદર નાના ચોકમાં અમને પ્રવેશ કરાવ્યો. નવાબી સમયથી બંગાળી ઘરોમાં સ્ત્રીઓનો પાકો મલાજો પેઠેલો છે, એટલે મુલાકાતે આવનારને ઘરના સ્ત્રીવર્ગનું દર્શન દુર્લભ રહે એવી આ તરફનાં ઘરોની રચના હોય છે. તોપણ જમનબાબુની કલાદૃષ્ટિએ એ ઘરને પણ નવીન રચનાથી એક સુંદર નાનું ચિત્રાલય બનાવી દીધું હતું. પ્રવેશના બારણા પર જ તેમના અનોખા પ્રકારનાં ચિત્રો ઉચિત રીતે ગોઠવેલાં હતાં તેની સચોટ છાપ પડી. પછી અંદર ગલી જેવી ચાલમાં થઈ પોતાની બેઠકમાં તે અમને લઈ ગયા ત્યાં સુધી બંને બાજુની ભીંતો અનેક કૃતિઓથી ભરપૂર કરી મૂકી હતી. તેમના ૧૨'×૮'ના નાનકડા દીવાનખાનામાં બંગાળી રીત મુજબ પાટ અને તકિયાની રચના હતી. ભીંતો ચિત્રોથી ખીચોખીચ ભરી હતી, પણ ગોઠવણીની ખૂબીથી તે દીપતી હતી. અજંતાની કોઈ નાની ઓરડી હોય એમ જ માની લ્યો! માત્ર કલાના સ્વરૂપનો ભેદ એ હતો કે પેલી કોઈ સુવર્ણયુગની સંસ્કારભરી ચમત્કારભરી ચિત્રભાષા છે તો અહીં ગ્રામવાસીઓને પસંદ પડતા ઘેરા રંગો અને જાડી રેખાઓનાં જુદાંજુદાં રંગમંડળોમાં વિવિધ વિધાનો રચેલાં હતાં. બીન અને સારંગીની રાગરાગણીઓની સૂક્ષ્મતા અને વનરાઈમાંના વાયુમાં સૂર પૂરતી વાંસળી કે ગોપની ગીત-સુરાવટમાં ભેદ છે, છતાં બંને કળાના જ પ્રકારો છે. એવો જ અનુભવ શ્રી યામિની રાયની કળામાં થયો.

બાવન જેટલી ઉંમરના એ પીઢ પુરુષના મ્લાન હાસ્યે અમને અંતરનો આવકાર આપ્યો. તેમણે કહ્યું કે 'પ્રથમ તો હું યુરોપી શૈલીનો જ ઉપાસક હતો. જે વખતે અવનીન્દ્રનાથ ટાગોરની શૈલીની બોલબાલા હતી તે વખતે હું શ્રી પર્સી બ્રાઉનના હાથ નીચે પશ્ચિમી ઢબના પોર્ટ્રેટ (તસ્વીરો) અને લૅન્ડસ્કેપ (દૃશ્યચિત્રો) કરી રહ્યો હતો. પણ આજથી વીસ વર્ષ પહેલાં મને લાગ્યું કે આપણા પ્રાંતમાં અને ગામડામાં લોકો જે કળાથી પોતાની રસવૃત્તિનું પોષણ મેળવે છે તે હાથ ન કરી શકાય તો આપણી આ નવી કળાના ગ્રાહકો કે પ્રશંસકો નકલી શિક્ષિતો સિવાય કાંઈ નહિ હોય. ભારતના કોઠામાંથી જે રંગ અને લાવણ્યરેખાઓ ઉત્પન્ન થયાં છે તેની ઊર્મિ અને ક્રિયા સમજી શકાય તો આજે જે ભેદ નવીન શિક્ષિતો અને ગ્રામજનતા વચ્ચે પડ્યો છે તે દૂર થાય અને રાષ્ટ્રીય સંસ્કૃતિ સમથળ બને. પણ આ કળાને કોણ અપનાવે? યુનિવર્સિટીઓ અને કળાશાળાઓના વિરોધ અને બેપરવાઈની હદ નથી. કલકત્તાનાં વર્તમાનપત્રોમાં મારા માટે સ્થાન નથી. કોઈ રંગાખ્યા કલાવિવેચકો કે વિદ્વાન યુરોપિયન



શ્રી જામિનીબાબુ અને તેમનો કલાકાર પુત્ર—ચિત્રોથી ભરચક ભીંતોવાળા તેમના નાના સુંદર દીવાનખાનામાં

પ્રવાસીઓ હિંદની મૌલિક કળા શોધતા આ ગલીમાં આવે છે ત્યારે કોઈ કોઈ ચિત્રનું વેચાણ થાય છે. એ આવકની મર્યાદામાં હું મારૂં જીવન ટકાવી રહ્યો છું. હું ખાત્રીથી કહું છું કે આપણા વિદ્યાર્થીઓ ભારતીય કલાપ્રકારો સદા શીખી શકે છે' તેમણે પોતાના ૧૯ વર્ષના પુત્રનો અમને પરિચય કરાવ્યો. પોતે તેને આર્ટ સ્કૂલમાં મોકલવા સાથે પોતાનો વારસો પણ સોંપ્યો છે.

મામડી ઢબનાં તેમનાં ચિત્રો એકીસાથે જોયા પછી લાગે કે તેમણે તેમાં નવા છંદો અને લય સાધ્યા છે. તેની મૂળ સાહિત્ય-સામગ્રી મંદિરોનાં ચિત્રો, રમકડાં અને જૂનાં ઓળિયાં (પટ) કે ભરતકામોમાંથી તેમણે એકઠી કરી છે. એક તરફ ટાગોર કુટુંબની વિદ્યા અને સંસ્કારસમૃદ્ધિએ પાંગરેલી, અજંતા રજપુત મુઘલ અને ચીન-જાપાનના અપાર વારસાભંડારમાંથી ઉપજાવેલી નૂતન હિંદી ચિત્રશૈલી છે, તો બીજી તરફ આ એકલા કલાવીરે પણ જીવતી ગ્રામ-કળામાંથી સાદી છતાં જોરદાર ભભકદાર ચિત્રપીઠ જમાવી પરાક્રમ કર્યું છે એમાં શંકા નથી. હવે તો તેની પેઢી કેમ વિસ્તરે એ નવા કલાપિપાસુઓ અને ઉપાસકોનું જ કર્તવ્ય રહે છે.

યુરોપની ગાંડી ને ગરબડગોટાળિયા લાગતી પ્રયોગશૈલીઓને અપનાવનારા અને તેની પાછળ દ્રવ્ય તથા સમય વીતાવનારા ઘણા શોખીનો મળે છે, તો આપણા જ દેશની આમ જનતામાં સહજ મૂળ પામેલી ચિત્રશૈલીને વ્યાપક રૂપ કાં ન મળે? આ સાથે આપેલા નમૂનાથી કોઈ ન સમજતા કે એમની આ નવી કળા કોઈ શક્તિના અભાવે જન્મી છે. તેમણે એક નાના ખંડમાં રાખેલા પોતાના પૂર્વકાળનાં દૃશ્યચિત્રો અને તસ્વીરો બતાવ્યાં તે તેમને આધુનિક પ્રકારોમાં ઉચ્ચ સ્થાન અપાવે એવા નમૂના હતા. ઑઇલ પેઇન્ટિંગ અને વૉટર કલરનાં તેમનાં ચિત્રસંયોજનો અનેકવિધ છે. પણ આજે તો કોડિયાં કુલડીઓમાં ગુંદર સાથે સાદી રંગની ભૂકીઓ મિલાવી તેમાંથી ચિત્રો સરજી તેમણે કરોડો મનુષ્યો માટે કળાપ્રકાર સુલભ અને સરળ થાય એવો તોડ કાઢ્યો છે.

એમનાં વચનોમાં નિશ્ચય અને શ્રદ્ધા ખૂબ ભર્યાં હતાં; પણ એમના જીવનકાળમાં જગત એ સમજશે કે નહિ તેની ગ્લાનિ અને નિરાશા પણ હતાં.

મારી સાથેનાં તળપદી ગુજરાતી કળાનાં ચિત્રો જોવા એમણે ઇચ્છા બતાવી તેથી બીજે દિવસે મેં તે જોવા મોકલ્યાં ત્યારે તેમણે ખૂબ હર્ષ બતાવ્યો અને જણાવ્યું કે ભાષા અને મુલકભેદ હોવા છતાં, અંતરના સંસ્કારોમાં તો આખું હિંદુસ્તાન એકનું એક જ છે. ભારતની કળાનો ઉદ્ગાર એક જ પ્રકારના રંગો ને લયમાં વ્યક્ત થઇ રહ્યો છે.

એમના ચિત્રસમૂહનું પ્રદર્શન હિંદનાં વિવિધ નગરોમાં થાય તો તરુણ પેઢીમાં નવી પ્રેરણા અને સંસ્કાર જાગૃત થયા વિના રહેશે નહિ. જમન બાબુનાં ત્યાગ અને સંસિદ્ધિ અમર છે.

ભવાનીપુર ગુજરાતી સંમેલની

● શ્રી ચાંપશીભાઇએ અમારા પરસ્પર મીલન માટે ગુજરાતી સાહિત્યસભાનો સમારંભ યોજ્યો તે વખતે કેટલાક ભવાનીપુરવાસી ગુજરાતી સજ્જનો પણ ત્યાં હાજર હતા, જેઓ વેપારધંધામાં આગળપડતા અગર તો વિવિધ ક્ષેત્રોમાં ઊંચા હોદ્દાઓ પર હતા. તેઓમાંના ઘણા કલકત્તાના એ દૂરના પરામાં રહે છે. તેમને શહેરના આ ભાગમાં કુટુંબ સહિત અવારનવાર આવવાજવાની મુશ્કેલી લાગવાથી તેમણે ભવાનીપુરમાં જ 'ગુજરાતી સંમેલની'ની એક જુદી સંસ્થા જમાવી છે ને ત્યાં વખતોવખત મુલાકાતો તથા સમારંભો યોજવામાં આવે છે. તેમનાંમાંના શ્રી દિવાનજી તથા શ્રી ધોળકિયાએ ઠરાવ્યું કે ત્યાંની યે મુલાકાતનો લાભ મારે લેવો. તે મુજબ ત્યાં પણ એક રાત્રે ગયો. તેમાં જામેલી બહેનો તથા ભાઇઓ અને તરુણોની સારી હાજરીથી પરોણા માટેના તેમના સદ્ભાવ ને આદર દેખાઈ આવતાં હતાં. હું તો કલાયાત્રાએ નીકળેલો, એટલે અહીં મળેલાં ગુજરાતી ભાઇબહેનોને શું કહું તેની મોટી વિમાસણમાં પડ્યો. શ્રી ગગનવિહારી મહેતા અને શ્રી સૌદામિનીબહેન જેવાં સંસ્કારી અગ્રણીઓ જે મંડળમાં હોય ત્યાં મારી વાત ફિક્કી જ પડી જાય તેની મને ખાતરી હતી; છતાં ગુજરાતની લાક્ષણિક સંસ્કૃતિ વિષે થોડુંક મેં કહ્યું અને તેમાંથી રસપ્રદ પ્રશ્નાવલિ ઊભી થઈ તેથી વધુ રસ જામ્યો ને

ગ્રામ જનતાનાં કલાસ્વરૂપો અપનાવીને તેના વ્યાકરણ ઉપર ઘેરા રંગ અને જાડી રેખાઓમાં સાદાં રૂપરંગનાં જોડકણાં યોજનાર યામિનીબાબુની કળાનો બીજો નમૂનો.



ઠીક વખત લીધો. સંમેલન તરફથી દર વરસે નાટ્યપ્રયોગો ગરબા વગેરેના ઉત્સવો પ્રસંગોપાત થાય છે, તેમાં સ્ત્રીઓ પુરુષો ને બાળકો સરખો જ ભાગ લે છે. થોડા વખત પહેલાં સાહિત્યસભા અને સંમેલનીના સભ્યો વચ્ચે ક્રિકેટ મૅચ યોજાઈ હતી અને શ્રી ચાંપશીભાઈ જેવા પણ મેદાને પડ્યા હતા. એ સિવાય આવાં મંડળો ગુજરાતના પરોણાઓને સૌનો પરિચય કરાવી આપવાની સુંદર સેવા બજાવે છે અને પ્રાંતિક અસ્મિતાને પોષી જાગ્રત રાખે છે.

પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય

● ભવાનીપુરમાં મારા ઘણા અંગત સ્નેહીઓ પણ હતા. શ્રી લક્ષ્મીશંકરભાઇ જોષી, શ્રી રામનારાયણભાઈ આચાર્ય, શ્રી મોહનભાઈ પુરોહિત વગેરે કલકત્તાના જૂના જોગી સગા છે; અને શ્રી ચાંપશીભાઈના ભાઈ શ્રી દ્વારકાદાસ પણ ત્યાં જ વસે છે. આ બધાની સહાય ન હોત તો કલકત્તામાં જુદાંજુદાં સ્થળો શોધી કાઢવાં ને વખતસર શરીરયંત્રને પોષણ આપવું મુશ્કેલ પડે એમ હતું. ખાસ કરી કલાકાર પ્રમોદબાબુનું ઘર શોધતાં મને ખરેખરી વીતી. શ્રી રામનારાયણભાઇ આચાર્યના સુપુત્ર હરિભાઇ જે ફિલ્મ ડિરેક્ટર અંબુભાઈ આચાર્યના નાના ભાઈ થાય તે સાથે હતા. તેમને પણ, કલકત્તાના પોતે જાણીતા છતાં, ખૂબ પૃછપરછ કરવી પડી. કોઈ દૂરના અસલ બંગાળી પરામાં રેલવેનો દાદર ઓળંગી અમે તેમનું ઘર શોધી કાઢ્યું. નાગરિક કળાઓમાં ગુજરાતે ઘણો વિકાસ કર્યો છે એમ એ લત્તો જોતાં મને લાગ્યું. શ્રી પ્રમોદબાબુ વડોદરા કલાભવનમાં બે વર્ષ ચિત્રવિદ્યાના આચાર્ય તરીકે કામ કરી ગયા છે. ભાઈ સોમાલાલ શાહ ને કૃષ્ણલાલ ભટ્ટને તેમના પરિચયમાં મૂકવાનું પુણ્ય પણ મારે ભાગે જમા થયું છે, અને તેમણે પણ એ બંને ઉપર સારું ધ્યાન આપી તેમના વિકાસમાં સહાય કરી છે; એટલે તે સ્મરી તેમને મળવું મને આવશ્યક લાગ્યું. પણ કલકત્તામાં એવા મોટા કલાકારો કેટલા યે ખૂણે ખૂણે ગર્ક થઈ ગયા છે. કુટુંબની જંજાળો, જ્ઞાતિના રિવાજો ને સમાજની બેપરવાઇએ પ્રમોદબાબુની કળાને રૂંધી મારી છે. પ્રમોદબાબુએ અમને બારીમાંથી હજામત કરતાંકરતાં જોઈ લીધા કે તરત નીચે આવ્યા. એમણે નીચેનો રૂમ એ લત્તાની એક શાળાને ભાડે આપેલો ત્યાં અમે થોડી વાર બેઠા એટલે તેમણે કપડાં પહેરી લીધાં અને કહ્યું, 'ચાલો મારા સ્ટુડિયોમાં.' સ્ટુડિયો નજીકમાં જ હશે એમ અમે ધારેલું, પણ એ તો બીજા એટલા જ અંતરે એક ત્રીજે ખૂણે નીકળ્યો! ટ્રામની લાંબી મુસાફરી કરી ત્યાં પહોંચ્યા. લત્તેલત્તે દુર્ગાપૂજાનો સમારંભ જામ્યો હતો. માતાજીની મોટીમોટી કલાત્મક મૂર્તિઓ મંડપમાં પધરાવી તેની શોભા અને પૂજામાં ગરીબો તેમજ શ્રીમંતો એકસરખાં ગુલતાન હતાં. એવા એક લત્તાને છેડે તેમણે એક મકાનમાં અમને પ્રવેશ કરાવ્યો. ચાવીથી બારણાં ઉઘાડ્યાં તો ચણતાં અધૂરું રહેલું, વરસાદના ચૂવા થએલું, ફાટો પડેલી ભીંતોવાળું એવું એક મકાન જણાયું. કળાકારને કોઈ વિચિત્ર ઈજનેર મળેલો તેણે ઉપર બને એટલા લોખંડના પાટા ચડાવેલા. પરસાળમાં કાચની બારીઓ જડેલી તેના કાચ પણ ફૂટી ગએલા. પણ વધુ ખરાબ દશા તો અંદરનાં ચિત્રોની હતી. ભેજ અને ફૂગ ચારે તરફ તેની પાંચમા કતારનું કામ કરી રહ્યાં હતાં. હિમાલયનો પ્રવાસ કરી આવેલા આ અવધૂત કલાકારને તે ઉપર પણ બેપરવાઇથી હસતા જોઇ નવાઇ લાગી. તેમનાં ઘણાં સારાં ચિત્રો હજુ પ્રકટ થયાં નથી. પોતાના સંગ્રહો આમતેમ પડેલા તેમાંથી એમણે સ્વ. ગગનેન્દ્રનાથ ટાગોરે એમને ભેટ આપેલાં છ ક્યૂબિસ્ટ ચિત્રો (અનેકખંડી કલા) બતાવ્યાં ત્યારે અમારો આંટો સફળ થએલો લાગ્યો. આ ચિત્રો શ્રી ગગનબાબુને દુનિયાના ઉસ્તાદોની હારમાં મૂકે એવા પ્રબલ ગુણવાળાં હતાં. આનંદ અને શોક મિશ્રિત લાગણીઓ વચ્ચે અમારે જલદી આ અનાદરભર્યા વાતાવરણમાંથી ઊઠવું પડ્યું. પોતાના કરતાં પોતાના શિષ્યો વધુ આશાગસંપન્ન અને સ્વસ્થ છે એટલું અમારી પાસેથી જાણી પ્રમોદબાબુએ સંતોષ માન્યો.

ફાઈન આર્ટ સેન્ટર

● કલકત્તાની પ્રવૃત્તિઓનો બધો વિસ્તાર નીરખવાનું તો લગભગ અશક્ય હતું. યુરોપી ઢબે ચિત્રકળા કરી રહેલા સમર્થ ચિત્રકારો ત્યાં છે. કલકત્તાના નિવૃત્ત થએલા પ્રિન્સિપાલ શ્રી પર્સી બ્રાઉન વિક્ટોરિયા આલ્બર્ટ મ્યૂઝિયમના ક્યુરેટર છે. તેમના જ વખતના વાઈસ પ્રિન્સિપાલ શ્રી જામિનીપ્રસાદ ગાંગુલી પણ નિવૃત થવા છતાં હિમાલય અને ગંગાના દૃશ્યો ચીતર્યા જ કરે છે. તેમનું શિષ્યવૃંદ પણ મોટું છે. એમાંના કેટલાકે 'ફાઇન આર્ટ સેન્ટર' કરીને એક મંડળ સ્થાપ્યું છે. તેમાં કલાકારોનો સંપર્ક, ચિત્રાલય, સ્કેચિંગ કલબ, શિક્ષણવર્ગો અને વ્યાખ્યાનોની યોજના છે. મેં આ કેન્દ્રની મુલાકાત લીધી તે વખતે કમનસીબે મુખ્ય વ્યક્તિઓ હાજર ન હતી, પણ કલાકાર દિલીપ દાસગુપ્તાએ ત્યાં મલાયાના પ્રવાસનાં પોતાનાં ચિત્રોનું પ્રદર્શન ભર્યું હતું તે જોવા મળ્યું. ચૌરંઘી જેવા આલીશાન લત્તામાં આ સંસ્થા બેત્રણ સારા વિશાળ ખંડ રોકે છે તે પરથી તેની વગનો ખ્યાલ આવશે. વિશેષ સમયના અભાવે કલકત્તા કૉર્પોરેશન મારફત ચિત્રપરિચય દ્વારા શિક્ષણ આપવાનો કાર્યક્રમ રચનાર શ્રી અમલ હોમને પણ હું ન મળી શક્યો. પૂજાના તહેવારે અનેક જણને વિશ્રાન્તિ કે વિહાર માટે તેમના સ્થાન બહાર મોકલી દીધા હતા.

'મૉડર્ન રિવ્યુ' અને 'વિશાલ ભારત'

● છતાં પત્રકારોને ભાગ્યે જ તહેવારો હોય છે. ટેલીફોન પર ખબર કાઢતાં 'વિશાલ ભારત'ના તંત્રી શ્રી શ્રીરામ શર્માનો ટહુકાભર્યો આવકાર મળ્યો એટલે ત્યાં સવારી ઊપડી! કલકત્તાનાં લાંબા અંતરો પર મુલાકાત બહુ આકરી તો પડે, પણ કોઇકોઈવાર ત્યાં વાહનોની સગવડ સારી મળે છે. ત્યાંની ટ્રામ કદમાં નાની છતાં પંખા ને ગાદીઓની સગવડવાળી હોઇ ગમે તેટલા અંતરનો કંટાળો મટાડી દે એવી છે. પણ 'વિશાલ ભારત' જતી વેળા ભાઇ નવીન ગાંધી બિરલા શેઠની મોટર ખેંચી લાવેલા તેનો લાભ મળ્યો. પેટ્રોલની કડકાઇએ મારા ઘણા યજમાનોને દુઃખી કર્યા હશે; પણ આજે તો ભારતના કુબેરરાજને ઘેર ઘસારો પહોંચવાનો હતો. 'વિશાલ ભારત'ની ઑફિસે આસાનીથી પહોંચી ગયા અને ત્યાં અસલ ભૈયા સ્વરૂપ, બેઠી બાંધણીના સફાચટ મસ્તક છતાં સીનાદાર મોં અને વળદાર મૂછોવાળા શ્રીરામ શર્માનાં દર્શન થયાં.

શ્રીરામ શર્માજી

● એમની સાથે પત્રપરિચય તો બહુ લાંબા વખતનો હતો, પણ આજે તેમને પ્રત્યક્ષ મળ્યા ત્યારે એ કેવા સરળ, સાફસાફ બોલનારા ઉત્સાહી નરવીર છે તેનો ખ્યાલ મળ્યો. એક મોટા ડાઇનિંગ ટેબલની ચારેપાસ તેઓ અને તેમનું મદદનીશ મંડળ એકજ ખંડમાં સાથે કામ કરે છે. તે બધાની તેમણે પિછાન કરાવી. જુસ્સાભરી તીખી હિંદી પર તે પ્રભુત્વ ધરાવે છે. કોઇપણ પ્રસંગે યુદ્ધતત્પર લાગે છે. મૂળ તો તે અવ્વલ નંબરના શિકારી છે. શિકારની તેમની જાતઅનુભવની વાતો ખૂબ પ્રસિદ્ધ થઈ છે અને 'કુમાર'ને પણ તેની ખૂબ પ્રસાદી મળી છે. બ્રાહ્મણ શરીર છતાં શિકારની કામગરીમાં તેમને અનહદ રસ છે. ચુસ્ત ખાદીધારી, નિયમિત કાંતનાર, પૂ. બાપુજીના અનન્ય ભક્ત, કદી જીભથી આમિષ સ્વાદ નહિ લીધેલો એવા છતાં, કહેતા હતા કે 'હાથમાં બંદૂક પકડતાં હું બદલાઇ જાઉં છું.' એમની



ડાબી બાજુથી : શ્રી રવિશંકર રાવળ, 'વિશાલ ભારત'ના સંપાદક શ્રી શ્રીરામ શર્મા, 'મૉડર્ન રિવ્યૂ'ના સંચાલક શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયના બીજા પુત્ર શ્રી કેદારનાથ ચટ્ટોપાધ્યાય

વાતોનો પાર જ ન આવે. દલીલો પર દલીલો કરી તેમનો મત ચલાવ્યે રાખે. મારા પ્રવાસનો હેતુ તેમને સમજાવ્યો એટલે બહુ ઉત્સાહિત થઈ ગયા અને યુ. પી. માં મને બધે ઊતરવાની સગવડ છે યા નહિ તે પૂછી લીધું. બધે સગવડ હતી. અલાહાબાદમાં પિછાન નહોતી, એટલે તેમણે કહ્યું કે હું ત્યાંની ગોઠવણ કરી આપીશ. અને મને પાછળથી તેમની ચિઠ્ઠીએ સરસ સગવડ કરી આપી. શ્રીરામ શર્માજી પંદર દિવસ જ કલકત્તામાં રહે છે. પંદર દિવસ તેમની આગ્રા સુધીની રખડપટ્ટી જ હોય છે. આગ્રામાં તેમનું ઘર છે, પણ હિંદી ભાષાની સેવા ખાતર જ 'વિશાલ ભારત'નું તંત્રીપદ સંભાળે છે. તેમનું મિત્રમંડળ બહુ વિશાળ છે. ગામેગામ તેમનાં થાણાં છે. રાજદ્વારી વિષયમાં તેમનો જુસ્સો જુદો જ છે. યુ.પી. માં કૉંગ્રેસ કારભાર હતો ત્યારે તેઓ ગ્રામોદ્ધાર વિભાગમાં અધિકારપદે હતા, પણ જરા સિદ્ધાન્તને પ્રતિકૂળ કંઈ લાગ્યું કે છૂટા થઈ ગયા. તેમનું વાચન વિશાળ છે. શોખમાં શિકાર, મલ્લવિદ્યા, પશુસાંગોપત, ગ્રામસુધારા વગેરે છે. હમણાં જ તેમણે પશુધન ઉપર બહુ વિગતપૂર્ણ લેખો 'વિશાલ ભારત'માં લખ્યા છે પૂ. બાપુજીની નિકટમાં રહી તેમના દિનચર્યા ને સિદ્ધાન્તો ઉપર માર્મિક વિવેચન કર્યું છે. શ્રી અમૃતલાલ વ. પંડ્યાનો 'સોમનાથનાં ખંડેર' ઉપરનો એક લેખ 'મૉડર્ન રિવ્યુ'માં પ્રકટ કરવાની ઈચ્છાથી હું લઈ ગએલો તેની મેં તેમને વાત કરી, એટલે કહે 'ચાલોને, તમે જ કેદારબાબુને રૂબરૂ મળી વાત કરો. બાજુના જ ખંડમાં તેઓ બેસે છે.

કેદારબાબુ

● કેદારબાબુ શ્રી રામાનંદ ચૅટરજીના બીજા સુપુત્ર થાય. બંગાળની ઘણી પ્રવૃત્તિઓમાં તે અગ્રનાયક છે, છતાં 'મૉડર્ન રિવ્યુ'નું સંચાલન સંભાળી રહ્યા છે. તેમને મળ્યા એટલે પ્રથમ તો મને કોઈ સામાજિક કે રાજદ્વારી પ્રતિનિધિ સમજી બંગાળનાં ગામડાંના ધંધા કેમ તૂટી ગયા તેના પર મને ગરમ આલોચના સંભળાવી. મેં ધીરજ રાખી સાંભળ્યા પછી કહ્યું કે હું તો કલાનો એક સામાન્ય સેવક છું અને મારૂં પર્યટન જુદા આશય પર છે. સંપર્ક, સદ્ભાવ અને સંસ્કૃતિનો સમન્વય સાધવો એ જ મારૂં ધ્યેય હતું અને તે દ્વારા કેવી રીતે દેશના ખૂણાઓ સુધી કાર્યક્ષેત્ર વિસ્તારી શકાય તેની મેં એક ટૂંકી રૂપરેખા તેમની આગળ રજૂ કરી ત્યારે તેમનું વલણ બદલાઈ ગયું અને સ્મિતપૂર્વક વાર્તાલાપ થવા દીધો. પછી મેં ભાઈશ્રી પંડ્યાનો લેખ સોંપ્યો. એ ઘણા આદર અને વિસ્તારપૂર્વક તેમણે ગયા જાન્યુઆરીમાં જ પ્રકટ કરી પોતાની સહૃદયતાની ખાત્રી કરી આપી છે. એમની સાથે ટૂંકે પતાવી અમે બહાર નીકળ્યા ત્યાં બારણા પાસે જ ચિ. નરેન્દ્રે અમારી ત્રણેની છબી લીધી. તે જોઈ શર્માજી કહે 'અરે તમારી બેની વચ્ચે હું તો ભજિયું (sandwitched) થઈ ગયો છું!'

શર્માજીના કમરામાં પાછા આવ્યા ત્યાં તેમના શાગિર્દોએ અમારા માટે ઉપાહારની રકાબીઓ તૈયાર રાખેલી. અરે ભગવાન! મહેમાનોને કારીકાર રસગુલ્લાં ધરવામાં આવે એવી ગોઠવણ તો તેં કરી, પણ સાથે ક્ષુધા અને પાચનની બક્ષિશ જરા ય ન કરી. સારૂં હતું કે ભાઈ વ્રજલાલ ત્રિવેદી સાથે હતા તે વખતોવખત અમારી આબરૂ સાચવતા તેમજ યજમાનોને નિરાશ થવા ન દેતા! શર્માજી જરા બીમાર હતા છતાં એ બેત્રણ કલાકની ઊછળતી વાતચીત અને ઉમળકો ન ભુલાય એવાં બન્યા.

ડૉ. અનંત પંડ્યા

● અમે કલકત્તા ગયા તેના બીજા દિવસે સૂર્યગ્રહણ હતું. એવે દિવસે દરિયામાં અચાનક ભરતી ઉત્પન્ન થઈ એક મોટા ધસારા સાથે પાણીના ઊંચાં મોજાં હુગલી નદીમાં પેસે છે ને એ દૃશ્ય કુદરતનો એક અજબ ચમત્કાર લાગે છે. અમને તે બતાવવાના લોભે શ્રી વ્રજલાલ ઉપાધ્યાય કોઈ મિત્ર પાસેથી પેટ્રોલની પૂરી ગોઠવણ કરી મોટર લાવેલા. બરોબર નવ વાગ્યે સામે પાર બૉટનિકલ ગાર્ડનના અમુક ઘાટ આગળ પહોંચવા માટે રોકાયા વિના ધસ્યા. તે દિવસે નદીસ્નાન કરવા ચાલી નીકળેલો માનવસમુદાય પણ મને ઓછો ચમત્કારિક ન લાગ્યો. હાવરાનો પૂલ બે જ મિનિટમાં પાર થઈ શકે ત્યાં અરધો કલાક લાગ્યો. સીબપુરના એ ભાગમાં પ્રવેશતાં જ એન્જીનીઅરિંગ કૉલેજનું પાટિયું વાંચ્યું, અને તેના પ્રિન્સિપાલ આપણા ડૉ. અન્તુભાઈ પંડ્યા છે એની સ્મૃતિ થઈ આવી. પણ અમને તો પૂરના ઘોડા જોવાની તમન્ના હતી, એટલે રોકાયા વિના ઘાટ પર પહોંચ્યા. ઘણા લોકો એ દૃશ્ય જોવા ટાંપી બેઠા હતા. 'હમણાં જોજોને, દરિયા તરફથી ઊંચાં ઊંચાં દીવાલ જેવડાં મોજાં ચડશે. જુઓજુઓ, હોડીઓ ને સ્ટીમરો કિનારા પાસે ભરાઈ ગઈ. બસ, ટાઈમ ભરાઈ ગયો છે.' પણ બેચાર હિલોળા મારી પાણી કેટલાંક પગથિયાં ચડી આવ્યું તે સિવાય કશું બન્યું નહિ અને અમે એક કલાકની હવા ખાઈ નિરાશ મને પાછા વળ્યા, તેમજ ડૉ. પંડ્યા સાથે એકાદ કલાક વધુ ગાળત તે પણ ગુમાવ્યો. છતાં તે સ્વજન જેવા હતા એટલે તેમના બંગલા પર ગયા. મારૂં વિઝિટિંગકાર્ડ ગયું કે તરત તે દાદરે લેવા આવ્યા અને ચિરપરિચિત સાદે 'રવિભાઈ, આવો આવો' કરી સૌને મળ્યા. ડૉ. પંડ્યા ગુજરાતનું એક તેજસ્વી રત્ન છે. અને 'કુમાર' તો તેને ન જ વીસરી શકે. પોતાના બાલ્યકાળમાં 'કુમાર'ને હસ્તલિખિત માસિકનું રૂપ આપનાર ગુજરાતી કુમાર તે જ હતા, ને પછી પણ કેટલાક લેખો તથા વાર્તાઓનો અને અમેરિકાથી લખેલા પત્રોનો સારો ફાળો પણ તેમણે આપ્યો છે.



ડૉ. અનંત પંડ્યા

હિંદમાં મળતી નવી કેળવણીપદ્ધતિનો તે પૂરો લાભ પામ્યા છે અને ભાવનગરને તેના જન્મસ્થાન તરીકે કીર્તિ અપાવી છે. બંગાળની કેટલી યે એન્જીનીયરિંગ કૉલેજોના તે અધિષ્ઠાતા છે અને ગવર્નરથી લગભગ બીજા નંબરનો જ અધિકાર તે ભોગવે છે. તેના પદની ઉપયોગિતા અને મહત્ત્વ એટલું બધું છે કે એ જગ્યાની લાયકાત ધરાવતી વ્યક્તિ હિંદમાં ન મળતાં લંડનની એક પેઢીમાં શ્રી અન્તુભાઈ હતા

ત્યાંથી તેમને અહીં ખેંચી લાવવામાં આવ્યા છે અને પહેલી જ વાર એક હિંદી જન—એક ગુજરાતી યુવાન એ પદને શોભાવે છે. કૉલેજમાં અનેક પીઢ એન્જીનીઅરો શીખવા આવે છે. બેચાર યુરોપિયન અધ્યાપકો તેમના હાથ નીચે છે અને તેમનાં શક્તિ તથા શિક્ષણ આજે બહુ પ્રશંસાપાત્ર બન્યાં છે. હમણાં જ વડોદરામાં અખિલ-હિંદ વિજ્ઞાન પરિષદ મળી ત્યારે તેના એન્જીનીઅરિંગ વિભાગના તે પ્રમુખ ચૂંટાયા હતા અને ઉદ્યોગમય કેળવણીના મુદ્દાઓ પર બહુ ઉપયુક્ત ભાષણ તેમણે આપ્યું હતું. પરિતાપ એટલો જ છે કે વડોદરાની એ પરિષદનો વ્યવહાર અંગ્રેજી ભાષામાં થયો હતો અને જે પ્રાંતમાં તે મળી તેના પ્રજાજનો તેના મહત્વથી અજાણ રહ્યાં છે.

ડૉ. પંડ્યાએ એક બીજે દિવસ તેમની સાથે રહેવા આગ્રહ કર્યો તે મારાથી નકારાય એમ નહોતું. એમને પારણામાં જોએલા, કૉલેજની પરીક્ષાઓ પસાર કરતા જોએલા, મારા ઘરના પાટલા પર અને કુમાર કાર્યાલયના બાંકડા પર વાતો કરતા જોએલા; અને છેવટ આ ઉચ્ચ પદવી પર યશસ્વી કારકિર્દિ ભોગવતા જોઈ મેં આનંદ અનુભવ્યો. એમની સાથેનો સમાગમ મને ભૂતકાળમાંથી તાદૃશ ને સત્ય વર્તમાન કાળનું ભાન કરાવતો હતો. ભાવિના વિધાતાઓનું સ્થાન લેવા યોગ્ય તરુણો આપણે શોધીશું ત્યારે શ્રી અનુભાઈ જેવા ઉપર આપણી નજર જરૂર જશે. એ તરુણ અને સશક્ત, તેજસ્વી અને ઉદ્દામ છતાં અધિકાર પરત્વે વિચારગંભીર, યોજકવૃત્તિ અને અભ્યાસપરાયણ માનસવાળા તથા કર્તવ્યતત્પર છે. ઘર, અધિકાર, વ્યવહાર, રાજકારણ, ધર્મ, કેળવણી, દરેક વિષય પર તે પોતાના પ્રવાસના, અભ્યાસના અને અનુભવોના આધારે બહુ ચોક્કસ વિચારો ધરાવે છે. તેની ફુરસદની એકેએક પળ કોઈ સદુદ્યોગમાં વીતાવે છે એટલે બહારની મિજલસો અને બેઠકોમાં તેની હાજરી જવલ્લે જ હોય છે. આથી કલકત્તાના સમાજમાં એનો પરિચય ઓછો છે. પણ એની ક્રિયાશક્તિ મહાન છે. એણે મને વાતવાતમાં એક હકીકત જણાવી તે હું વખતોવખત આપણા તરુણો આગળ મૂકવા ચાહું છું. તે એ કે આજકાલના વિદ્યાર્થીઓ વિનયરહિત કેમ હોય છે? યૂરોપ કે અમેરિકામાં કોઈ પણ તરુણ કે વિદ્યાર્થી વડીલ કે અધ્યાપકને મળતાં પહેલાં ટોપી ઉતારી વિનય બતાવે છે અને આપણા આ નકલિયા સુધારકો હિંદની જૂની રૂઢિ નમસ્કાર કરવાની પણ ભૂલી ગયા છે. આથી તેઓ કેવા તોછડા અને ઉછૃંખલ દેખાય છે! આવા સાદા વિનયમાત્રથી સમાજ શોભે છે. એટલું જ નહિ પણ સામાસામાં સ્મિતથી સરળતાનું જે વાતાવરણ બંધાય છે તેને લીધે વ્યવહારમાં સુખ આવે છે. અમેરિકાની ઊંચામાં ઊંચી ડિગ્રી અને હિંદનો અતિ ઉચ્ચ અધિકાર ભોગવતા એક તરુણ પાસેથી આ અભિપ્રાય મળતાં તેનો પ્રચાર કરવાનું મને પણ યોગ્ય લાગ્યું છે.

ગુજરાતી સમાજના નાટ્યપ્રયોગો

● કલકત્તાનાં મારાં સંસ્મરણોનો લખ્યે પાર આવે તેમ નથી. પણ જતાંજતાં છેલ્લે દિવસે ગુજરાત સંમેલની તરફથી ઍમૅટર નાટ્યપ્રયોગોનું રીહર્સલ જોવાની તક મળી ન હોત તો ત્યાંના ગુજરાતી સમાજમાં જે ઝળકતા નાટ્યકલાધરો છે તેનો સાચો પરિચય વર્ણનથી ન જ પામત. મોટા હોદ્દા અને ધંધા ધરાવતા બુઝર્ગો ને યુવાનોએ ખૂબ રસ લઈ કેટલાક નાટ્યપ્રયોગો કર્યા હતા. બહેનોએ પણ મિસિસ ગાંધીની દેખરેખ નીચે કેટલાક સંવાદો તૈયાર કર્યા હતા. એ જોઈ મારી ખાત્રી થઈ કે આપણો નારીસમાજ ગમે તે સ્થળે યોગ્ય તક મળતાં પોતાની શક્તિનો સુંદર પરચો આપી શકે છે. અભિનયોમાં તેમનાં સૂક્ષ્મ મનોવિશ્લેષણો અને ચેષ્ટાઓ કળાના નમૂના રૂપ હતાં.

પુરુષ પાત્રોમાં ચાંપશીભાઈના લઘુ બંધુ ભાઈશ્રી દ્વારકાદાસને પારસી પાત્ર અસલી ભાષા અને ધામધૂમથી ભજવતા જુઓ તો ખબર ન પડે કે તે શીખેલી ભાષા બોલે છે કે બચપણની ભાષા બોલે છે. બધી કાર્યવહી પાછળ ચાંપશીભાઇનું ડિરેક્શન કેટલું કામ કરે છે તે પણ મેં પાસે બેસીને પરખ્યું. એકે એક જણ ચાંપશીભાઈના અભિપ્રાય પર ઇંતેજારીથી ધ્યાન આપતો ને પોતાનું કામ સુધારતો. ચાંપશીભાઈ દરેક પ્રયોગ ઉપર જે નોંધ અને દોષદર્શન કરાવતા તે તેમને એક નવા જ પ્રકારના કલાભક્ત તરીકે સિદ્ધ કરે એવાં હતાં. મને બહુ દિલગીરી થઈ કે આવા ઉત્સુક સમાજનો વિશેષ ગાઢ સંપર્ક મેળવવાની તક હું ન લઈ શક્યો. પ્રત્યેક પ્રસંગે મેં સદ્ભાવ અને આદરના ફુવારા અનુભવ્યા.

શેઠ મફતલાલભાઈની મિલના મૅનેજર શ્રીમાન માણેકલાલભાઈ વસા જેવાએ એક મિત્રના સહેજ પત્રસૂચનથી મારા પ્રતિ ન વિસરાય એવી કાળજી બતાવી અને શ્રી ગાંગુલીના ઘરની સામે જ આવેલા તેમના ઘેર હું શ્રી ગાંગુલી સાથે મીજમાન થયો તે દિવસે શ્રી અને સરસ્વતીનો મિલાપ કરાવવાની મને સુંદર તક મળી. શ્રી ગાંગુલી પણ તેમના પરોણા પહેલી જ વાર બન્યા હતા. આ ઉપરાંત જુદે જુદે અનેક સ્થળે અને વિવિધ મંડળોમાં મુલાકાતો, વાર્તાલાપો અને પ્રશ્નોત્તરોની બેઠકો થઈ હતી. બેન્ગાલ કંપની વાળા રસિકભાઈ, રમણિક પંડ્યા, ખરવર કં. શેઠ ચીનુભાઈ ચુનીલાલની પેઢીના અમારા સંબંધીજન શ્રી દયાશંકરભાઇ, જાદવજીભાઇ મેવાવાળા અને મનસુખભાઈનું મિત્રમંડળ એ બધાના ઉપક્રમથી નાનાંનાનાં વિવિધ મંડળોમાં કલા તેમજ સંસ્કાર પ્રચારને લગતા વાર્તાલાપો યોજાયા હતા. તેની સવિસ્તર વિગતો તો સ્મૃતિ બહાર ગઈ છે. પણ બધે સ્થળે તરુણ દંપતીઓ, યુવાનો અને પ્રૌઢો બધા જ સાંસ્કૃતિક જીવનમાં ખૂબ રસ લેતા લાગ્યા. એ સમાગમમાં એ બધાએ બતાવેલી લાગણીએ મારા જેવા અદના પ્રવાસીને આભારવશ બનાવી મૂક્યો હતો. ગુજરાતી શાળાના સંચાલકો, શિક્ષકો અને શિક્ષિકાઓ વતનના કલાકારને સન્માને એ પણ સુંદર અનુભવ હતો. અને શ્રી ચાંપશીભાઈનાં પત્નીની અથાગ તકલિફોની કદર તો કલમથી થઈ શકે તેમ નથી. એથી જ કલકત્તા તા. ૨૯મીએ છોડ્યું એ ઘણું વસમું લાગ્યું,—સૌથી વધુ તો હું અને ચાંપશીભાઈ છૂટા પડ્યા ત્યારે. (ચાલુ)

અજન્તા ચિત્રાવલિ

● લહેરિયા સરાઈ (બિહાર)ની 'પુસ્તકભંડાર' નામની પ્રકાશકસંસ્થાએ બત્રીસ બત્રીસ પાનાંની 'કુમાર' જેવડા જ કદની આ નામની ચિત્રાવલિના છ ભાગ માત્ર દોઢ રૂપિયામાં આપીને વિદ્યાર્થી જનતા પર એક ઉપકાર કર્યો છે. તેના સંયોજક શ્રી ઉપેન્દ્રકિશોર મહારથી બિહાર પ્રાન્તના એક જાણીતા તરુણ કલાકાર છે. ચિત્રાવલિ સાથે અજન્તાનું નામ યોજી ભારતીય કલાની સર્વશ્રેષ્ઠ આદર્શ કૃતિઓની સ્મૃતિ બાળકોનાં કોમળ હૃદય પર પહોંચાડવાનો ઉદ્દેશ પ્રયોજકે રાખ્યો છે. આ સુંદર ભાવનામાટે તેમને ઉચિત અભિનંદન ઘટે છે. એકાંતિક અભ્યાસીને ઘણી રીતે આ સસ્તી પુસ્તિકાઓ ઉપયોગી થાય તેમ છે; પરંતુ 'અજન્તા' નામથી કોઈ ન માની લે કે તેમાં અજન્તાની શૈલી પર શિક્ષાક્રમ યોજવામાં આવ્યો હશે. તેના છેલ્લા ભાગમાં માત્ર હાથનાં કેટલાંક આલેખનો તેમજ પુષ્પગુચ્છો અજન્તાનાં વિવિધ પ્રકાશનોમાંથી સંચિત કરવામાં આવ્યાં છે. તે ક્યાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યાં છે તેનો ઉલ્લેખ થયો હોત તો બાળકોને તે ગ્રંથો તેમજ આકારના હેતુનો પરિચય લાભકારક બની શકત. શાળાઓના પ્રાથમિક અભ્યાસક્રમમાં ઉપયોગી થાય એવું ઘણું તત્ત્વ આ પુસ્તિકામાં દેખાય છે; છતાં

મારી નજરે (ર.મ.રાવળ)

ચિત્રપ્રથામાં લાક્ષણિક હિંદી પ્રકારો આવી માળામાં યે લેવામાં નથી આવ્યા એ આશ્ચર્ય છે. સરળ રીત માટે કેટલાક જાપાની પ્રકારો અને અંગ્રેજી પ્રકારોનો પરિચય આપ્યો છે. નૈસર્ગિક ચિત્રણાના નિયમો ઉપર વિશેષ રચનાઓ બનાવવી ઘટે છે. વળી પદાર્થો, સ્થાપત્યો અને પુષ્પોનાં નામો તથા પરિચય મૂકવાથી ચિત્રકળાને શિક્ષણ-સહાયક બનાવી શકાય તે વાત પણ ભૂલવી ન જોઇએ. પટણાનો ધાન્યભંડાર અને અશોકનો સ્તંભ એક જ પાના ઉપર છે, પણ તેનાં નામ અને સ્થાન બતાવ્યા સિવાય ચિત્ર તરફ આકર્ષણ કે રસ ન ઉપજાવી શકાય. લેખકે યથાદર્શન (પર્સ્પેક્ટિવ)ના પાઠો યોજવામાં વધુ વ્યવહારુ શૈલી બતાવવી જોઈતી હતી. એકબે ઠેકાણે નિયમ દર્શાવતાં eye level (ક્ષિતિજરેખા)બતાવવામાં ભૂલ કરેલી છે તે તરફ ધ્યાન ખેંચીએ છીએ.

મહારથીજી એક ઉત્સાહી અને ભાવુક કલાકાર છે, એટલે ભારતીય અલંકારો આકૃતિઓ અને ચિત્રશાસ્ત્રનો વશેષ અભ્યાસ અને સંશોધન કરી તે ચિત્રશિક્ષણના કાર્યને વધુ વેગ આપી શકે એવી અમારી દૃઢ શ્રદ્ધા છે. હવે પછીની આવૃત્તિઓમાં પદાર્થોના પરિચય આપવાની વાત સ્વીકારશે તો જરૂર આ પુસ્તિકાઓ વિશેષ શિક્ષણ-સહાયક બનશે. જરૂર લાગે ત્યાં ગ્રંથો અને સ્થાનોનો ઉલ્લેખ કરવો જોઇએ. એકંદર હાલ છે તે જ રૂપમાં પણ વિદ્યાર્થી પાસે આ પુસ્તિકાઓ પડી હશે તો તેના હાથ અને આંખને ચિત્રપ્રયોગો કરવાની તક આપોઆપ મળી રહેશે.

આધુનિક ગુજરાતના બ્રહ્મર્ષિ
સ્વ. આચાર્ય આનંદશંકરભાઈ

● ગઈ તા. ૭મી (એપ્રિલ)ના રોજ એમનો પરલોકવાસ થતાં ગુજરાતને વિદ્વત્તા, સંસ્કારિતા અને ગૌરવનું એક મહાપદ ગુમાવ્યા જેટલી ખોટ પડી છે અને એ પૂરાશે કે નહિ તે શંકાસ્પદ છે. વિદ્યા અને સૌજન્યના સાક્ષાત આવતાર સમા ધ્રુવસાહેબની દીક્ષા પામેલા અનેક વિદ્વાનો અને સ્નાતકોથી હિંદુસ્તાનભરમાં તેમનું ઋણ પથરાઇ રહ્યું છે. અમદાવાદ કે મુંબાઈમાં જેમની સાચી કદર કરવાની શક્તિ નહોતી એવા ધ્રુવસાહેબને ગાંધીજીએ નિમિષમાત્રમાં અપનાવ્યા અને મહામના માલવીયજીને હાથે ગુજરાતના એ મહામૂલા રત્નને યોગ્ય બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયના આચાર્ય અને કુલનાયક(પ્રો વાઇસ ચાન્સેલર) પદે એની પ્રતિષ્ઠા કરાવી ત્યારે જ એની તેજસ્વિતાની વિશ્વના વિદ્યાજગતને જાણ થઈ. એમના વિદ્યાર્થીપ્રેમ, સ્વધર્મનિષ્ઠા, દેશભક્તિ ને સંસ્કૃતિ-પરાયણતાનાં અનેક દૃષ્ટાંતો ને અનુભવો એમનો પરિચય પામનારાઓને મળ્યાં છે. વ્યાપક વાત્સલ્ય અને ધ્યેયનિષ્ઠ અભ્યાસપરાયણતાનો એવો યોગ વિરલ વ્યક્તિઓમાં હશે. એ તો બ્રહ્મવિદ્યાના સાચા ઉપાસક અને જ્ઞાતા હતા, એટલે પરમ પદમાં જ સ્થિર થયા, પણ ગુજરાતને એમની ખોટ વિસારે નહિ પડે.



—(બ્લૉક : ગુજરાત સમાચારના સૌજન્યથી)—

મોતીભાઈ અમીન–સ્મારક ગ્રંથ

● સેવા, જનહિત ને જ્ઞાનપ્રચારની પરબો બાંધી જનાર, નવ ગુજરાતના આદ્ય ઘડવૈયા મોતીભાઇ અમીનના જીવન અને કાર્ય વિષે, (એ જ નામનો) એક અતિ બોધપ્રદ, પ્રેરક અને રસભર્યો ગ્રંથ શ્રી મોતીભાઈ અમીન સ્મારક સમિતિ–આણંદ તરફથી સાડા ત્રણ રૂપિયાની કિંમતે બહાર પડ્યો છે. એના સંપાદક શ્રી પુરુષોત્તમભાઇ શાહે એ જીવનવૃત્તાંત દ્વારા એમના જીવનની અનેક બાબતો ખરેખરા રૂપમાં છતાં દર્દ અને ભાવના જગાડતી કરીને મૂકી છે. એકેએક સંસ્થા તથા પુસ્તકાલય આ ગ્રંથ વસાવી તેના વાચનનો લાભ પ્રત્યેક વિદ્યાર્થી અને ગૃહસ્થને પહોંચાડે એવી અમારી ભલામણ છે. ર. મ. રા.

રાષ્ટ્રઘડતરની એક આવશ્યક પ્રવૃત્તિ

ગ્રીષ્મ વ્યાયામવર્ગ

ઉનાળાની, સામાન્ય રીતે નિરર્થક જતી રજાનો સદુપયોગ કરી યુવાનોના જીવનને યોગ્ય માર્ગ આપવા તથા તેમનાં શરીરધનને સંરક્ષવા ને પોષવાના ઉદ્દેશથી, દર ઉનાળામાં ચલાવવામાં આવતા ગ્રીષ્મ વ્યાયામ વર્ગો આ વર્ષે પણ જુદાજુદા સ્થળે ચાલવાના છે. એની ટૂંકી માહિતી આ નીચે આપી છે. વિશેષ વિગતો તે તે સ્થળે મંત્રીને લખીને તેની વિસ્તારી માહિતી આપતી પત્રિકાઓ મંગાવી લેવી.

(૧) સરદાર શ્રી પૃથ્વીસિંહની દોરવણી નીચે મલાડના અહિંસક વ્યાયામવર્ગની એક શાખા તરીકે ચાલનારો બારડોલીનો ગ્રીષ્મ વ્યાયામવર્ગ. જેમાં ગ્રીષ્મ વ્યાયામવર્ગના ચાલુ અભ્યાસક્રમ ઉપરાંત નાગરિક સ્વયંસેવક દળની તાલીમ, હાડવૈદું, રાષ્ટ્રભાષા, બૅન્ડ, કાંતણકામ વગેરે વિષયો પણ રહેશે. સ્થળ-સ્વરાજ આશ્રમ બારડોલી (સુરત); સમય–તા ૧લીથી ૩૦મી મે ૧૯૪૨; ખર્ચ–ભોજન તથા વ્યવસ્થાખર્ચના જણ દીઠ રૂ. ૧૮; તા. ૨૦-૪-૪૨ પહેલાં ૩ રૂપિયા અનામત સાથે અરજી કરવી.

(૨) કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળ તરફનો ભાવનગરનો ગ્રીષ્મ વ્યાયામવર્ગ. જેમાં વ્યાયામની શાસ્ત્રીય તાલીમ ઉપરાંત શરીરશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, અકસ્માત સમયે પ્રાથમિક મદદ, શરીરસંરક્ષણના દાવ, ભારતીય કવાયત વગેરે વિષયો પણ રહેશે. સ્થળ–ભાવનગર; સમય–તા. ૧લીથી ૩૧મા મે ૧૯૪૨; ખર્ચ: ખોરાક તથા વ્યવસ્થાખર્ચ માટે જણ દીઠ રૂ. ૧૬; તા. ૨૦-૪-૪૨ સુધીમાં બે રૂપિયા અનામત સાથે અરજી કરવી.

(૩) વસંત આશ્રમ–અબ્રામા (સુરત)નો ગ્રીષ્મ વ્યાયામવર્ગ. કાઠિયાવાડ વ્યા. પ્ર. મંડળના અભ્યાસક્રમ મુજબ જ. સ્થળ-વસંત આશ્રમ અબ્રામા, વાયા વેડછા સ્ટેશન, જિલ્લો સુરત; સમય-તા. ૧લીથી ૩૦મી મે ૧૯૪૨; ખર્ચ–ભોજન તથા વ્યવસ્થાના જણ દીઠ રૂ. ૧૬. રૂ. ૩ અનામત સાથે અરજી કરવી. આશ્રમથી થોડે જ દૂર અખિલ ભારત મહિલા પરિષદ તરફથી બહેનો માટેનો તાલીમ વર્ગ પણ ચાલવાનો છે.

(૪) શ્રી હનુમાન વ્યાયામ પ્રચારક મંડળ, અમરાવતી (વરાડ)નો વર્ગ. તેના દર વર્ષના વિસ્તૃત અભ્યાસક્રમ સાથે. સ્થળ અમરાવતી (વરાડ); સમય–૧લીથી ૩૧મા મે ૧૯૪૨; વિગતવાર માહિતી મંત્રીને લખીને મંગાવી લેવી. અરજી તા. ૨૫-૪-૪૨ સુધીમાં કરવી.

આધુનિક હિંદી શરાફીના પિતા

સર સોરાબજી પોચખાનાવાલા



રાષ્ટ્રજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં હિંદને જે ગણીગાંઠી પ્રતિભાઓ મળી છે, તેમાંની એક ઈ. ૧૯૩૭ના જુલાઈની ૪થીએ આ દુનિયાનો ત્યાગ કરી ગઈ. ઈ. ૧૮૮૧ના ઑગસ્ટની ૯મીએ 'ગ્રાન્ટ હૉટેલ'ના માલિક પારસી પિતાને ત્યાં જન્મેલી એ પ્રતિભા તે સર સોરાબજી પોચખાનાવાલા. હિંદીઓ સફળ બૅંકરો થઈ જ ન શકે એવી વિરોધી લાગણીઓના પૂર વચ્ચે આપબળે માર્ગ કરી, પોતાના પુરુષાર્થે ને હિંદના પ્રાણના પ્રતીક સમી એમણે સ્થાપેલી સેન્ટ્રલ બૅંક ઉન્નત શિરે એમની યાદ ટકાવી રહી છે.

ચાર ભાઈઓ અને ત્રણ બહેનોવાળા કુટુંબમાં સોરાબજી સૌથી નાના હતા. છ જ વર્ષની વયે એમના પિતા નસરવાનજીનું અવસાન થયું. સૌથી મોટા ભાઈ હીરજીભાઈ હવે કુટુંબના શિરછત્ર થયા. તેમણે પોતાનાં ભાંડુઓને કેળવણી આપવા પાછળ કશી કમી ન રાખી. પોતાનાં બધાં સુખસગવડોનો ભોગ આપ્યો. આજીવન એમણે પોતાનાં ભાઈબહેનોના હિત ખાતર પોતાની જાતની મુદ્દલ દરકાર નહોતી કરી. આખી જિંદગી તે અવિવાહિત રહેલા. સર સોરાબજીના અવસાન અગાઉ માત્ર થોડા જ વખત પર પોતાનાં ભાંડુઓ પ્રત્યેની ફરજ પોતે પ્રામાણિકપણે અદા કર્યાના સંતોષ સાથે એ અવસાન પામ્યા. પોતાની કોશિશો અને આત્મભોગોનાં ફળ સર સોરાબજીની ઉન્નતિમાં ઊગી નીકળેલાં જોઈને જ એમણે ઈહ જીવનનો સંતોષ માનેલો.

સોરાબજીએ સોળ વર્ષની ઉંમરે મૅટ્રિક્યુલેશન પસાર કરી. પછી ઍક્ચ્યુઅરી બનવાની નેમથી મુંબઈની સેંટઝેવીઅર્સ કૉલેજમાં જોડાયા, પણ પ્રીવિયસની પરીક્ષામાં જ નાપાસ થયા. તેમને ઘણું લાગી આવ્યું. ભણતર છોડી દીધું. એમના મનને પણ ખાત્રી થઈ કે પોતે ખોટી લાઇન પસંદ કરી હતી. નોકરી માટે શોધ ચલાવી, પણ છ મહિના સુધી ક્યાં યે તે મળી નહિ. આથી હીરજીભાઈએ પોતે જે 'ચાર્ટર્ડ બૅંક ઑવ ઇન્ડિયા, ઑસ્ટ્રેલિયા ને ચાઇના'માં કામ કરતા હતા તેમાં જ માસિક રૂ. ૨૦)ના મામૂલી પગારથી તેમને રાખી લીધા.

અને આ ધંધામાં પડતાં જ સોરાબજીને ખાત્રી થઈ કે પોતાને માટે સાચી ફતેહ આ ક્ષેત્રમાં જ રાહ જોઈ રહી છે. તેમણે બૅંકના દરેક ખાતાના કામકાજ પર ધ્યાન આપવા માંડ્યું ને પોતાનાં ચાલુ ખંત ને ઉત્સાહથી તેમાં બે વરસમાં તો એટલી પ્રગતિ કરી કે મોટા ભાઈ બીમાર પડ્યા ત્યારે તેમનું બધું કામકાજ પોતે બાહોશીથી પાર કરતા.

આમ હળવે હળવે બૅંકની સંપૂર્ણ પદ્ધતિથી માહિતગાર થયા પછી શાસ્ત્રીય અભ્યાસની ભૂખ સોરાબજીમાં જાગી, અને ઘેર બેઠાં લંડન ચેમ્બર ઑવ કૉમર્સની અને એવી બીજી સંસ્થાની પરીક્ષાઓ પસાર કરી. એની સાથોસાથ જ, પોતાની બૅંકમાંની કારકીર્દિ માટે વધુ લાયકાત મેળવવા માટે નાગાનો અભ્યાસ પણ કરવા માંડ્યો.

એવામાં એક દિવસે ચાર્ટર્ડ બૅંકના એક અમલદારે લંડનની ઇન્સ્ટીટ્યૂટ ઑવ બૅંકર્સના ચોપાનિયાની એક નકલ સોરાબજીને બતાવી, ને સોરાબજીએ તરત એ સંસ્થાની પરીક્ષા પસાર કરવાનો નિર્ણય કર્યો.

પણ આ બધી પ્રવૃત્તિ સાથે ઘરના ખર્ચનું પણ કરવું જોઈએ ને? એ માટે એમણે વેપારી પરીક્ષાઓ માટે તૈયાર થતા છોકરાઓને નામું શીખવવાનો વર્ગ ખોલ્યો અને મર્હુમ રાવબહાદુર વસનજી ખીમજીનાં છોકરાંઓનું ટ્યૂશન મેળવ્યું. એ અરસાનો સોરાબજીનો કાર્યક્રમ આ પ્રમાણેનો હતો: સવારના છ પહેલાં ઊઠી, સાડા સાત વાગ્યા સુધીમાં ઘરનું બધું કામકાજ પતાવી, નામાના વર્ગમાં હાજરી આપવી. દસ સુધીમાં ત્યાં રોકાઈ, ઈરાનીની દુકાનમાં નાસ્તો કરી લઈ, સાડા દસે બૅંકમાં પહોંચવું. બૅંકમાં મોડે સુધી—ઘણી વખત રાતના આઠ વાગ્યા સુધી—તેમને રોકાવું પડતું. બૅંકમાંથી આવી, ભોજન લઈ, થોડીવાર તે હાર્મોનિયમ કે વાયોલીન વગાડતા ને નવ વાગ્યે ચોપડી લઈ મધરાતના મોડે સુધી પોતાનો અભ્યાસ કરતા. મધરાત પહેલાં તો એ ભાગ્યે જ સૂતા. આ મુજબનો અઢાર અઢાર કલાકનો શ્રમ ગમે તેવા જુવાનને પણ થકવી નાખે, પરંતુ સોરાબજી અજબ શ્રદ્ધાથી એ સહ્યે જતા.

અને એમનો એ શ્રમ સફળ પણ થયો. પરીક્ષાનો પહેલો ભાગ એમણે પસાર કર્યો. પસાર થનારાઓને ૫ અને ૧૦ પૌંડનાં બોનસ આપવાનો એ સંસ્થાનો ધારો હતો, પરંતુ સોરાબજીને તેમાંનું કશું મળ્યું નહિ. તેમણે પત્ર લખ્યો તેનો ઉત્તર જ ન મળ્યો. છેવટે જ્યારે પોતાની બૅંક મારફત પૂછાવી જોયું ત્યારે જવાબ મળ્યો કે એ ખાસ બોનસો હિંદની શાખાઓને આપવાનાં નહોતાં!

સોરાબજીને આ ભેદબુદ્ધિથી જબરો આઘાત લાગ્યો, છતાં નાસીપાસ ન થતાં, ફક્ત જ્ઞાન વધારવા ખાતર જ એ પરીક્ષાનો બીજો ભાગ પણ પસાર કર્યો. આ રીતે લંડનની બૅંકર્સ ઇન્સ્ટીટ્યૂટના સર્ટિફાઇડ એસોશીએટ તરીકે સોરાબજી પહેલા હિંદી હતા.

સાત વરસ ગયાં ને સોરાબજીને ૭૫ રૂપિયાના મુખ્ય ક્લાર્કની જગ્યા આપવામાં આવી. એ જમાનામાં એ પગાર મોટો હતો, પણ સોરાબજીની મહત્ત્વાકાંક્ષા એથી યે મોટી હતી.

૧૯૦૫નો યુગ એટલે હિંદની રાષ્ટ્રીય અસ્મિતાનો પહેલો જુવાળ. 'સ્વદેશી'નું મોજું ત્યારે આખા હિંદમાં એકસામટું ફરી વળ્યું. બધી પ્રવૃત્તિઓ જેમ બૅંકિંગમાં પણ સ્વદેશી પ્રવૃત્તિનો આવિષ્કાર થયો. એ પરદેશી કિલ્લાના મોરચા યે તૂટ્યા અને સૌપહેલી હિંદી માલિકીની 'બૅંક ઑવ ઇન્ડિયા' ઊભી થઈ. બીજી યે બૅંકો એક પછી એક ઊભી થતી ગઈ. શ્રી સરૈયાએ સ્પીસી બૅન્ક ને મિ. હાણીએ મર્ચન્ટ્સ બૅંક ખોલી, પણ એ બંને નિષ્ફળ નીવડી હતી. આમાંની મર્ચન્ટ્સ બૅંકમાં સોરાબજીએ મૅનેજરની જગ્યાની (અનુસંધાન આગળ પાન ૧૨૨મે)

વશરામભાઈ



એક આંગળી પર થોડો શીખંડ લઇ તેમણે ચાખ્યો.

કોઈ દિવસ, મને નથી સાંભરતું કે, વશરામભાઇ અથવા તેમની પત્ની ધનકોર બે ઘડી મારે ઘેર આવી નિરાંતે બેઠાં હોય! નહિ તો, મકાનના નીચેના ભાગમાં હું રહેતો અને ઉપરના મેડા પર તે રહેતાં. સાંજના વશરામભાઇ બજારમાંથી આવે ત્યારે હું બહાર ઓટલા પર ચોપડી વાંચતો બેઠો હોઉં પણ એ વશરામભાઇ મોઢેથી મને પૂછે નહિ કે કેમ છે? આમ ત્રાંસી આંખે મારી સિકલ જોઈ લે અને કંઇક આંગળીના વેઢા પર અંગૂઠો ફેરવતા ચાલ્યા જાય. મને રહેવા આવ્યે પંદર દિવસ થયા એમાં એક જ દિવસ વશરામભાઇને મેં બોલતાં તો નહિ પણ બબડતાં સાંભળેલા. એમની ચંપલીના હાથમાંથી બારીએથી એક તૂટેલું રમકડું પડી ગએલું તે લેવા વશરામભાઇ નીચે આવેલા. હું બેઠો હતો. રમકડું લઇ 'શું છોકરાં કોઇ કમજાત પાક્યાં છે! એક રમકડું ય સાજું રહેવા દે નહિ' એમ બબડતાબબડતા એ દાદર ચડી ગયા.

પણ એક દિવસ મેં એક જબ્બર સાહસ કર્યું. વશરામભાઈના મેડા પર હું ગયો. દાદર પર મારો ધબકાર થતાં જ વશરામભાઇ ઓરડામાંથી બહાર ધસી આવ્યા. તેમના હાથમાં પોપૈયાની ચીર હતી. મને જોતાં તેમણે એ ચીર પાસેના ગોખલામાં મૂકી દીધી. એમને એમ હતું કે મેં એ નથી જોઈ. ઢીંચણ સુધીનું ધોતિયું, ટૂંકું બાંડિયું ને માથે તેલના અભાવથી બરછટ સીધા ભાલા જેવા વાળ, વશરામભાઇને એક જુદી જ વ્યક્તિ તરીકે ઓળખાવવા બસ હતા.

હું ઓરડામાં જવા કરું છું ત્યાં 'ચંપલીની બા કપડાં બદલાવે છે જરા' કહી મને તેમણે દાદર પાસે જ બેસાડ્યો. મારે કંઇ ખાસ કામકાજ હતું નહિ. હું ઊઠવાની તૈયારી કરવા લાગ્યો. ત્યાં ચંપલી હાથમાં પોપૈયાની એક મોટી ચીર લઈ બહાર આવી. વશરામભાઈની આંખ ફાટી. પણ મારી તરફ જોઇ બોલ્યા: 'શું વાત કરું, ભાઇ? એવાં કોઈ છોકરાં પાક્યાં છે કે ન પૂછો વાત! અરે ભાઈ, હું શેઠને ત્યાં ગએલો. એક ચીર પોપૈયાની છોકરાં માટે તેમણે મને આપી. સવારની આ ચંપલી હાથમાં લઇને ફરે છે. નથી ખાતી કે નથી કોઇને ખાવા દેતી. શું છોકરી છે!'

'ઠીક લ્યો, જાઉં છું.' હું ઊભો થયો.

'લ્યો, તમે તો બેઠા ય નહિ, ભાઈશા'બ. ઠંડું પાણી યે ન પીધું તમે!'

'તમારે ત્યાં આવવાની ક્યાં નવાઈ છે?' મેં કહ્યું.

'એમ તે હોય? ચા પીધા વિના તે તમારાથી જવાય કેમ? પણ આ તે કાંઈ મામકું ઓછું છે, તે ઘરની ભેંશનાં દૂધ મળે? પાણી જેવાં દૂધ! હેં..હેં..હેં કેમ.... ખરું ને ભાઇ...' હું દાદર ઊતરવા લાગ્યો ત્યાં સુધી એ હસ્યા.

તેમણે પેલા ગોખલામાંથી ચીરી લઈ લીધી. હું છેલ્લે પગથિયે જઇને ઊભો રહ્યો. વશરામભાઈ ઘરમાં જઇને ધનકોરને કહેતા હતા: 'કોઇ દિ નહિ ને આજે આપણે ઘેર એ આવ્યો કેમ?'

'ભલા જાણે! પણ કાંઈક સવારથ ખરો એનો એમાં.' ધનકોરે જવાબ આપ્યો.

'હા, સવારથ વિના એ આવે નહિ. કોઈ સવારથ વિના બીજાને ત્યાં ન જાય. અને તને ખબર છે? એને અંદર બેસવું હતું; કંઈક લેવાની લાલચે, બીજું શું?'

'પોપૈયો ભાળી ગ્યો હશે ક્યાંકથી.' ધનકોરે કહ્યું.

'સારું, ચેતતા રહેવું પડશે, કેમ?'

'હા.'

અને પછી બંને જણ આ મહાન નવી આફતના ભાર તળે જ સૂનમૂન થઈ ગયાં.

મેં નીચે આવીને મારી પત્નીને વાત કરી. સાંભળીને સરોજ હસી પડી: 'વહેમનું જાળું! બીજું શું હોઈ શકે?' તેણે કહ્યું.

બીજે દિવસે સાંજે હું ને સરોજ આવતી કાલે શાનું જમણ કરવું તે વિચારી રહ્યાં હતાં, કેમકે સરોજની તે દિવસે જન્મતિથિ હતી. દર વર્ષે હું મારા મિત્રોને તે દિવસે જમાડતો. આ વર્ષે પણ તેમ કરવા વિચાર હતો.

સરોજનો વિચાર હતો કે શીખંડપૂરી કરવાં, પણ મારો મત જુદો હતો. માહ મહિનામાં શીખંડનું જમણ સારું નહિ. પરંતુ સરોજ કોઇ રીતે સમજે નહિ.

અને સરોજને જરા મોટેથી બોલવાની ટેવ હતી. 'એમ હોય તો મારે કાલે જમણ જ રાખવું નથી' તે બોલી, અને એ વાક્યનું પૂર્ણવિરામ બન્યું વશરામભાઇનું બગાસું. બહારથી તે આવતા હતા. કરામત રૂપે કાપડનો દુરુપયોગ તે નહિ કરતા હોવાથી કોટનાં બંને બાજુનાં ગજવાંમાં તેમણે બોર ભર્યાં હતાં. એક હાથમાં તૂટેલા હાથાવાળી છત્રી હતી. એક બાજુ દાંડીને બદલે દોરો બાંધેલાં ચશ્માં હતાં.

કોઇ દિવસ નહિ ને તે દિવસ એ અમારી પાસે ઊભા રહ્યા. મેં ધાર્યું કે હમણાં કંઈક બહાનું કાઢી ઉપર જતા રહેશે; પણ એ તો એમ ન કરતાં અમારી પાસે બેઠા! છત્રીને એક ખૂણામાં લાંબો હાથ કરી મૂકી. પગમાં પગરખાં પહેરવાનો એમને સુહાવરો નથી, એ એમના પગ પરથી કહી શકાય તેમ હતું.

'શું સાળી ગરમી પડે છે, ધીરુભાઈ! બજાર વચ્ચે ઊભા કે નીતરી હાલ્યા સમજો. શું ગરમી.... શું ઉકળાટ....' કહી મોંએ વળેલો પરસેવો એમણે લૂછી કાઢ્યો.

'હેં વશરામભાઈ! ક્યાં નોકરી કરો છો, તમે?' મેં પૂછ્યું. પહેલાં તો જાણે કશું સાંભળ્યું જ ન હોય એમ બતાવવા 'હાક..થૂ' કરી તે થૂંકવા જરા બહાર ગયા. મેં બીજી વખત પૂછ્યું.

'નોકરી જ છે ને મારા ભાઈ! આ જમાનામાં શું નોકરી ને શું ધંધાપાણી! રસકસ ગયા બાપલા, નોકરીમાંથી હવે! જ્યાં જુઓ ત્યાં બેકારી.... ભૂખમરો.... અને...' તેમણે જોરથી ઉધરસ ખાવી શરૂ કરી. ઉધરસ ઠીક ઠીક વાર ચાલી. ઉધરસ બંધ થઇ એટલે તેમણે કહ્યું: 'આ ઉધરસ થઇ એ જોઇ ને? શીખંડના પરતાપ, ભાઇ એ! આ માહ મહિનામાં શીખંડ નહિ સારો. ન શીખંડ ખાઇને ક્યાંય બહાર જવાય, ન ક્યાંય આનંદથી બે ઘડી બેસી રે'વાય .... તમને શું લાગે છે, ભાઈ?' કહી પાછું પેલું ખંધાઇભરેલું હસવું તેમણે શરૂ કર્યું.

સરોજ વશરામભાઈ સામે તાકી રહી. વશરામભાઈ તો જાણે કશું ન બન્યું હોય તેમ ચશ્માના દોરાને આંટાઆવળો ફેરવી રહ્યા હતા. મેં એમને અમારા ઝગડાની વાત કરી.

'ભાઇ, હું સાંભળતો'તો તમારો ઝગડો.' તેમણે કહ્યું.

'એમ કે? સરોજ, હવે તો દૂધપાક-પૂરી કબૂલ રાખીશ ને?'

પણ સરોજ મક્કમ હતી: 'મારે જમણ જ નથી કરવું.'

વળી વશરામભાઇ અમારી વહારે ધાયા: 'અરે, આમ લઢયે કંઈ અંત આવે ખરો? શિયાળ ખેંચે સીમ ભણી ને કૂતરાં ખેંચે ગામ ભણી. એમ ક્યારે વાતનો નિવેડો આવે? અને ધીરૂભાઇ, ઝીહઠ તે ઝીહઠ! આપણે નમતું આપવું જ રહ્યું! શીખંડપૂરી કરો, બીજું શું? હેં?' કહી મારી સામે તે તાકી રહ્યા. પણ એ વખતે પેલી શીખંડની ઉધરસે તેમને હેરાન ન કર્યા એટલું સારૂં હતું.

છેવટે અમે શીખંડપૂરીનું જમણ નક્કી કર્યું. મારે સગાંસંબંધીની સંખ્યા સારા પ્રમાણમાં થઈ ગઈ હતી એટલે વશરામભાઈને જમવા આવવા ખોટો આગ્રહ મેં ન કર્યો.

વશરામભાઇ ઊઠ્યા, પણ ઊઠતાં જરા હાથ ખિસ્સા સાથે અફળાયો અને તેમાંથી બોર વેરાઈ ગયાં. અમારો કનુ બોર દેખી ઓરડામાંથી ધસી આવ્યો પણ તે પહેલાં તો વશરામભાઇએ બધાં બોર ઝડપથી વીણી લીધાં. બે બોર કનુના હાથમાં મૂકતાં તેમણે કહ્યું: 'આ ઋતુમાં બોર છોકરાંને માંદાં ન પાડે તો બીજું શું કરે? બહુ બોર નહિ સારાં.'



'આ ઋતુમાં બોર છોકરાંને માંદાં પાડે. બહુ બોર નહિ સારાં.' જતાં જતાં વશરામભાઇએ કહ્યું.

બીજે દિવસે સવારે સરોજ રસોડામાં પૂરી વણતી હતી. હું શાક સમારતો ઓરડામાં બેઠો હતો. ત્યાં તો ઢીંચણથી ચાર આંગળ જ નીચી ધોતીની પાટલીના છેડાને એક હાથમાં ઝાલી વશરામભાઈ આવ્યા: 'કેમ, શાક સમારવા માંડ્યું!'

મેં માથું હલાવી હા પાડી.

'કેમ, શીખંડ આવી ગયો?' એ તેમનો બીજો પ્રશ્ન હતો.

'હા.' મેં કહ્યું.

'ક્યાંથી લાવ્યા?'

'રામકિશન ભૈયાને ત્યાંથી.'

'છેતરાયા, મારા ભાઇ, છેતરાયા તમે; તમને શીખંડ લેતાં ન આવડ્યો. કેસર પિસ્તાં છે અંદર, કે નહિ?'

'છે.' મેં કહ્યું.

'આ તપેલામાં જ છે કે શું?' કહી વશરામભાઈ સ્ટૂલ પર પડેલા તપેલા પાસે પહોંચી ગયા. એક આંગળી પર તેમણે થોડો શીખંડ લઇ ચાખ્યો. શીખંડમાં કંઈક ઊણપ હોય તેમ તેમનું માથું હલાવવાથી મને લાગ્યું. આંગળીને ચાટતા ચાટતા તે મારી પાસે આવ્યા: 'મેં શું કહ્યું તમને? છેતરાયા! કહું છું ને, ખાંડ વધારે નાખી છે શીખંડમાં! કહું છું નહિ ભાઈસા'બ, ભૈયાનો ભરોસો નહિ!'

અને પાસે પડેલું ચપ્પુ લઇ તે શાક સમારવા લાગ્યા. 'ક્યાં ગયાં સરોજબહેન?'

મેં રસોડા તરફ આંગળી કરી. તે રસોડામાં ગયા.

'તે સરોજબહેન! તમને ય ખબર ન પડી કે શીખંડમાં વધારે ખાંડ છે?'

'પણ લેવા હું ક્યાં ગઇ'તી?'

'હા, એ ય ખરૂં!'

પણ તેમની નજરમાં કંઈક ખોટું બનતું જણાયું.

'ના...ના...ના. ન ચાલે, સરોજબહેન...' તેમણે બોલવા માંડ્યું. શું થયું તે જાણવા હું રસોડામાં ગયો.

'આવી વડાં જેવડી પૂરી ન ચાલે બેન; શીખંડમાં પૂરી મોટી જોઇએ. નાની ન હોય... શહેરમાં ન ચાલે... ઊભાં રો', હું ચંપલીની બાને બોલાવું. તમને પૂરી વણવામાં મદદ કરે.'

વશરામભાઇએ એમના દીકરા કાન્તિને બૂમ મારી નીચે બોલાવ્યો. 'જા, તારી બાને કહે કે જરા નીચે આવે. સરોજબેન બાપડાં એકલાં ચૂલા આગળ મુંઝાઈ જાયને? પૂરી વણવામાં કંઈક મદદ તો કરવી જોઇએ ને? જા બોલાવ!'

પણ વશરામભાઇના કાન્તિને પિતાની વાણીમાંથી જે સૂચના મળી હતી તેના કરતાં પિતાની આંખની ઉઘાડવાસથી ઘણી સૂચનાઓ મળી ચૂકી હતી. તેણે નીચેથી જ તેની બાને બૂમ મારી બોલાવી. ઘનકોર ચંપલીને કાંખમાં તેડીને આવી અને 'લે રમાડ, આને.' કહી ચંપલીને તેણે કાન્તિને સોંપી.

હું ને વશરામભાઈ શાક સમારવા મંડ્યા. 'હેં ધીરૂભાઇ! ચીજ એકની એક, તો ય કોઇના હાથની ચીજ એવી સરસ થાય કે બસ ખાધા...જ કરીએ, જાણે. આ ચંપલીની બાના હાથની પૂરીઓ એવી મીઠી થાય છે કે ભલભલા મોંમાં આંગળી નાખી જાય. હાથ હાથનો ફેર... કેમ, ધીરૂભાઇ?'

મેં હા પાડી. તેમની નાની ચંપા વારેવારે મારા હાથમાંની છરી લઈ લેવા ધસી આવતી. કાન્તિને વશરામભાઇએ શાક સમારવા બેસાડ્યો હતો. ચંપાને હું વારે વારે રોકતો. વશરામભાઇએ તે જોયું.

'જાને બેટા કનુ, ઉપર જઇને કસ્તુરીને કહેને કે આ ચંપલીને હેઠે આવીને રમાડે. હેં ધીરૂભાઇ, એ શું, કે છોકરૂં જેટલું છોકરી પાસે રમે એટલું છોકરા પાસે ન રમે? કસ્તુરી તો ચંપલીને આમ હુલાવી-હુલાવીને રમાડે છે.' વશરામભાઇએ હાથના ચાળા કરતાંકરતાં કહ્યું.

કસ્તુરી ચંપલીને હુલાવી હુલાવીને રમાડવા લાગી. ઘડીકમાં રસોડામાંથી પૂરી લઇ ચંપલીને ખુશ કરે તો ઘડીકમાં શીખંડવાળી આંગળી ચટાડી તેને રાજી કરે. આમ જોતજોતાંમાં દસ વાગ્યા. કાન્તિને નિશાળે જવાનો વખત થયો.

'બાપા, નિશાળનો વખત થયો ને?'

'તે હું શું કરું? જા કે' તારી માને; ઉપર જઇને ખાવા આપે!'

ત્યાં રસોડામાંથી ધનકોરનો અવાજ સંભળાયો: 'તે રોયા, પહેલેથી ભસવું'તું ને, કે આજ તારે નિશાળ બળી છે? તો કંઇક રાંધી આપત! હવે જજે મોડા, એટલે માસ્તર જરા ટીપે! કસ્તુરીને કીધું કે બે રોટલી કરીને રમજે; પણ કોણ સાંભળે, મારો બા? એ તો "બા તારા વિના ડગલું ય નહિ દેવાય" એમાંના છે! હું મરીશ ત્યારે ખબર પડશે! શું સરોજબેન, વાત કરું? આ આવડો છોકરો, પણ મોંમાંથી ફાટતો નથી કે મારે નિશાળ છે. શું ગીંઢો છે!'

ધનકોરે વળી ચલાવ્યું: 'થોડી વાર ખમ. હમણાં ઉપર આવીને બે ઢેબરાં બનાવી દઉં એ ખાઇને નિશાળે જજે.'

'કાન્તિ ભલેને અહીં જમે!' સરોજે કહ્યું.

'અરે, એને તો ગમે ત્યાં ખાવાની ટેવ પડી છે, રોયાને!'

ધનકોરે કાન્તિને જમવા બેસાડ્યો. કાન્તિની સાથે ચંપલી પણ જમવા બેઠી.

'સામું જોઇને ગળચી લેને 'લ્યા કાંતિડા! ભજિયાં નહિ ખા તો શું દુબળો પડી જવાનો છે?' વશરામભાઇએ કાન્તિને જરા હાકોટો કર્યો. સરોજની નજર એ હાકોટો સાંભળી કાન્તિની થાળીમાં પડી. થાળીમાં ભજિયાં નહોતાં. તેણે ભજિયાં પીરસ્યાં.

બધાં જમી રહ્યાં. હું અને વશરામભાઈ, ને ઘરમાં સરોજ તથા ધનકોર, એટલાં બાકી હતાં.

વશરામભાઇ ઊભા થયા: 'ઠીક લ્યો, ધીરૂભાઈ; છે કંઈ કામકાજ હવે? હું જાઉં છું, હો ભાઈ!'

'પણ જમીને જ જાવને!'

'ના ભાઇ ના, કંઈ રૂચિ નથી. ના ધીરૂભાઈ, એવો આગ્રહ ન કરતા. મારા સમ જો બોલો તો.' પગમાં કંઇ કાંટો વાગ્યો કે શું તે તપાસતાં તે બોલ્યા.

'જે ભાવે તે.'

'તમે ય ધીરૂભાઈ, હદ કરો છો, હો!' હાથ ધોઈ તે જમવા બેઠા.

'અરે કસ્તુરી... તારી માને કે' કે અહીં ખાવા ન બેસે; ઘેર જઇને જમે.'

પણ કસ્તુરીને કહેવા જેવું રહ્યું જ નહોતું. છેક રસોડામાં તેમનો અવાજ પહોંચી ગયો હતો. 'એ તો અહીં જમશે.' સરોજે કહ્યું.

'ના બેન, ના; એવું તે હોય, ભાઇશા'બ?'

'ખાધે શું ખૂટી જવાનું છે?' મેં કહ્યું.

'એમ નહિ ધીરૂભાઈ, પણ....' કહી શીખંડનો પહેલો વાટકો તેમણે પૂરો કર્યો.

બે વાટકા તેમણે પૂરા કર્યા ત્યારે મારો મિત્ર મધુસૂદન તેમને પીરસવા આવ્યો. 'અરે અરે ભાઈશા'બ! મને તે મારી નાખવો છે? હવે તો પેટ તણાય છે, હો?'

ત્રીજો વાટકો પૂરો થયો એટલે એ વાટકામાં જ તેમણે કઢીભાત ખાધાં.

એક તપેલી ભરીને શીખંડ વધ્યો તેનો હું વિચાર કરતો હતો. મોંમાં સોપારીના ચૂરાનો ડૂચો ભરેલો હોવાથી વશરામભાઇને બોલતાં બરાબર ફાવ્યું નહિ. ઝટપથી ચૂરો હેઠળ ઉતારી તેમણે કહ્યું: 'કાલે સવારે ખાધો, શીખંડ! એ કયાં બગડી જવાનો છે?' પણ કંઇક યાદ આવતાં તેમણે કહ્યું: 'શીખંડ આ ઋતુમાં બગડી પણ જાય, હો ધીરૂભાઇ!'

તેમના કહેવા પ્રમાણે સાંજે છોકરાઓને થોડો થોડો મેં આપી દીધો. કાન્તિ, ચંપલી, કસ્તુરી, અને કનુએ શીખંડની મોજ ઉડાવી.

તો ય એક વાટકી શીખંડ પડ્યાં રહ્યાં. ચંપલીને તેડવા માટે વશરામભાઈ નીચે આવ્યા. 'લે ચાલ ચંપલી, બાળાગોળી નથી પીવી?' કહી શીખંડની વાટકી તરફ એક નજર નાખી તે ચાલ્યા ગયા.

ચંપલી ખૂબ રડવા લાગી. હું ઉપર ગયો ને રડવાનું કારણ પૂછ્યું.

'કંઈ નહિ ભાઇ, ખોટી ટેવ! છોકરાંને તો ટેવ પાડીએ તેવી પડે.'

'પણ છે શું?'

'અરે, બાળગોળી પાયા પછી અમે આને ગળ્યું દૂધ આપીએ છીએ. આજે કોઇ જમનાર હતું નહિ એટલે દૂધ લીધું નથી. ચંપલી કહે છે કે "બા...સીખંડ..." હવે કયાંથી લાવવો એ અત્યારે?'

મેં શીખંડની વાડકી એમને ત્યાં મોકલાવી. કસ્તુરી વાટકી માંજીને પાછી આપી ગઇ.

મને જોકે સત્યનારાયણની કથા પર ઝાઝી શ્રદ્ધા નહોતી, પણ સરોજના આગ્રહથી મેં તે દિવસે રાતના કથા રાખેલી. ઓરડામાં પાથરવા માટે એક શેતરંજીની જરૂર હતી. વશરામભાઇના ઓરડામાં રોજ પથરાતી શેતરંજી મને યાદ આવી. મેં કનુને લેવા મોકલ્યો.

કનુ લીધા સિવાય પાછો આવ્યો. તેણે વશરામભાઇના ચાળા પાડતાં કહ્યું: 'શેતરંજી તો, ભઈલા, અત્યારે આ ચંપલીએ બકારી કરી બગાડી મૂકી. ના પાડી એની બાને,.કે શીખંડ વધારે નહિ સારો; પણ તેણે ખવડાવ્યે જ રાખ્યો. લે જો હવે, ચંપલીની દશા!'

હું હળવે પગે દાદર ચડવા લાગ્યો. અંદર ઓરડામાં વશરામભાઇનું આખું કુટુંબ કંઈક ગંભીર મસલતમાં પડ્યું હતું. હું દાદરમાં જ ઊભો રહ્યો.

'હું નો'તો કે'તો કે એ આપણે ત્યાં કાંઈક સવારથને લીધે તે દિ' આવ્યો'તો? શેતરંજીની લાલચે એ આવેલો.' વશરામભાઇએ કહ્યું.

જવાબમાં ધનકોરનો એક ઊંડો નિશ્વાસ સંભળાયો.

'વાણિયાનું પેટ એ તો! ગળથૂથીમાં જ સવારથ ભરેલો!' વશરામભાઈનું બોલવું હું સાંભળી રહ્યો.

'પણ ધીરૂભાઇ શેતરંજી લેવા જાતે આવશે તો?'

'તો શું વળી?'

'બગડેલી તો નથી!'

'હવે બગાડવી એમાં વાર શી? જા રસોડામાંથી પાણીનો ઘડો લઇ આવ.' ધનકોર પાણી લેવા ઊઠી એવો હું તરત જ નીચે ઊતરી ગયો.

થોડી વારે મેં ઓટલે આવીને જોયું તો વશરામભાઈની બારીમાં એક શેતરંજી સુકાતી હતી અને તેમાંથી ટપક ટપક પાણીનાં ટીપાં ઓટલા પર પડતાં હતાં.

'સત્યમ'

અંતરીક્ષમાં ઉડ્ડયન

પૃથ્વીતળથી છેક પંદર માઈલ ઊંચાઈ સુધીના અંતરીક્ષ વિષેની અજબ વૈજ્ઞાનિક હકીકતોનું શાસ્ત્રશુદ્ધ અને સત્ય જ્ઞાન આપતો

એક સ્વપ્નવિહાર

રાતના બે વાગ્યે સનત જ્યારે મુંબાઇના કોઇ 'સેકન્ડ રન' સીનેમામાંથી વર્ષાનું ચિત્ર જોઇને પાછો ફરતો હતો ત્યારે ફિલ્મની સાથે બતાવેલી પ્રો. પિક્કાર્ડનાં છેલ્લા આકાશઉડ્ડયનના ટૉપિકલ (પ્રસંગચિત્ર)ના જ તેને વિચાર આવતા હતા. વિચારમાં ને વિચારમાં પોતે ક્યારે પોતાની ઓરડી પર પહોંચી ગયો તેનું પણ તેને ભાન રહ્યું નહિ.

ઉનાળાની રાત હતી. દરિયા પરથી ધીમો પવન આવતો હતો, છતાં પુષ્કળ ઘામ લાગતો હતો. પોતે ખૂબ જ થાકી ગયો હતો એટલે અવ્યવસ્થિત ઓરડીમાં આવીને ગાદલું પાથરવાની પણ તસ્દી લીધા વિના તેણે આરામખુરશી પર ઝુકાવ્યું.

આકાશમાં તરતાં વાદળાંઓ અને તેમાં થતી વીજળી વચ્ચે થઇને બલૂન ક્યાં જતું હશે? ગર્જના અને વીજળીના પ્રદેશથી પર આકાશમાં શું શું હશે? મહાસૌંદર્યવાન મેઘધનુષ્યની પણછ કેમ ખેંચાતી હશે? આવા આવા અનેક વિચારો તેના મનમાં ઊઠતા હતા અને બુદ્બુદો ઉડાવતા હતા,—જાણે ચા માટે પાણી ઉકળવા માંડ્યું.


દિવસ આખાના શ્રમથી અને વિચારોના આ ઘમસાણને લીધે ધીમેધીમે તેનું મન તંદ્રામાં સરવા માંડ્યું. અને જ્યારે સામા ખૂણામાં પડેલો પાણીનો ગોળો ધીમેધીમે મોટો થવા લાગ્યો ત્યારે તેના આશ્ચર્યનો પાર જ રહ્યો નહિ! બાજુમાં જ પડેલો પાણી પીવાનો પ્યાલો બલૂનની નીચેના ગૉન્ડોલા (બેઠક-છાબડી)ની જેમ તેને જોડાઇ ગયો, અને સવારના સાફ કર્યા વગરના ચા પીવાના રકાબીપ્યાલામાંથી જાતજાતનાં વૈજ્ઞાનિક સાધિત્યો (ઉષ્ણતામાપક યંત્ર, દબાણમાપક યંત્ર વગેરે) અલાઉદ્દીનની લાકડી ફરતાં જંગલમાં મહાલયો રચાઇ જાય તેમ ઊભાં થઈ ગયાં. એવામાં બારી પર ટાંગેલી મહાત્માજીની છબિમાંથી કોઈ ઊતરતું હોય એવો પગલાંનો અવાજ આવ્યો અને તેનો ચહેરો જોતાં જ સનતે ખુરશીમાંથી ઊભા થઈ જઇ આવનાર વ્યક્તિને પૂછ્યું: 'હલ્લો, પ્રો. પિક્કાર્ડ, તમે અહીં? તમારા ઉડ્ડયનનું ટૉપિકલ મેં આજે જ જોયું. હવે ક્યારે ય ફરી જવું છે કે નહિ?'

'કેમ નહિ? હું તમને તેડવા જ આવ્યો છું, ચાલો.'

પ્રો. પિક્કાર્ડ તથા સનત રાજાબાઈ ટાવર કરતાં પણ લગભગ બમણા ઊંચા એવાં એક બલૂન પાસે આવી પહોંચ્યા અને તેમના ઇજનેરની પાછળપાછળ, સર્વ પ્રકારની આધુનિક સગવડોથી યુક્ત એવા એ રૉકેટ સ્વરૂપના ગૉન્ડોલામાં દાખલ થયા. નાની એવી કૅબિન જેવડા એ કાચના ગૉન્ડોલામાં જાતજાતનાં સાધિત્યો ગોઠવ્યાં હતાં અને ત્રણચાર જણ આરામથી બેસી શકે તેવી સગવડ હતી.

અચાનક આખું ગૉન્ડોલા ડોલવા માંડ્યું અને સનત એકદમ ખુરશીમાંથી ઊભો થઈ ગયો. પ્રોફેસરે તેના ખભા ઉપર હાથ મૂકી પાછો બેસાડી દીધો ને કહ્યું: 'હવે આપણે ઊપડીએ છીએ.'

સનતે બારી બહાર જોયું તો જે દોરડાંથી બલૂનને જમીન સાથે બાંધી રાખ્યું હતું તેને લોકો તોડતા હતા. ઇજનેરે પોતાની જગ્યા સંભાળી, છેલ્લું દોરડું તૂટ્યું અને ફાળ ભરીને તેઓ વાતાવરણમાં



આકૃતિ ૧

ઈ. ૧૭૮૩ના નવેમ્બરની ૨૧મી તારીખે ગરમ વાયુભર્યા બલૂનમાં બેસીને પિલાત્રે પહેલવહેલો ૫૦૦ ફૂટ ઊંચે ઊડ્યો, અને દસ જ દિવસ બાદ બીજી ડિસેમ્બરે એ ચાર્લ્સ ને રૉબર્ટ ૨૦ હજાર ફૂટ ઊંચે ચડ્યા ત્યારથી માંડીને તે છેક હમણાં ૧૯૩૫ની ૧૧મી નવેમ્બરે સ્ટીવન્સ ૭૨,૩૯૫ ફૂટ ઊંચે ચડ્યાં ત્યાં સુધીના સૌ આકાશ-અન્વેષક સાહસ-સફરીઓનાં ઉડ્ડયનની ઊંચાઇ અને તારીખ દર્શાવતા આ આલેખમાં ડાબી બાજુએ કેટલા માઈલની ઊંચાઇએ આપણાં ક્યાં પર્વતશિખરો આવેલાં છે તે તથા વાતાવરણના રંગ એ ઊંચાઇએ કેવા પલટાતા જાય છે તે પણ દર્શાવ્યું છે.

ઊડ્યા . . . ક્ષણવારમાં તો વર્ષાનાં વાદળાં વચ્ચે ગુમ પણ થઈ ગયા.

પહેલી વાર દરિયાની મુસાફરી કરનાર જેમ આખો યે દિવસ સમુદ્ર પર આતુરતાપૂર્વક જોઇ રહે, તેમ સનત હવાના સાગર તરફ જોઈ રહ્યો હતો. નીચે મુંબાઇનાં ઊંચાંઊંચાં મકાનો આછાં થતાં જતાં હતાં એ તે જોતો હતો, ત્યાં અચાનક તેની નજર સૂર્યપ્રકાશમાં વાદળાંમાં ચમકતા મોતીના મહાસાગર પર પડી. એકી નજરે એ તે તરફ જોતો હતો અને મનમાં વિચારતો હતો કે આ અસર શાને અંગે હશે? ત્યાં તેની બાજુમાં પ્રોફેસરનું મોં દેખાયું. પ્રોફેસરે કહ્યું: 'એ મોતીનો મહાસાગર નથી, હો! મોટે મન બગાડતો નહિ. જે વર્ષાના આગમનની ચાતક અને મયૂર આતુરતાથી રાહ જુએ છે અને જે વર્ષા પર મનુષ્યના સર્વ પોષણનો અત્યારે સંપૂર્ણ આધાર છે તે વર્ષાના પિતા સમાં એ નાનાં જલબિંદુઓ છે. પાણીની વરાળ ઠંડી થવાને લીધે પાણીનાં ટીપાં જામે છે અને એ ટીપાં અમુક હદથી મોટાં થાય એટલે વાદળાં તેમને સાચવી શકતાં નથી અને પરિણામે તે વરસાદ રૂપે નીચે પડે છે એ તો તને ખબર જ હશે. મોટા ભાગનાં વરસાદનાં વાદળાં જમીનથી એકાદ બે માઈલની ઊંચાઇની અંદર જ હોય છે.'

પ્રોફેસર બોલવું પૂરું કરે તે પહેલાં જ સનતે પૂછ્યું: 'આકાશમાં દેખાતું મેઘધનુષ્ય પણ આ જલબિંદુઓને જ આભારી હોય છે ને?'

'હા, જેમ ત્રિપાર્શ્વકાચ (prism પ્રિઝમ)માંથી પસાર થતા સૂર્યકિરણના સાત રંગો જુદા પડી જાય છે, તેવી જ રીતે આ જલબિંદુઓ પણ સૂર્યકિરણના સાત રંગો જુદા પાડી નાખે છે અને આપણને મેઘધનુષ્ય દેખાય છે. જો, આપણું બલૂન હવે ધીમેધીમે એવી જગ્યાએ આવતું જાય છે કે જ્યાંથી જલબિંદુઓ વડે પરાવર્તિત થતાં સૂર્યનાં કિરણો આપણે જોઈ શકીએ. અહીં નીચેને બદલે આપણને ઉપરથી મેઘધનુષ્ય જોવાનું મળશે; અને તે પણ સંપૂર્ણ ગોળાકાર! પૃથ્વી પરથી તો માત્ર ક્ષિતિજ સુધીનું અર્ધવર્તુળ જ જોવા મળે છે, પરંતુ અહીંથી ઊંચેથી તો આખું વર્તુળ જોઈ શકાય છે; અને ઘણાયે સાહસિક વિમાનીઓએ એ સ્વર્ગીય દૃશ્યનો આનંદ લૂટ્યો છે.'

સનતે નીચે દૃષ્ટિ કરી તો તેને પણ આખું મેઘવર્તુળ જણાયું. મુંબાઇના દ્વિપને ઘેરીને પડેલા એ મેઘધનુષ્યના સ્વર્ગીય દૃશ્યનો આનંદ તે લૂટી રહ્યો હતો ત્યાં તેને એક બહુ જ ભયજનક વિચાર આવ્યો. તે નિશાળમાં ભણ્યો હતો કે બલૂનમાં ભરેલો આર્દ્રવાયુ (હાઇડ્રોજન) ઘણી વખત સળગી ઊઠે છે અને પરિણામે બલૂનના મુસાફરોનો નાશ થાય છે. કદાચ પોતાની તો એ વલે નહિ થાય એ ડરે એ તરત પ્રોફેસર પાસે ગયો. ત્યાં તો પ્રોફેસરે જ શરૂ કર્યું: 'માણસને જીવવા માટે જો કોઇ વસ્તુની વધારેમાં વધારે જરૂર હોય તો તે પ્રાણવાયુની છે. વાતાવરણમાં આપણે જેમજેમ ઊંચે જતા જઇએ તેમતેમ હવા પાતળી થતી જાય છે. પરિણામે શ્વાસોચ્છ્વાસમાં પૃથ્વીની સપાટી પર જેટલો પ્રાણવાયુ મળે તેટલો અહીં મળતો નથી તેથી હૃદયને ખૂબ ઝડપથી લોહી શરીરમાં ફેરવવું પડે છે અને હૃદયના ધબકારા વધી જાય છે. વળી શરીરના દરેકે દરેક અવયવને પ્રાણવાયુ પૂરો પાડનાર રાતા રક્તબિંદુઓ (red blood-corpuscles) લગભગ સવા ગણાં મોટાં થઈ જાય છે. આપણા શરીરની અંદરની શિરાઓમાં લોહીનું દબાણ એનું એ રહે છે, જ્યારે વાતાવરણમાં ઊંચે જવાથી હવાનું દબાણ ઘટતું જાય છે. આને અંગે નાક, કાન, આંખ, મોં વગેરે ભાગોમાંથી લોહી ટપકવા માંડે છે, અને મગજને પૂરૂં લોહી મળતું ન હોવાને કારણે મગજના કાર્યમાં ભૂલ પડવા માંડે છે તથા તે પોતાની સમતોલતા જાળવી શકતું નથી. આવી સ્થિતિ ઘણી વાર બહુ ઊંચે ચડી ગએલા વિમાનીઓ કે જગતનાં ઊંચાં શિખરો સર કરવા જતા પાર્વતિકોને સહન કરવી પડે છે. એ વખતે તેઓ સારાસારનું ભાન ભૂલી જાય છે અને સામેથી મોટું તોફાન આવતું હોય તોપણ તેમાંથી બચવાનું તેમને સૂઝતું નથી. આપણી એવી સ્થિતિ ન થાય એટલા માટે આ યંત્ર છે. એ એકલો વાયુ જ પૂરૂં નથી પાડતું, પરંતુ રૉકેટમાંની હવાને પૃથ્વી પરની હવા જેવી જ રાખે છે. ઉપરાંત રૉકેટની અંદરનાં ઉષ્ણતામાન અને હવાના દબાણનું પણ એ નિયમન કરે છે.'

'રૉકેટની અંદરના ઉષ્ણતામાનનું નિયમન કરવાની શી જરૂર? ઉપર જતાં ખૂબ ઠંડી પડે છે?' સનતે પૂછ્યું.

'ઠંડી પડે છે પણ ખરી, અને નથી પણ પડતી. થોડાં વર્ષો પહેલાં એમ માનવામાં આવતું હતું કે આપણે જેમજેમ ઉપર જતા જઈએ તેમતેમ ઠંડી વધતી જાય છે; પરંતુ છેલ્લી શોધખોળો મુજબ લાગે છે કે એ તદ્દન ખરૂં નથી. અલબત્ત, ઊંચે જવાથી ઉષ્ણતામાન ઘટતું જાય છે, પણ તે માત્ર આઠ માઇલ સુધી જ. આઠ માઈલની ઊંચાઇએ ઉષ્ણતામાન શૂન્યની નીચે ૫૬ અંશ જેટલું હોય છે. આઠથી ચોવીસ માઇલથી વળી ઉષ્ણતામાન વધવું શરૂ થાય છે ને ૬૦ માઇલની ઊંચાઇએ તો પાણી ઊકળવા માંડે એટલી ગરમી થઈ જાય છે. ૬૦ માઈલથી ૮૦ માઈલ સુધી વળી પાછું તે ઊતરે છે અને ફરી ૫૬ અંશ પર આવી જાય છે. પછી એંશી માઇલની ઉપર તે વધતું જ જાય છે અને અત્યારે વૈજ્ઞાનિક મંડળો માને છે કે ઠીક ઠીક ઊંચાઇએ તો એ બેપાંચ હજાર અંશ પહોંચી જતું હોય તો નવાઈ નહિ.'

'ઉષ્ણતામાનની આ ચડતીપડતીનું શું કારણ?'

'એનું કોઈ નક્કી કારણ તો આપી શકાતું નથી; પરંતુ અત્યારે એમ માનવામાં આવે છે કે ખરતા તારાઓ અને ઑઝોન નામના વાયુને અંગે તેમ થતું હશે.'

'પરંતુ પ્રોફેસર, મને તો પ્રાણવાયુની ખોટ અત્યારે જણાતી નથી.' સનતે એકએ ઊંડા શ્વાસ લઇ કહ્યું.

પ્રોફેસર તેનો હાથ પકડીને બીજા એક યંત્ર પાસે લઈ ગયા. એ યંત્ર તેઓ કેટલી ઊંચાઇએ પહોંચ્યા એ દર્શાવતું હતું. એ તરફ આંગળી ચીંધી પ્રોફેસરે કહ્યું: 'આપણે હજુ ત્રણ જ માઈલ ઊંચે પહોંચ્યા છીએ. વાતાવરણમાં એક ઘન ઇંચમાં રહેલી હવાનું પ્રમાણ લગભગ ચાર માઈલ સુધી સરખું રહે છે. એટલે ચાર માઈલ સુધી માણસને શ્વાસ લેવામાં ખાસ મુશ્કેલી આવતી નથી. અને માણસ જો ધીમે ધીમે ઊંચે ચડે તો લગભગ છ માઇલ સુધી તે જઈ શકે છે; કારણકે હવાના પ્રમાણમાં ખાસ ફેર પડતો ન હોવાને કારણે માણસ તેને ટેવાઈ જાય છે. પરંતુ છ માઈલથી ઊંચે જતાં હવામાં ખૂબ જ ફેર પડી જાય છે. વાતાવરણની લગભગ ૮૦ ટકા હવા આ છ માઇલમાં આવી જાય છે, એટલું જ નહિ પરંતુ તેથી આગળની હવામાં પાણીની વરાળનું પ્રમાણ પણ તદ્દન નહિ જેવું જ થઇ જાય છે. આને અંગે આ છ માઇલ અંદરના પ્રદેશને વર્ષા, વાયુ અને વીજળીનો પ્રદેશ કહે છે. આપણે જેમજેમ ઊંચા જઇશું તેમતેમ પ્રાણવાયુની ખોટ અને ઓછું દબાણ એ બેની અસર વધતી જશે. પરંતુ લગભગ પાંચેક માઇલની ઊંચાઇએથી આપણે પેલું યંત્ર ચાલુ કરી દઇશું, એટલે આપણને કોઇ જાતની મુશ્કેલી નહિ નડે.'

'ઓછા દબાણને અંગે આંખ વગેરે અંગોમાંથી લોહી વહેવા માંડે એ સિવાય આપણા પર બીજી કોઇ અસર થાય ખરી?' સનતે પૂછ્યું.

'બીજી સીધી તો કોઈ અસર આપણા પર થતી નથી; પરંતુ ઓછું દબાણ જેને આભારી છે તે હવાનું કદ (volume) ઓછું થવાથી એક બીજી ઘટના ઊભી થાય છે. હવાનું કદ ઓછું થવાથી હવા એકદમ પાતળી થઇ જાય છે. હવે અવાજને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે અમુક ઘનતાવાળી હવાની જરૂર પડે છે. એટલે જેમજેમ હવાની ઘનતા ઘટતી જાય ને હવા પાતળી થતી જાય તેમતેમ અવાજનું પ્રસરણ (transmission) ઓછું થાય અને અવાજ ક્ષીણ થતો જાય. અને જો હવાની ઘનતા ઠીકઠીક ઓછી થઇ જાય તો એકના બોલેલા શબ્દો બીજો સાંભળી પણ ન શકે.

પણ હવાની ઘનતા વિષે બીજી પણ એક હકીકત જાણવા જેવી છે. જેમ અવાજ-પ્રસરણ માટે અમુક ઘનતાની હવાની જરૂર છે, તેમ પક્ષીઓને પણ આકાશમાં ઊડવા માટે અમુક ઘનતાવાળી હવાની જરૂર પડે છે. જ્યાં હવાની ઘનતા આ જરૂરી ઘનતાથી ઓછી હોય ત્યાં ગમે તેટલી પાંખ ફફડાવવા છતાં એ ઊડી ન શકે,—માત્ર પથરાની જેમ પડે; અને જ્યારે યોગ્ય ઘન હવા શરૂ થાય ત્યારે જ તેની પાંખો તેને ઉપયોગી થાય. એટલે જો આપણે અત્યારે રૉકેટમાંથી એકાદ કબૂતર નીચે નાખીએ તો એને યોગ્ય હવા આવે ત્યારે જ એ ઊડી શકે—તે પહેલાં તો એ પડે જ!'

હેઠ હવે સનતને પોતાની વાત યાદ આવી, એટલે તેણે પૂછ્યું:

'પરંતુ એમ કહેવાય છે ને, કે બલૂનમાં આર્દ્ર વાયુ ભરવો એ ભયંકર છે?'

પ્રોફેસર ખડખડાટ હસી પડ્યા ને બોલ્યાઃ 'સળગી ઊઠવાનો બહુ જ ડર લાગે છે? જોકે મેં મારી પહેલી સફરમાં બલૂનમાં આર્દ્ર-વાયુ (હાઇડ્રોજન) ભર્યો હતો, પરંતુ આ વખતે મેં સૂર્યવાયુ (હેલિયમ)નો ઉપયોગ કર્યો છે. સૂર્યવાયુ સળગી ઊઠે તેવો નથી, માટે મનમાં જરા યે ડર રાખ્યા વગર તુ તારે વાતાવરણનું નિરીક્ષણ કર.'

સનત પોતાની જગ્યાએ આવીને બેઠો અને દૂર પશ્ચિમમાં આથમતા સૂર્યદેવને નિહાળવા લાગ્યો. તેણે થોડો વખત આમ ગાળ્યો હશે, ત્યાં પ્રોફેસરને પેલું યંત્ર ચાલુ કરતા તેણે જોયા. એટલે તેને થયું કે તેઓ અત્યારે લગભગ પાંચ માઈલની ઊંચાઇએ પહોંચ્યા હોવા જોઇએ. ઊપડ્યા પછી આટલી ઊંચાઇએ કેટલા વખતમાં પહોંચ્યા એ જોવા માટે તેણે પોતાની કાંડા ઘડિયાળમાં જોયું તો એક ક્ષણ તો એ પોતાની આંખને માની જ શક્યો નહિ. હજુ તો સૂર્ય પશ્ચિમમાં આથમવાની તૈયારી કરે છે, તે છતાં રાતના દસ?! એ પ્રોફેસર પાસે ગયો અને સૂર્ય તરફ આંગળી ચીંધી કે તરત જ હસતાંહસતાં તે બોલ્યાઃ 'સમજી ગયો. રાત પડી ગઈ હોવા છતાં સૂર્ય કેમ દેખાય છે એ જ પ્રશ્ન છે ને? પરંતુ એ તો તદ્દન સહેલું છે; એટલું જ નહિ, પરંતુ તારા અભ્યાસ દરમ્યાન તું એ પણ શીખી ગયો છે. તું જાણે છે કે પૃથ્વી ગોળ છે અને તે પોતાની ધરીની આસપાસ ફરે છે. સવાર પડવાનું કારણ પૃથ્વીનો ભાગ ફરતાંફરતાં સૂર્યની સામો આવે છે એ છે, અને રાત્રિ પડવાનું કારણ પૃથ્વીનો ભાગ સૂર્યની દિશામાંથી ચાલ્યો જાય છે એ છે, અથવા તો સૂર્ય ક્ષિતિજની નીચે ઊતરી જાય છે એ છે. પરંતુ આપણે જેમજેમ ઊંચે ચડતા જઇએ તેમતેમ તે પ્રમાણમાં આપણું ક્ષિતિજ નીચું ઊતરતું જાય છે; એટલેકે આપણને પૃથ્વી પરથી જ્યાં ક્ષિતિજ લાગે છે ને જેની પાછળ આપણે જોઈ શકતા નથી, ત્યાં પણ અહીં આવ્યે જોઈ શકાય છે. પરિણામે સૂર્યને આપણે વધુ ને વધુ વખત જોઈ શકીએ છીએ. આજે પણ તેમ જ થયું છે. માણસ જેમજેમ ઊંચે ચડતો જાય તેમતેમ સૂર્ય ઊગતો વહેલો દેખાય અને આથમતો મોડો દેખાય;—તે એટલે સુધી કે જો પૂરતી ઊંચાઇએ એ પહોંચી શકે તો ચોવીસ કલાકમાંથી અઢાર કલાક સુધી સૂર્યને એ જોઈ શકે!

હં, એ તો ઠીક; પણ તને કદી પૃથ્વીના ગોળ હોવા બાબતમાં શંકા થઇ છે ખરી? જો થઈ હોય તો આજે તેનું નિરાકરણ થઈ શકે તેમ છે?' એમ કહીને એમણે ઈજનેરને બોલાવ્યો અને પૃથ્વીનો પાર-રક્ત (Infra-red) ફોટો લેવાનું કહ્યું. થોડા સમયમાં જ ઈજનેરે ફોટો તેમની સમક્ષ રજૂ કર્યો. ફોટામાં પૃથ્વીનો ગોળાકાર સ્પષ્ટ દેખાતો હતો. સનત તો એ તરફ મુગ્ધાશ્ચર્યથી જોઇ રહ્યા.

પૃથ્વીનો ગોળાકાર જોતાંજોતાં અને પશ્ચિમમાં આથમતો સૂર્ય અવલોકતાં અવલોકતાં કેટલો સમય વીતી ગયો એનું સનતને ભાન જ રહ્યું નહિ. એ બેઠોબેઠો વિચાર કરતો હતોઃ કે કેટલા વખત સુધી આમ ને આમ પોતે સૂર્યને જોઇ શકશે? અને પોતે જાણે સૂર્યની સાથે હોડ રમતો ન હોય એવો તેને આનંદ આવ્યો. સૂર્ય ઝપાટાબંધ પશ્ચિમમાં ઊતરતો જતો હતો અને સાથોસાથ તેઓ પણ ઝપાટાબંધ ઊંચે ચડતા જતા; એટલે આ હોડ ક્યાં સુધી ચાલશે એ કહી શકાય તેમ નહોતું. પરંતુ બીજી એક વસ્તુ તરફ તેનું ધ્યાન જતાં જ તે આશ્ચર્યચકિત થઇ ગયો. સૂર્ય આથમવાની તૈયારી હતી (અથવા તો મુંબાઇની સપાટી પર તો આથમી પણ ગયો હતો) ને છતાં સંધ્યા સમયે આકાશમાં જે મનોહર ગુલાબી રંગો ઊભા થાય છે અને વાદળાંઓ રુપેરી કિનારીના જે આભા ઓઢે છે એ અહીંથી કેમ જણાતા નથી? આજુબાજુના આકાશ પર તેની નજર પડી તો તેણે જોયું કે પૃથ્વી પરથી જે નિર્મળું નીલું આકાશ દેખાય છે તેવું આકાશ રહ્યું નહોતું, પરંતુ તે એકદમ ઘેરૂં થતું જતું હતું. આ બનાવથી નવાઇ પામીને એ પ્રોફેસરને પૂછવા જતો હતો ત્યાં પ્રોફેસરને તેણે ઉષ્ણતામાપક યંત્ર પાસે ઊભેલા જોયા, એટલે સ્વાભાવિક રીતે જ તેના હોઠ પર આવી ગયુંઃ 'કેમ, અહીં કેવીક ઠંડી છે?'

પ્રોફેસર તેના તરફ વળ્યા અને બોલ્યાઃ '૧૯૩૪માં રશિયન લોકો આકાશમાં ઊડ્યા હતા ત્યારે તેમણે ઓછામાં ઓછું જે ઉષ્ણ-તામાન નોંધ્યું છે તેટલું આપણે પહોંચી ગયા છીએ. હવામાં રહેલા પ્રાણવાયુનું પણ પ્રવાહી થઈ જાય એટલી આ ઠંડી છે!'

'આપણે અત્યારે કેટલી ઊંચાઇએ પહોંચ્યા હોઇશું?'

'લગભગ બારેક માઈલની ઊંચાઈએ. ચૌદ માઈલની ઊંચાઈથી આગળ હજુ સુધી કોઇ કાળા માથાનો માનવી પહોંચ્યો નથી. જોકે કલ્પનગામીઓ એમ માને છે કે બલૂનની મદદથી નજદીકના ભવિષ્ય-માં અઢાર માઈલની ઊંચાઇ સુધી માણસો પહોંચી શકશે. પરંતુ રૉકેટ-કલ્પનના પ્રણેતા ને રૉકેટમાં અસીમ શ્રદ્ધા ધરાવનાર ગૉડાર્ડનું એમ માનવું છે કે રૉકેટની મદદથી લગભગ એક સો માઇલની ઊંચાઈ સુધી મનુષ્યો જઇ શકશે. હવામાં ઊંચે જતાં વાતાવરણનું દબાણ ઓછું થતું જાય છે, જ્યારે બલૂનની અંદર જે વાયુ ભર્યો હોય છે તેનું દબાણ તો એટલું જ રહે છે. પરિણામે બલૂન મોટું થતું જાય છે અને અમુક ઊંચાઇએ તે ફાટે છે. કઈ ઊંચાઇએ તે ફાટશે એ નક્કી કહી શકાતું નથી, એટલે ખૂબ ઊંચાઇએ જવા માટે બલૂન સલામત વાહન નથી. બલૂન પ્રમાણમાં નીચે ન ફાટે એટલા માટે પ્રથમથી જ બલૂન અધૂરૂં ભરવામાં આવે છે અને તેની અંદરના વાયુના પ્રમાણનું નિય-મન કરી શકાય છે.

બલૂન ખૂબ ઊંચે જઈ શકતું ન હોવાથી જ આપણે સાથે રૉકેટ પણ લીધું છે. છ માઇલથી ઊંચે જતાં તરત હવા બહુ જ પાતળી થઈ જાય છે, એટલે રૉકેટને જરા યે અવરોધ થતો નથી અને તે ખૂબ જ ઝડપથી જઇ શકે છે. આપણે લગભગ અઢાર માઈલની ઊંચાઈ સુધી આ બલૂનની મદદથી જઇશું; પછી ત્યાંથી બલૂનને રજા આપીશું અને રૉકેટનો ઉપયોગ કરીશું. હજુ સુધી કોઈ મનુષ્ય અઢાર માઈલ સુધી ગયો નથી. જોકે મનુષ્ય વગરનાં સ્વનિયંત્રિત (automatic) યંત્રો વડે સજ્જ કરેલાં બલૂનો અમેરિકામાં લગભગ ૨૩ માઇલની ઊંચાઈ સુધી મોકલવામાં આવ્યાં છે.'

આ પ્રમાણે પ્રોફેસર વાત કરી રહ્યા હતા, ત્યાં લગભગ ઘેરા ભૂરા થઇ ગએલા આકાશ તરફ તેમની નજર પડી, એટલે એમણે વળી પાછું શરૂ કર્યુંઃ 'પૃથ્વી પરથી આપણે આકાશમાં સવારે અને સાંજે જે લાલ-ગુલાબી રંગો જોઇએ છીએ અને સારા યે આકાશમાં દિવસ દરમ્યાન જે પ્રકાશિતા જણાય છે તેનું મૂળ કારણ આપણા વાતાવરણમાં રહેલાં રજકણો છે. આકાશનો નીલો રંગ, સવાર-સાંજની રંગપ્રશસ્તિ અને આકાશની તેજસ્વિતા એ ત્રણે, નરી આંખે જોઈ પણ ન શકાય એવી અતિ સૂક્ષ્મ ધૂળકણીઓ પર આધાર રાખે છે જેમજેમ આપણે આકાશમાં ઊંચે ઊડતા જઇએ તેમતેમ હવા-માં આ રજકણોનું પ્રમાણ ઘટતું જાય છે, અને તેને અંગે આકાશનો રંગ ઘેરો થતો જાય છે. વાતાવરણની બહાર જઇને જો કોઈ માણસ અવકાશમાં નજર નાખે તો પોતાની આસપાસ તેને એકદમ અંધ-કાર લાગે, ધોળે દિવસે પણ તારાઓ દેખાય, અને તેઓ ટમકે નહિ પણ સ્થિર લાગે (કારણ કે તારાઓના ટમકવાનું કારણ પણ આપણું

વાતાવરણ જ છે), અને સૂર્ય ફરફર બળતા કોઈ તાપણા જેવો લાગે. અરે! પચાસેક માઈલની ઊંચાઈએ પણ આકાશમાં એટલો અંધકાર છવાઈ જાય છે કે ત્યાંથી પણ આપણે દિવસે તારા જોઈ શકીએ.'

'આકાશનો રંગ કેટલી ઊંચાઇએ એકદમ કાળો થઇ જાય છે?'

'આકાશના રંગમાં એવો ઝડપી ફેરફાર થતો જ નથી, પરંતુ તે ધીમેધીમે બદલે છે. પણ જે જે લોકો આકાશમાં ઊંચે સુધી ઊડી આવ્યા છે તેમના અને આકાશમાં મોકલેલા સ્વનિયંત્રિત બલૂન વગેરેના અનુભવો પરથી વૈજ્ઞાનિકો નક્કી કરી શક્યા છે કે લગભગ ગૌરીશિખર (એવરેસ્ટ)ની ઊંચાઈ સુધી આકાશનો રંગ નીલો દેખાય છે. પછી જેમજેમ ઉપર જતા જઇએ તેમતેમ એ ઘેરો થતો જાય છે, અને પોણા સાત માઈલની ઊંચાઇએ ઘેરો આસમાની થઇ જાય છે; આઠ માઇલે એ ઘેરો જાંબલી લાગે છે અને ચૌદ માઈલની ઊંચાઈએ કાળો ભૂરો થઈ જાય છે. અત્યારે આકાશનો રંગ લગભગ એવો જ લાગે છે, એટલે આપણી ઊંચાઈ લગભગ ચૌદ માઇલની હોવી જોઇએ.' એમ કહીને એ ઊંચાઇ માપવાના યંત્ર તરફ વળ્યા અને જોયું તો લગભગ તેઓ પંદર માઈલની ઊંચાઇએ પહોંચવા આવ્યા હતા. પ્રોફેસર કૂદી તાળી પાડી બોલ્યા: 'કોઈ પણ માણસ નથી પહોંચ્યો એટલી ઊંચાઇએ આપણે પહોંચી ગયા છીએ!'

(ચાલુ)

ગુલાબરાય સી. પારેખ
અને એમ. એન. પારેખ

આમ કેમ થતું હશે એ જ મને સમજાતું નથી. આ લેખની જ વાત કરો ને! સવારનો વિચાર કરું છું કે હમણાં લખી નાખું. પણ અત્યાર સુધી લખવાની શરૂઆત જ નથી કરી શક્યો. સવારમાં લખવા માટે ટેબલ પાસે ગયો ત્યાં સામેના અરીસામાં મોં દેખાયું અને માથાના વાળ બહુ જ વધી ગયા છે એમ જણાયું. એ તે કંઈ ચાલે? વાળ તો કપાવવા જ જોઇએ. તરત કોટ પહેર્યો અને બહાર ઊપડ્યો. વાળ કપાવીને કલાક દોઢ કલાક પછી ઘેર આવ્યો. હવે લખવાનું શરૂ કરવામાં કાંઈ વાંધો ન હતો.

એટલામાં એક બે મિત્રો આવ્યા. 'તું ખાસ કામમાં હોય તો અમે આ ચાલ્યા પાછા. આવીશું ફરી કાલે કે પરમ દિવસે. અમે કંઈ ખાસ કામ માટે નહોતા આવ્યા.' એમણે કહ્યું.

'હવે ભાઈ, બેસો તો ખરા જરાક. મારે જોકે થોડુંક લખવાનું તો છે. પણ એ તો ઠીક; ઘસડી કાઢીશ તમારા ગયા પછી.' એમ કહી મેં એમને બેસાડ્યા. સૌજન્યના બધા ય નિયમો મને એ વખતે યાદ આવ્યા! ખરૂં પૂછો તો મેં એમને જવાનું કહ્યું હોત તો એમને જરા યે માઠું ન લાગત. પણ ઘેર આવેલા મિત્રોને કેમ કાઢી મૂકાય, એવો વિચાર કરીને, બબડાટ કરવાને ટેવાએલા મારા મનને મેં સમજાવી લીધું. મિત્રો ગયા ત્યારે અગિયારેકનો શુમાર હતો.

હવે તો નહાઈશું, જમી લઇશું અને પછી નિરાંતે લખવા બેસીશું એવો વિચાર મેં કર્યો અને સ્નાનભોજનમાં પડ્યો. જમ્યો ત્યાં જરાક આરામ કરવાનું મન થયું. અત્યારે ખાધે પેટે બહુ સારૂં નહિ લખાય એમ વિચારી જરાક લેટવાનો વિચાર કર્યો. અર્ધો'ક કલાક સરસ ઊંઘ્યો અને જાગ્યો ત્યારે બરાબર તાજો થઇ ગયો હતો.

બપોરનો એક વાગ્યો હતો. હવે લખ્યા વગર ચાલે એમ જ ન હતું. કાગળ, પેન્સિલો, ચપ્પુ એવું બધું સાહિત્ય ટેબલ પર એકઠું કર્યું. એટલામાં મનમાં થયું કે, બપોરનો વખત થયો છે એટલે ચા પીને પછી જ લખવા બેસું એના જેવું એકે નહિ. એથી લખવાની પણ સરસ સ્ફૂર્તિ આવશે, અને લખાણ અધૂરૂં મૂકી ચા માટે ઊઠવાનો વારો નહિ આવે. ખરેખર, આ વિચાર મારા મનને એવો તો ગમી ગયો! તરત જ સ્ટવ સળગાવ્યો અને સારી ચા બનાવી. એક બે કપ ગરમગરમ ગટગટાવી ગયો. હવે તો લખ્યા વગર છૂટકો જ ન હતો. હું ધારૂં છું કે મેં ખૂબ માથું પણ ખંજવાળી જોયું, પણ હવે બહાનું જડે જ શાનું? આખરે મનમાં નિશ્ચય કરી પેન્સિલ હાથમાં લીધી અને લખવાની શરૂઆત કરી

શ્રી અનંત કાણેકરનો નિબંધ

નટના ખેલ

ફરીફરી મારા મનમાં થયા કરે છે કે શા માટે આ આપણી જાતની છેતરપીંડી? આપણા મન સાથે આ ઝગડો શા માટે? 'બસ, લખ ને લખ જ' એવો જુલમ તો મારા પર કોઇ કરતું નથી. અથવા લખું તો પૈસા મળવાના છે કે બીજો કોઇ સ્વાર્થ સિદ્ધ થવાનો છે એવું પણ નથી. તો આ ફાંફાં શા માટે?

એ ગમે તેમ હોય; પણ એવું હોય છે એટલું તો ચોક્કસ. એક પ્રવૃત્તિ મનને કહેતી હોય છે: 'બેસી જા છાનો માનો; આરામ કર: આ લખવાની ધમાલ શા માટે?' બીજી પ્રવૃત્તિ બીજી તરફ ખેંચે છે અને કહે છે: 'ચાલ, લખવા બેસ; કામ કર; કાંઈક તો કરી બતાવ!'

પ્રવૃત્તિનિવૃત્તિની આ ખેંચાતાણમાં મન હેરાન થઈ જાય છે અને કોઈક વાર જીવ કંટાળી જાય છે.

પણ આ ગજગ્રાહની ખેંચાતાણમાં પોતાના પગને જરા યે ડગમગવા ન દેતાં તેમને ટટ્ટાર રાખવામાં જ,-તાર ઉપરના આ નાચમાં પોતાનું સમતોલપણું કુશલતાથી સાચવવામાં જ જીવનનો રસ અથવા જિંદગીની મઝા છે એમ સુજ્ઞો માને છે. સમતોલપણું ગયું એટલે થઇ રહ્યું. રોજિંદા અનુભવની કોઈ પણ વાત લો. પરસ્પરવિરુદ્ધ પ્રવૃત્તિઓના આવા ઝગડામાંથી આપણે કોઇ દિવસ છૂટવાના નથી. સૂઇ રહેશો તો ચરબી વધશે અને તમે જાડા થશો! ઉજાગરા કરશો તો તમારૂં શરીર બગડી જશે ને હાડકાં જ રહેશે! કશું કામ કર્યા વગર નિરાંતે સૂઇ જશો-આરામ કરશો તો એ આરામ ભયંકર લાગશે-જીવ બેચેન થશે. 'બહુ થયો આ આરામ' એમ કહી કામ કરવા માંડશો અને કામ પછી ફરી આરામ લેશો તો એ આરામ જરા આનંદકારક જણાશે. પરંતુ એ જ આરામ પણ સતત ચાલુ રાખશો તો ફરીથી ભયંકર લાગશે, અને જીવને હેરાન કરી મૂકશે!

આ ચગડોળ સર્વકાળ ચાલ્યા જ કરવાનો. તાર ઉપરનો આ નાચ આમ જ અવિરત ચાલુ રહેવાનો! આ જ જીવન. એ ન જોઇતું હોય તો મરી જાઓ! એ જ વિજયી વીર જે આ તાર પર સમતોલ રહી શકે.

પણ આ તાર કેવો? એ આવ્યો ક્યાંથી અને જાય છે ક્યાં એ કોઈ જાણતું નથી. કોઈ આપણને આ તાર પર અકારણ જ ઊભા કરી દે છે. અક્કલ હોશિયારીથી સમતોલપણું સાચવતા આપણે આગળ વધીએ છીએ, અને પછી જેમ આવ્યા તેમ-કોણ જાણે ક્યાં-એકદમ અલોપ થઈ જઇએ છીએ! કેવા સુંદર નટના ખેલ આ!

વસન્ત જોષી

ભૂતકાળની શોધમાં

કચ્છના રણપ્રદેશ પર જ્યાં એક કાળે આનર્તરાષ્ટ્રનો સાગર ઘૂઘવતો તેના અવશિષ્ટ બેટો ને ખંડિયેર થએલાં બંદરોની ભાળ કાઢવા માટે કરેલા પગપાળા પ્રવાસની લેખમાળા


૨–ઝિંઝુવાડા

ઝિલ્લાણંદ બેટ ઉપર હવે હું પર્યટન કરવા લાગ્યો. ગીચ જંગલમાં વૃક્ષો અને પક્ષીઓ સિવાય બીજું કશું દેખાતું નહોતું. માનવી રહેઠાણનાં ચિહ્નો ક્યાંય નજરે પડતાં ન હતાં. કઈ કેડી ક્યાં જાય છે તેની કાંઈ ગતાગમ મને હતી નહિ. હા, એટલું જાણતો હતો કે બેટની લંબાઇ ચાર માઇલ અને પહોળાઇ બે માઈલ છે, એટલે ગમે તે બાજુએ જઈશ તોપણ થોડીક વારમાં રણને કાંઠે ક્યાંક ને ક્યાંક તો જઈ જ પહોંચીશ; ને પછી ત્યાંથી ઝિંઝુવાડાનો રસ્તો ખોળતાં વાર નહિ લાગે. એવા સંજોગોમાં હું મન ફાવે તે બાજુએ, કોઈ પણ જાતના ધ્યેય વગર, ગમે તેમ ચાલવા લાગ્યો. ક્યાંક રસ્તો અવરોધતી કોઇ ઝાડીમાંથી જમીન ઉપર સૂઇને આગળ જવું પડતું, તો ક્યાંક, આખા બેટમાં ચોમાસાના જળપ્રવાહે પાડેલી કોતરોમાં કૂદકા મારી પંથ કાપવો પડતો. અંતે બે કલાકની રખડપટ્ટી પછી એક મકાન આવ્યું અને તેમાં ખાટલા ઉપર એક માણસ બેઠેલો મળ્યો. પૂછપરછ કરતાં જણાયું કે એ જંગલખાતાની ચોકી હતી અને ભોટવાના પ્રસિદ્ધ કુંડો નજીકમાં જ હતા; એટલે હું તુરત ત્યાં જઈ પહોંચ્યો.

આખા બેટના વહેળાઓ જે સ્થળે એકબીજાને મળી એક મોટા પટનું સ્વરૂપ ધારણ કરે છે ત્યાં આગળ એક નાનુંસરખું મેદાન બની ગયું છે. આ મેદાનમાં પાકા બાંધેલા ચારેક કુંડો આવેલા છે. એનું જ નામ ભોટવાતીર્થ. અહીં જ મહાદેવે તપ કર્યું (જુઓ અંક માંની આ લેખમાળા) કહેવાય છે. વળી પૌરાણિક પરંપરા પ્રમાણે સરસ્વતી નદી એ જ સ્થળે પ્રથમ વાર સમુદ્રને મળીને પછી પ્રભાસ પાટણ તરફ પશ્ચિમ મહાસાગરને મળવા આગળ જતી હતી. કુંડામાં પાણી મીઠું હતું ને તેમની બાંધણીમાં પુરાતનપણાની નિશાનીઓ જણાતી નહોતી. વારંવાર થએલા જીર્ણોદ્ધારને લઇને પણ આમ થવા પામ્યું હોય.

ઝિલ્લાણંદ બેટ અગર ઝીલાણુતીર્થની જાત્રા પૂરી કરી હું ઝિંઝુવાડા પહોંચી જવા રણ તરફ વળ્યો જોકે મારી આ જાત્રા અધૂરી રહી કહેવાય, કારણકે પાછળથી મને લોકોએ જણાવ્યું કે એ બેટની પશ્ચિમે પ્રાચીન કાળનો એક મોટો કોટ છે અને ત્યાં પુરાતન બંદરની પણ નિશાનીઓ છે. કમભાગ્યે એની અગાઉથી મને ખબર પડી નહિ.

બેટ અને ઝિંઝુવાડા શહેર વચ્ચે ખારા રણનો બે માઈલનો પટ પથરાએલો પડ્યો હતો. બપોરના ત્રણ વાગ્યા હતા. એવે વખતે ત્યાં ચાલનાર ગાંડો જ ગણાય. મીઠાની ચળકતી પોપડી આંખો આંજી નાખતી હતી અને ઉપર સૂર્યનો તાપ મગજ ફાડી નાખે તેવો હતો; એટલું જ નહિ પણ સૂર્યના તાપને લઈ રણની સપાટી પરના ક્ષારોએ ભીના થઇ કાદવનું રૂપ ધારણ કર્યું હતું. આ ખારા કાદવમાં કૉસ્ટિક સોડાનો અંશ હોવાથી પગની ચામડી માટે તે જોખમકારક થઈ પડે છે, એટલે બૂટની વાધરીઓ સારીપેઠે બાંધીકરી મહામુસીબતે ચાલતો ચાલતો પાંચ વાગ્યે હું ઝિંઝુવાડા પાસે તે સ્થળે આવી પહોંચ્યો કે જ્યાં સવારે કુંડમાં નહાતા માણસે મને પ્રાચીન બંદરના અવશેષો હોવાની વાત કરી હતી. મને એ અવશેષો ક્યાંય દેખાયા નહિ. એટલે નજીકમાં દેખાતા ઝિંઝુવાડાના ગઢ તરફ મેં ચાલવા માંડ્યું.



ઝિંઝુવાડા કિલ્લાના દ્વારનો સંપૂર્ણ ખ્યાલ આપતું એક જૂનું રેખાંકન. આજે તો આમાંનું કશું યે હયાત રહ્યું નથી.

ગુજરાતમાં જ નહિ પણ આખા પશ્ચિમ હિંદમાં ઝિંઝુવાડાનો આ કિલ્લો અનેક રીતે અગત્યનો લેખાય છે. 'કુમાર'ના ફાગણ ૧૯૮૫ના (૬૩મા) અંકમાં શ્રી હરિનારાયણ આચાર્યનો લખેલો ઝિંઝુવાડાને લગતો એક માહિતીપૂર્ણ સચિત્ર લેખ પ્રગટ થઈ ચૂક્યો છે, એટલે એ લેખ ઉપરાંતની જ ઝિંઝુવાડા સંબંધી માહિતી હું અહીં આપીશ. રાસમાળામાં કિન્લૉક ફૉર્બ્સે તેની જે વિગત આપી છે તે અહીં રસપ્રદ થઈ પડે તેવી છે:

'સોલંકી કાળના પ્રાચીન અવશેષોમાં અતિ મનોરંજક તો ડભોઇ અને ઝિંઝુવાડાના એકસરખા કિલ્લા છે. એ બંનેની બાંધણી અને શિલ્પ સરખાં છે. એમાં ઝિંઝુવાડાનો કિલ્લો વિશેષ વ્યવસ્થિતરીતે બંધાએલો છે. અતિ એકાંત સ્થળે આવેલો હોવાથી તે પરદેશી આક્રમણકારોના વિનાશથી બચી જવા પામ્યો છે. . . . . .

ઝિંઝુવાડાના કિલ્લાનો આકાર ખરેખરો સમચોરસ છે. તેની એકેકી બાજુની લંબાઈ આશરે આઠસો વાર છે. એની ભીંતો નક્કર ચણીની છે. અને ઊંચાઇમાં તે પચાસ ફૂટ છે. દરેક બાજુની મધ્યમાં દરવાજો છે. તેના ઉપર જે મેડા છે તે, બંને બાજુની કૌંસાકાર હારો જ્યાં ટોચે મળે છે અને જે કમાનોનું કામ સારે છે, તેઓને આધારે રહેલા છે. કિલ્લાના એકેકા ખૂણામાં એકેકો બુરજ છે. તેનો સામાન્ય આકાર તો સમચોરસ છે, પણ હિંદુ શિલ્પીઓને ખાંચો પાડીને અસાધારણ આકાર કરવો પસંદ પડે છે તે પ્રમાણે તેને પણ કરેલું છે. વચલા દરવાજા અને ખૂણાના દરેક બુરજની વચ્ચે ચચ્ચાર સમચોરસ હાથણીઓ છે. કિલ્લાની ભીંત પર થોડે થોડે અંતરે કોતરકામના આડા કંદોરાનાં સુશોભનો છે. ઉપલી બાજુએ અર્ધગોળાકાર કાંગરા મૂકેલા છે. દરવાજાઓ કોતરકામથી ઘણા સમૃદ્ધ છે . . .

કિલ્લાની અંદર દક્ષિણ દરવાજાની સામે જ એક ગોળાકાર તળાવ છે. તેનો વ્યાસ ત્રણસો વારનો છે. આ તળાવની નજીકમાં એક વાવ છે. કિલ્લાના ચારે દરવાજા ખંડિયેર રૂપે હજી પણ હયાત છે. કિલ્લાની અંદરની અસલના વખતની જૂની ઇમારતો નાશ પામી છે અને હાલ ત્યાં જંગલ છે. બાકીના ભાગમાં હાલનું ગામ છે અને તે કોળી ઠાકોરના તાબામાં છે. આ કિલ્લાની દીવાલો ઉપર ઠેકઠેકાણે **મહં श्री ऊदल** આ વાક્ય લખેલું છે, તે ઉપરથી ધારણા થાય છે કે ઉદયન-

ગંત્રીના ઊપરીપણા નીચે આ કિલ્લો બંધાયો હશે. . . . . .

ડભોઇનો કિલ્લો આકાર ને વિસ્તારમાં ઝિંઝુવાડાને મળતો છે. તેનો ઘાટ ઝિંઝુવાડાના કિલ્લા કરતાં ઓછો વ્યવસ્થિત છે ને વળી તે નીચો પણ છે. શિલ્પમાં તેના ત્રણ દરવાજા તો ઝિંઝુવાડાના દરવાજા જેવા સુંદર નથી, માત્ર હીરા ભાગોળ નામનો ચોથો દરવાજો વિશેષ સુંદર છે.' (રાસમાળા-ભા. ૧, પૃ. ૩૫૦-૩૫૧.)

આ ગામનું નામ ઝિંઝુવાડા શા ઉપરથી પડ્યું તે વિષે કેટલા યે મતો પ્રચલિત છે. અહીં એક દંતકથા એવી પણ પ્રચલિત છે કે ઝિંઝુવાડાના દક્ષિણ દરવાજા આગળ એક રાજબાઈ માતાની દહેરી છે તે સ્થળે જ્યારે ઝિંઝુવાડા વસ્યું નહોતું ત્યારે ઝુંઝા નામના ભરવાડનો નેસ હતો. તે વખતે પાટણની રાજરાણી મીનળદેવીને બબ્બે વર્ષ થયા છતાં પ્રસૂતિ થતી નહોતી, એટલે જિંદગીથી કંટાળી રાણી દ્વારકાની જાત્રાએ જવા નીકળ્યાં અને રસ્તામાં જ્યાં ઝુંઝા ભરવાડનો નેસ હતો તેની નજીક મુકામ નાખ્યો. ઝુંઝાને રાણીના દુઃખની ખબર પડી. તે રાણીની પાસે જઇને બોલ્યો કે તમારી શૉક્યોએ કામણ કરી એક માટલીમાં પાણી ભરી તેમાં એક દેડકી નાખી, પછી એ માટલીને જમીનમાં દાટી દીધી છે. આ દેડકી જ્યાં સુધી નીકળે નહિ ત્યાં સુધી તમને પ્રસૂતિ થાય નહિ. ભરવાડે રાણીને સલાહ આપી કે તમે એવી ખોટી વાત ફેલાવો કે કુંવર અવતર્યા છે, એટલે તમારી શૉક્યો એ માટલીને, તેનું કામણ કેમ ચાલ્યું નહિ એ તપાસવા બહાર કાઢશે, અને તેમાંથી દેડકી નીકળશે. રાણીએ આ પ્રમાણે કર્યું અને તેની શૉક્યોએ ધારણા મુજબ માટલી કાઢી, તેમાંની દેડકી નીકળી કે તે જ ઘડીએ ઝુંઝાના નેસ આગળ રાણીને કુંવર અવતર્યો. આ કુંવર તે સિદ્ધરાજ જયસિંહ. ઝુંઝાના આ ઉપકારના બદલામાં રાણીએ તેના નેસ પાસે ઝિંઝુવાડા નામનું શહેર વસાવ્યું અને સિદ્ધરાજ ગાદીએ આવતાં તેણે ત્યાં કોટ બંધાવ્યો. આવી જ દંતકથા ડભોઈના કિલ્લા વિષે પણ પ્રસિદ્ધ છે.

ઝિંઝુવાડાનું પ્રાચીન નામ ઝાંઝનગર પણ મળી આવે છે. વઢવાણ પાસે રામપુરામાં ઇ. ૧૪૮૨નો એક શિલાલેખ છે તેમાં આ પ્રમાણે ઝાંઝનગર નામના શહેરનો ઉલ્લેખ છે: **संवत्त १५३८ वर्षे शाके १४०३ प्रवर्त्तमाने माघ मासे शुक्लपक्षे १३ शुक्रे पादसा श्री महिमूदराण श्री वध विजयराज्ये अदेहसूर्यपुरे म्सांम्मनगर वास्तव्य खान श्री अलूखान राज्ये मंत्रि श्री . . .**

આ ઝાંઝનગર તે ઝિંઝુવાડા એમ શ્રી તળવળકરનું માનવું છે.

ખરૂં જોતાં, ઝિંઝુવાડા ક્યારે અને કોણે વસાવ્યું તે સંબંધે હાલ કાંઈ પણ પ્રામાણિક માહિતી ઉપલબ્ધ થઈ નથી. એના કિલ્લાના શિલ્પ ઉપરથી જણાય છે કે એ અને ડભોઇનો કિલ્લો સમકાલીન હે.ઈ એક જ રાજાએ બંધાવેલા હોવા જોઇએ. બંને કિલ્લાઓ સિદ્ધરાજે (ઈ.૧૦૬૪-૧૧૪૩) પોતાના રાજ્યની પૂર્વ ને પશ્ચિમ સરહદોની ચોકી માટે બંધાવ્યા હતા એમ વિદ્વાનો માને છે. સિદ્ધરાજના રાજ્યકાળનાં છેલ્લાં વર્ષોમાં ઉદયન નામનો વણિક (પાછળથી કુમારપાલનો મહામંત્રી થયો હતો તે) ખંભાતનો સૂબો હતો એટલે ઝિંઝુવાડાના કિલ્લા પર લખેલું ઉદલ નામ તે ઉદયનનું દેશી રૂપ હોય એ બનવાજોગ છે.

આટલું પ્રાંતિક ઐતિહાસિક મહત્ત્વ ધરાવ્યા ઉપરાંત ઝિંઝુવાડાનો નગરકોટ હિંદના પુરાતત્ત્વમાં પણ એક વિશિષ્ટ સ્થાન ભોગવે છે. સુપ્રસિદ્ધ કલાવિવેચક શ્રી આનંદકુમારસ્વામી તેના વિષે લખે છે: 'મધ્ય કાળના કોઈ પણ હિંદી નગરના કોટના અવશેષો સૌથી વધુ સુરક્ષિત રહ્યા હોય તો તે વડોદરાની પાસે ડભોઈ અને ગુજરાત-કાઠિયાવાડના નાકે આવેલા ઝિંઝુવાડાના છે આ અત્યંત મજબૂત ગઢો ઈ.૧૧૦૦ની લગભગ ગુજરાતના સોલંકી રાજાઓએ બંધાવ્યા હતા. (હિસ્ટરી ઑફ ઇન્ડિયન ઍન્ડ ઈન્ડોનેશિયન આર્ટ પૃ. ૫૧૩)

ઝિંઝુવાડાના ગઢના દરવાજાઓ પણ હિંદી સ્થાપત્યની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ ભોગવે છે. ફરગ્યુસન જણાવે છે કે એ દરવાજાઓની કમાનો શુદ્ધ દ્રવિડ શૈલીની છે. ડભોઇના દરવાજાઓ પણ એ જ શૈલીના રચાયા હતા. આ બે સિવાયના એ શૈલીના બીજા દરવાજાઓ કાઠિયાવાડમાં ઘુમલી, ઉત્તર હિંદમાં ગ્વાલીઅર પાસે તેરહી અને દક્ષિણ હિંદમાં વિજયનગરના મળી આવે છે.

ઝિંઝુવાડાના ગઢની રાંગેરાંગ હું છેક ઉત્તર દિશાએથી ચાલતો ચાલતો તેને દક્ષિણ દરવાજેથી બહાર નીકળી પાસેના તળાવને કાંઠે પહોંચ્યો. તળાવ ઘણું વિશાળ હોઈ પોણા માઇલનો ઘેરાવો ધરાવે છે. આકાર અમદાવાદના કાંકરીઆના જેવો ખૂણાદાર ગોળ છે. પાણીને બદલે તેમાં અત્યારે કાદવ હતો, જેમાં ભેંસો માંદણે પડી હતી. ગામના લોકો કહે છે કે પાટણના રાજા સધરા જેસંગે એક વાર અહીં છાવણી નાખેલી, પણ શહેરમાં પાણી મળે નહિ. એટલે તેણે બાબરા ભૂતને તળાવ ખોદવા હુકમ કરેલો. બાબરાની ભૂતાવળે એક રાતમાં ગઢ અને તળાવ બાંધીને તૈયાર કરી આપ્યાં! લગભગ ઈ. ૧૧૧૦માં સિદ્ધરાજે પાટણથી જુનાગઢ ઉપર આક્રમણ લઇ જતી વખતે માર્ગમાં વાઘેલ, મુંજપુર વગેરે સ્થળે સરોવરો બંધાવેલાં તે જ વખતે કદાચ આ તળાવ પણ બંધાવ્યું હોય એ શક્ય છે.

હવે સાંજ પડી હતી. તળાવ પરથી હું બજારમાં ગયો આવતી કાલે વગર માનતાએ જ વાછડાદાદાની માનતા ઉતારવી હતી, એટલે તેના માટે લાડુની પ્રસાદી નાળિયેર વગેરે લીધાં, હૉટેલમાં જમ્યો અને પછી ઊતર્યો હતો તે મંદિરે આવીને સૂઈ રહ્યો.

પરોઢીએ બરોબર ચાર વાગ્યે હું ઊઠીને બેઠો થઇ ગયો. બહાર ચંદ્રમાનો ધવલ પ્રકાશ ફેલાએલો હતો અને મંદિરની અંદરના ઘોર અંધકારમાં મારી પથારી પડેલી હતી. મીણબત્તીઓ ખૂટી હતી એટલે અંધારામાં ફાંફાં મારી મારી વસ્તુઓ સંકેલીને થેલીઓમાં ભરી ને પછી મજૂરની રાહ જોતો બેઠો. પાંચ વાગ્યે મજૂર આવ્યો તેને થેલીઓ સોંપી નિત્યકર્મથી પરવાર્યો અને મંદિરને છેલ્લા નમસ્કાર કરી આનર્ત રાષ્ટ્રના વિનાશ પામેલા સાગરનો-કચ્છના રણકાંઠાના પ્રવાસનો આરંભ કર્યો. આગળ મજૂર ને પાછળ હું, એમ અમે ઝિંઝુવાડાના કિલ્લાની ઉત્તરે નીકળ્યા. થોડેક ચાલતાં એક પ્રાચીન ટેકરો આવ્યો. મજૂરે કહ્યું કે અહીં જૂના વખતમાં ઝિંઝુવાડાનું બંદર હતું. નજીકમાં જ તે વખતના તળાવના અવશેષો છે. હજી અંધારૂં જ હતું એટલે કાંઇ તપાસ કરી શક્યો નહિ. વળી ઝિંઝુવાડામાં તો એટલું બધું જોવાનું બાકી હતું કે ફરી બીજી વાર કોઈક વખતે આવવું પડશે અને તે વખતે જ આ પ્રાચીન સ્થળનું સંપૂર્ણ સંશોધન કરીશ એમ વિચારી મેં આગળ ચાલવા માંડ્યું.

ડાબી બાજુએ કચ્છનું સપાટ રણ વિસ્તરેલું હતું અને જમણે હાથે ખારા પાટનો પ્રદેશ પડ્યો હતો ને તેની પૂર્વે પ્રસરેલી લીલી છમ વઢિયાર તરફથી સૂર્યનાં કિરણો અમારા ઉપર ફેંકાતાં રણ ઉપર પથરાવા લાગ્યાં હતાં. જેમજેમ પ્રકાશનો ઉઘાડ થતો હતો તેમતેમ રણપ્રદેશમાં અવનવાં દૃશ્યો નજરે પડતાં હતાં. પ્રભાતકાલે દેખાતું રણનું સૃષ્ટિસૌંદર્ય તો વર્ણવી શકાય તેવું નથી રાતે આ વિસ્તારમાં થોડાક છાંટા પડેલા, એટલે રણની સપાટી કાદવમય થઇ પડી હતી. સાત વાગ્યે અમે ફતેપુર ગામે પહોંચ્યા. ત્યાં ત્રણચાર

ગાડાં ઊભેલાં હતાં. તે વઢિયાર તરફથી આવેલા વાછડા દાદાના જાત્રાળુઓનાં હતાં. રણમાં કાદવને લઇને ચાલી શકાય તેમ ન હોવાથી તે રણમાંથી પાછાં વળ્યાં હતાં અને આજનો દિવસ ઝિંઝુવાડા રોકાઈ કાલ સુધીમાં રણનો કાદવ સુકાઈ જતાં આવતી કાલે વાછડા દાદા જવાનો તેમણે વિચાર કર્યો હતો. કહેવાની જરૂર નથી કે રણમાં થએલો કાદવ તે માટીનો નહિ પણ તેની સપાટીમાં રહેલા સોડા ને બીજા ક્ષારોનો હતો. મજૂરે મને જણાવ્યું કે પાંચ ગાઉ રણનો પટ વટાવી વાછડા દાદા પહોંચાય છે, એટલે પગે ચાલવું બહુ અઘરૂં થઈ પડશે. હું એમ ધારતો હતો કે જેવી રીતે ઝિંઝુવાડાની નજીકમાં જ રણમાં ઝિલ્લાણંદ બેટ છે. તેવી જ રીતે વાછડાદાદાનો બેટ પણ કાંઠાની નજીકમાં જ હશે. પણ રણના હાર્દમાં પાંચ ગાઉ એટલે તો ખારોપાટ અને કચ્છની વચ્ચોવચનો વિસ્તાર કહેવાય. એ જાણીને હું રાજી જ થયો. મારી ઈચ્છા રણમાંનો કોઈ એવો બેટ જોવાની હતી કે જ્યાંથી ચારે બાજુ જોતાં ક્યાંય પણ જમીનનો કાંઠો ન દેખાય. વાછડાદાદાનો બેટ એ ઇચ્છા પૂરી કરશે એમ લાગ્યું. વળી ખારા કાદવમાં પાંચ પાંચ ગાઉ સુધી ચાલવાનો લહાવો કયે દહાડે મળવાનો હતો? મજૂર આજે કાદવમાં કરવામાં આવનારી મુસાફરીની અસહ્ય હાડમારીઓનું વર્ણન કરી મને પાછો ઝિંઝુવાડા લઇ જવા પ્રયાસ કરવા લાગ્યો. પણ મારામાં તો આજની એ મુશ્કેલીઓએ સાહસ ખેડવાની તમન્ના જાગ્રત કરી હતી. નાનપણમાં રૉબિન્સન ક્રૂઝોનાં સાહસકાર્યો વાંચી, આજે કરી રહ્યો છું તેવાં પર્યટનો કરવાનો શૉખ પહેલવહેલો મારામાં જાગૃત થયો હતો. ત્યાર પછી તો 'કુમાર'માં વારંવાર આવતા ધ્રુવપ્રદેશના સાહસિક પ્રવાસો વાંચીવાંચી એ શૉખ વધુ ને વધુ જાગ્રત બન્યો ને હું યુરોપિયન પ્રવાસીઓનાં સાગર સાહસોના સાહિત્યનો રસિયો બન્યો ને જીવનમાં સાહસિક પ્રવાસો ખેડવાનો તલસાટ મારામાં ઉત્પન્ન થયો હતો.

ફતેપુરથી રણમાં પગ મૂક્યો. કાંઠાની નજીક તો વધારે કાદવ હતો નહિ એટલે સરળતાપૂર્વક ચાલી શકાતું, પણ જેમજેમ કંઠાર અને અમારી વચ્ચેનું છેટું વધતું જતું હતું તેમતેમ રણના કાદવની ભયંકરતા વધતી જતી હતી. દોઢેક કલાક પછી કાંઠો અલોપ થયો. ચારે બાજુએ વર્તુલાકાર ક્ષિતિજપ્રદેશમાં એકમાત્ર રણની સપાટી આકાશને મળતી દેખાતી હતી. આનર્ત રાષ્ટ્રના પુરાતન સાગરની એ સપાટી, જાણે કે તેના ઉપરથી હમણાં જ વેળ ઊતરી ગઈ હોય તેવી તાજી દેખાતી હતી. રખેને કોઇક દિશામાંથી દરિયાનાં મોજાં હમણાં જ આવી ચડે અને અમને આવરી લે એવો ભય લાગતો હતો. હવે કાદવમાં એક કલાકમાં માંડ પોણો માઈલ અમે ચાલી શકતા હોઈશું ચાલતાં ચાલતાં કાદવ ઊડતો હતો અને તેનાથી મારાં બધાં કપડાં ભરાઇ ગયાં હતાં. જ્યાં કાદવ ઊંડો હોય તે વિસ્તારને મૂકી જરાક ફેર ખાઇને આગળ વધતા હતા. એમ કરતાંકરતાં સૂરજ માથે આવ્યો. એવામાં એક સ્થળે ચાર માટલાં મૂકેલાં નજરે પડ્યાં. મજૂરને મેં તે વિષે પૂછ્યું તો તેણે ઉત્તર આપ્યો કે ફતેપુર અને વાછડાદાદાના બેટની અધવચ્ચે જાત્રાળુઓને પીવા માટે એમાં પાણી રાખવામાં આવે છે. આ પ્રદેશમાં આવતું દરેક ગાડું પાણીનાં માટલાં સાથે લઇને ચાલે છે અને થોડુંઘણું પાણી આ માટલાંઓમાં રેડતું જાય છે. બપોર તપ્યા તો ય હજી તો અરધો જ રસ્તો ખૂટ્યો હતો, એટલે અમે ત્યાં જ નાસ્તો કરવા બેસી ગયા. માટલાંમાંથી લઇ પાણી પીધું અને આગળ ચાલવા માંડ્યું. બે વાગ્યાની લગભગ ત્રણ નાના બેટો દેખાયા. મજૂરે કહ્યું કે એમાંનો પહેલો તે વાછડાદાદાનો બેટ; પણ તે ય હજી કલાકેક ચાલ્યા પછી આવશે! હવે હું ખરેખર બેહાલ બન્યો હતો. પગથી માથા સુધી કાદવના થર મારા પર બાઝી ગયા હતા. ભૂખ કકડીને લાગી હતી અને તરસનો તો પાર ન હતો. રણના પ્રવાસનો આ પહેલો જ દિવસ હતો.

માંડમાંડ કરી અમે બેટની નજીકમાં પહોંચવા આવ્યા, ત્યાં મજૂર બોલ્યો: 'બાપજી, આ માસડાંપોટલાં હવે તમારે ઊચકવાં પડશે.'

'કેમ વળી ?'

'બાપજી, હું ઢેઢિયો છું. વાછડાદાદાની દહેરીએ માણસોની ઠઠ જામેલી છે. એમાંના કેટલા ય મને ઓળખતા હશે. એ જોશે કે હું તમારાં પોટલાં ઊચકીને લાવ્યો છું તો તમને ય ત્યાં પેસવા નહિ દે; એટલે તમે ઊચકી લો. અને ત્યાં એટલું જ કહેજો કે એ તો રસ્તો દેખાડવા મારી સંગાથે આવ્યો છે'

'જો થઈ છે! એક તો હવે મારા જ પગ માંડમાંડ ઊપડે છે તેથી ડગલાં ગણતોગણતો આગળ ચાલું છું, તેમાં વળી આ આફત આવી! વાછડાદાદાએ કસોટી કરી લાગે છે!'

(ચાલુ) **અમૃતલાલ વ. પંડ્યા**

ઈશ્વરી ઇન્સાફ

હઝરત મૂસાએ ખુદાને બંદગી કરી કે: 'ઓ સર્વશક્તિમાન પ્રભુ! મને તારા ઈન્સાફનો એકાદ નમૂનો તો બતાવ.' ખુદાએ કહ્યું, 'મારો ન્યાય જો તારે જોવો જ હોય તો ફલાણા ઝરા પાસે જઇને સંતાઇ જા.' હઝરત મૂસા ત્યાં જઇને એક ઝાડને ઓથે સંતાઇને બેસી ગયા.

થોડી વારે એક ઘોડેસવાર ત્યાં આગળ આવી ચડ્યો. તરશથી વ્યાકુળ થએલા તે સવારે કપડાં ઉતારી હાથમોં ધોયાં અને ઝરાના નિર્મળ જળનું પાન કરી પોતાની તરશ છીપાવી રસ્તે પડ્યો. પરંતુ તેણે કપડાં ઉતાર્યાં તે વખતે તેમાંથી પૈસાની એક કોથળી નીચે સરી પડી હતી તેનું તેને ભાન રહ્યું નહિ.

થોડો સમય વીત્યા બાદ એક કિશોર રમતો અને ગેલ કરતો ત્યાં આવી પહોંચ્યો. તેની નજર પેલી પૈસાની થેલી ઉપર પડતાં, તે ઉઠાવીને નાસી ગયો. એટલામાં એક આંધળો લાકડીને ટેકે ત્યાં આવ્યો અને હાથમોં ધોઈ નમાઝ ગુજારવાની તૈયારી કરતો હતો, તેવામાં પેલો સવાર મારતે ઘોડે પાછો ફર્યો અને પેલા અંધને ઉદ્દેશીને ત્રાડ પાડી: 'હું મારી થેલી અહીં ભૂલી ગયો છું, આ જગ્યાએ બીજું કોઇ આવેલ નથી, મારી થેલી તેં જ લીધી હોવી જોઇએ. માટે ચાલ, જલદી પાછી આપી દે.' અંધે કરગરીને કહ્યું: 'ભાઇ હું તો આંખે દેખી શકતો નથી, તારી થેલીની મને ખબર પણ નથી. શા માટે મને નાહક ધમકાવે છે?' ક્રોધાવેશમાં આવેલો ઘોડેસવાર પેલા નિર્દોષ અંધને પોતાની સમશેરથી ઠાર કરીને ચાલ્યો ગયો.

હઝરત મૂસાએ ઇશ્વરને પ્રાર્થીને કહ્યું: 'પરવરદિગાર! મને આમાં કંઈ સમજ પડી નહિ.' ત્યારે ફિરિશ્તા જબ્રઈલ ત્યાં પ્રગટ થઇને બોલ્યા: 'જે છોકરો પૈસાની થેલી ઉપાડી ગયો તેનો બાપ પેલા ઘોડેસવારને ત્યાં નોકરી કરતો હતો. નોકરી દરમ્યાન તેનું મૃત્યુ થતાં તેની લેણી નીકળતી પગારની રકમ ઘોડેસવાર હજમ કરી ગયો. તે રકમ તેણે થેલીમાં રાખી મૂકી હતી, જે આખરે તેના ખરા હકદારના હાથમાં ગઇ. પેલો અંધ જ્યારે દેખતી સ્થિતિમાં હતો ત્યારે તેણે પેલા સવારના બાપનું ખૂન કરેલું; આજે ઘોડેસવારે તે અંધનો વધ કરી પોતાના પિતાનું વેર લીધું.'

(ફારસી ઉપરથી) **હિંમતલાલ લીલાધર ગાંધી**



સુરાષ્ટ્રની ફટકડી

લેખક • **શ્રી રામસિંહજી કા. રાઠોડ** ડી. ડી. આર.

કચ્છમાં ભૂજની વાયવ્ય કોણે, ભૂજથી ૫૫ માઈલ દૂર 'માતાનો મઢ' નામે ગામ છે. એક નાના વહેળાને બંને કાંઠે એ વસેલું છે અને એની ચોતરફ ટેકરીઓ છે. એ સ્થળ જૂના સમયથી ફટકડીના ઉદ્યોગ માટે પ્રસિદ્ધ છે. 'માતાના મઢ' સિવાય હિંદમાં ફટકડીની ઉત્પત્તિ બિહાર અને પંજાબના કેટલાક ભાગોમાં થાય છે. બ્રહ્મદેશના ઉપરના ભાગમાં પણ એ મળી શકે તેમ છે.

ફટકડીથી અજ્ઞાત કોણ હોય? પણ કદાચ એ શું છે અને કેમ તથા ક્યાં બને છે તેની જાણ ઘણાને નહિ હોય

ફટકડી સંયુક્ત લવણ અને રંગ વગરનો સ્ફટિક પદાર્થ છે. એમાં મધુર સ્વાદ, તેજાબ અને તુરાશ હોય છે. ગંધકનો તેજાબ, ઍલ્યુમિનિયમનું પ્રાણિલ, એક ક્ષાર અને પાણી એ ચાર અંગોની તે બનેલી છે. બહુ જૂના વખતથી પ્રખર રાસાયનિકોએ ઘણાઘણા અખતરાઓ ફટકડીનાં અંગો જાણવા માટે કરેલા, પણ સને ૧૭૯૭ સુધી તેઓ તે વિષે પૂરતી માહિતી મેળવી શક્યા ન હતા. બહુ ધીર અને ધીમી ગતિએ એનાં અંગોનું સંશોધન આગળ વધ્યું છે.

ફટકડીની મુખ્ય ત્રણ જાતો છે: પોટાશ ફટકડી, સોડા ફટકડી અને નવસાર ફટકડી. આ સિવાય પણ એની એક જાત છે એ ફોટોગ્રાફીના ઉપાસકોના ધ્યાન બહાર નહિ હોય. એ ક્રોમ ફટકડીના નામે ઓળખાય છે. ફટકડીનું આ ભિન્નત્વ તેના એક અંગ ક્ષાર પર અવલંબે છે. ફટકડીની રચનામાં જે પ્રકારનો ક્ષાર વપરાય છે તે પ્રકારની ફટકડી બને છે.

આપણે ક્યારથી ફટકડી વાપરતા થયા અથવા ફટકડી પહેલવહેલી ક્યારે, ક્યાંથી અને કેમ મળી તે કહેવું મુશ્કેલ છે. અતિ પ્રાચીન કાળથી આપણે ફટકડી વાપરતા આવ્યા છીએ. ફટકડીનો ઉલ્લેખ આપણા પુરાણા વૈદક ગ્રંથોમાં પણ છે. ચરક, સુશ્રુત અને વાગ્ભટ્ટ પણ ફટકડીના ઉપાયો જાણતા ગયા છે. તેમની પહેલાં પણ હિંદમાં ફટકડીનો ઉદ્યોગ તો હશે જ; એટલે મૂળથી તેનો ઇતિહાસ ઉપલબ્ધ નથી.

પાશ્ચાત્ય દેશોમાં પણ ફટકડી વપરાતી તો લાંબા કાળથી આવે છે, પણ ત્યાં એનો ઉદ્યોગ પાંચસો કે છસો વર્ષથી જૂનો નહિ હોય. એકમૅન લખે છે કે તે પહેલાં ત્યાંના લોકો પૂર્વમાંથી ફટકડી આયાત કરતા. તે વખતે તેઓનું ફટકડી વિષેનું જ્ઞાન બહુ અલ્પ હતું. તેની રચનાનું ભાન પણ એમને ન હતું. પણ રફતેરફતે તે વિષે તેઓ પોતાનું જ્ઞાન વધારતા ગયા અને આજ પોતાના જ દેશમાં તેઓ પુષ્કળ પ્રમાણમાં ફટકડી નિપજાવે છે.

ઈ.સ. ૧૯૧૦ સુધી સોડા ફટકડીથી લોકો તદ્દન અજ્ઞાત હતા. દક્ષિણ અમેરિકાના સેંટ જોન પરગણામાં મેન્ડોઝાની ઉત્તરે તેની પડોશમાં ડૉ. જિલિસે સોડા ફટકડી શોધી. ત્યાં એ જથ્થાબંધ મૂળ સ્વરૂપે મળી આવે છે. આપણે ચાલુ વાપરીએ છીએ એ તો પોટાશ ફટકડી. સોડા ફટકડીને તપાવવાથી એ સાદી ફટકડીનું કામ આપે.

હિંદમાં એક સમયે ચીનમાંથી પુષ્કળ પ્રમાણમાં ફટકડી આયાત થતી અને લગભગ ૩ા થી ૬ રૂપિયે મણ લેખે વેચાતી. જાપાન સાથે પણ ફટકડીના વેપારનો સંબંધ હિંદને જૂનો છે. સિંધુ કાંઠે કાલાબાગ અને ચીચલીઘાટના મુખ પાસે કોટકિલમાં દર વર્ષે ૪૦૦ ટન ફટકડી ઉત્પન્ન થાય છે. હિંદનું સરેરાશ ફટકડીનું ઉત્પન્ન દર વર્ષે ૧૦૦૦ ટનથી વધુ નહિ હોય, અને તે પણ અનિશ્ચિત છે. હિંદી ફટકડી વપરાશમાં બહુ સારી તેમજ ગુણકારી નથી. એ વાંક તેની રચનામાં રહી જતા મેલ અને બીજા કચરાના અશુદ્ધપણાને લીધે છે, અને બેદરકારીનું જ એ પરિણામ છે. પ્રયત્નથી એ ફટકડીને જેવી જોઈએ તેવી શુભ્ર અને શુદ્ધ બનાવી શકાય.

ફટકડીની રચનાની ચારેક જુદીજુદી રીતો પ્રચલિત છે. ફટકડીમાં વપરાતા તેના અંગોના ગુણ અને પ્રકાર પ્રમાણે તેમનો વિધિ કરી ફટકડી તૈયાર કરાય છે. યુરોપમાં શિલાજીત, ઍલમ-સ્ટોન કે ઍલમ-સ્લેટ ફટકડીની બનાવટમાં વપરાય છે. ઍલમ-સ્ટોન કે ઍલમ-સ્લેટને વારંવાર હવામાં તપાવવાથી કે પાણીનો ઉપયોગ કરવાથી તેમાંથી ફટકડી મેળવાય છે.

ફટકડીની રચનામાં વપરાતા પદાર્થોનું ગરમ મિશ્રણ કરી તેને ધીમેધીમે ઠંડું થવા દેતાં એ મિશ્રણમાંથી ફટકડીના આઠ બાજુવાળા 'કેલાસ' (crystals) છૂટા પડતા જાય છે. ફટકડીમાં જેમ લોહતત્ત્વનું પ્રમાણ ઓછું રહે તેમ ફટકડી વધુ શુદ્ધ બને છે. એવી તદ્દન શુદ્ધ ફટકડી માટે રોમ પાસેની ખાણો પ્રસિદ્ધ છે.

ફટકડીના ઘણા ઘરગથ્થુ ઉપયોગો છે. દહીં બનાવવાના નાના કાર્યથી માંડી ઘણી દવાઓ તરીકે આપણે ફટકડી વાપરીએ છીએ. ફટકડીને ૯૨ અંશ સેન્ટીગ્રેડ ગરમી આપતાં ઓગળે છે. વધારે તપાવતાં એ ધ્રૂજે છે. ૨૦૦ અંશ સેન્ટીગ્રેડ સુધીની ગરમીએ પહોંચતાં તેમાંનું પાણી ઊડી જાય છે અને શ્વેત સછિદ્ર ગઠ્ઠો રહે છે. એને આપણે ફુલાવેલી ફટકડીના નામે ઓળખીએ છીએ. દવાના કામમાં હમેશાં ફુલાવેલી ફટકડી વપરાય છે. લોહીને બંધ કરવું અને જામેલા લોહીને તોડવું એ એના મુખ્ય ગુણ છે. શરીરના કોઈપણ ભાગમાંથી ગમે તે કારણે લોહી બહાર જતું હોય તો તેના અટકાવ માટે ફટકડીવાળા પાણીનું પીણું બહુ લાભકારક છે. મોંનું આવવું, ચાંદાં પડવાં, ગળાનું આવવું, પડજીભ ઊતરવી વગેરે મોંમાં થતાં અનેક દર્દો એક આઉંસ પાણીમાં દસ ગ્રેન ફટકડી નાખી તેના કોગળા કરવાથી મટી જાય છે. આંખો દુખતી હોય તો ફટકડી ને અફીણ સાથે પીસી આંખની આસપાસ લગાડતાં એ દુખાવો શમે છે. એક આઉંસ પાણીમાં બે ગ્રેન ફટકડી નાખીને તેનાં ટીપાં પણ આંખમાં નંખાય છે. અતિસાર, પ્રદર અને પ્રમેહ જેવાં દર્દોમાં પણ ફટકડીનો પિચકારી વગેરેમાં ઉપયોગ થાય છે. ટાઢિયા તાવમાં ૫ થી ૧૦ ગ્રેન ફટકડી ગોળ સાથે આપવાથી એ તાવ અટકે છે. ૨ ડ્રામ ફટકડી, ૧ ડ્રામ તજ અને ૨ ડ્રામ સાકરના મિશ્રણનું ચૂરણ એક ટંકે ૨૦ ગ્રેન જેટલું આપતાં ઝાડા તથા રક્તસ્રાવમાં ફાયદો કરે છે. ફટકડીને વૈદકમાં ગ્રાહી, રક્તસ્તંભક અને જ્વરઘ્ન કહી છે.

ફોટોગ્રાફીમાં પોટાશ ફટકડી (સર્વસાધારણ સામાન્ય ફટકડી) અને ક્રોમ ફટકડી ઉપયોગમાં આવે છે. સાધારણ ફટકડી નેગેટિવ કે પ્રિન્ટની જિલેટાઈન ફિલ્મને ગાઢ અને દૃઢ કરવામાં તથા ઉનાળામાં ફ્રિલિંગ (frilling)ના નિવારણ અર્થે વપરાય છે. હાર્ડનિંગ બાથમાં સેંકડે પાંચ ટકા ફટકડીનું મિશ્રણ અથવા ૩૦ આઉંસ પાણી અને

એક આઉંસ ક્રોમ ફટકડીની ચાલુ જરૂર રહે છે. ડેવેલપમેન્ટ પૂર્ણ થતાં પ્રિન્ટને નિશ્ચિત સ્વરૂપ આપવા અને સ્વચ્છ કરવા ૨૦ આઉંસ પાણી અને એક આઉંસ ફટકડીના મિશ્રણથી ધોવામાં આવે છે. ૨૦ આઉંસ પાણી, ૧ આઉંસ સાઇટ્રિક ઍસિડ અને ૨ આઉંસ સાદી ફટકડી અથવા ૧ આઉંસ ક્રોમ ફટકડીનું મિશ્રણ નેગેટિવ પરથી ડાઘ કાઢવા વપરાય છે. ડ્રાય પ્લેટની રચનાના એક અંગ તરીકે પણ ક્રોમ ફટકડીનો ઉપયોગ થાય છે.

ફટકડીના ઉદ્યોગ સાથે બીજા પણ ઘણાઘણા ઉદ્યોગોને પ્રોત્સાહન મળે છે. ઘણી વસ્તુઓના ઉદ્યોગની રચનામાં એનો ઉપયોગ થાય છે. ચામડું ધોળું કરવા માટે ચામડું કમાવવા, કાગળો પર ચળકાટ લાવવા અને તેમને લીસા બનાવવા તથા અદાહ્ય (fireproof) વસ્તુઓની ઉત્પત્તિમાં ફટકડી ઉપયોગી છે. સરકાની શુદ્ધિ અર્થે અને અશુદ્ધ પ્રવાહીઓને નિર્મળ કરવા પણ ફટકડી બહુ કામની છે. ફટકડી પાણીમાં દ્રાવ્ય છે અને ગરમ પાણીમાં એની એ શક્તિ વધે છે. જેમ ફટકડીની દ્રાવ્યશક્તિ વધારે તેમ રંગારા અને છીંટ બનાવનારાઓને એ હિતાવહ અને ઓછી ખર્ચાળ થાય. ફટકડીની બનાવટની મુશ્કેલીઓ જેમ દૂર થાય અને ફટકડી શુદ્ધ બને તેમ રંગાટકામ માટે સસ્તી અને વધુ સુલભ બને. રંગાટકામમાં જ મુખ્યત્વે ફટકડીનો વધુ ઉપયોગ થાય છે. પાકો રંગ ચડાવવામાં અને કિરમજી રંગની બનાવટમાં ફટકડીનો વપરાશ અનિવાર્ય છે. આજ પણ કચ્છમાં 'માતાના મઢ'ની બાજુના રંગારાઓએ તૈયાર કરેલી અજરખ, લાલ અને ભૂરા રંગે રંગેલી ચાદર બહુ વખણાય છે.

'માતાના મઢ'માં તૈયાર થતી ફટકડી એક પચ્ચીશી પહેલાં મુલકમશહૂર હતી. હાલ એ ઉદ્યોગ ત્યાં મૃતપ્રાયઃ દશામાં હોઈ એના પુનર્વિધાનની જરૂર છે. એ ફટકડી દેશી ને જૂની ઢબે તૈયાર થતી હોવાથી શુભ્ર અને શુદ્ધ બનતી. આપણા એ વિષયમાં રસ લેતા તેના નિષ્ણાતોએ એ તરફ દૃષ્ટિ દોડાવી સ્વદેશીના અભ્યુદય અને ગૌરવ અર્થે એ ઉદ્યોગને હાથ કરવો જોઇએ. આપણા રાસાયનિકો તેમ કરશે તો તે ઉદ્યોગ આપણી સ્વદેશીની પવિત્ર ભાવનાનો પોષક બની આપણને શુદ્ધ દેશી ફટકડી વાપરવા મળશે.

'માતાના મઢ'માં તૈયાર થતી ફટકડીમાં ત્યાંના તૂરી નામે ખનીજ અને સુરોખારનો ઉપયોગ થાય છે. એ બે દ્રવ્યોની ઉત્પત્તિ વિષે નીચે ઉલ્લેખ કરી ફટકડીની સીધી અને સાદી રચના વર્ણવી છે.

ગામની ઉત્તરે અને પૂર્વે વહેળા કાંઠે ખાડાઓ અને કોલસાની ખાણો છે. આ જમીન 'ચરીઆં' નામે ઓળખાય છે. અહીંથી તૂરા સ્વાદવાળી કાળા રંગની માટી ખોદી કાઢવામાં આવે છે. એ માટી 'કાચી તૂરી' કહેવાય છે. કાચી તૂરીને ખોદાણ થયા પછી જમીન પર પાથરી સૂકવે છે. પછી ત્રણ ત્રણ દિવસના અંતરે એના પર ત્રણ વખત પાણી છાંટે છે. પરિણામે તેમાંથી શ્વેત રંગનું સત્ત્વ ઉપર ઊપડી આવે છે અને ત્યાં જ ચોંટી રહે છે. ત્યાંથી એને સંભાળપૂર્વક લઈ લેઈ સૂકવવામાં આવે છે. આ પદાર્થને તૂરી કહે છે. આ ઉપરાંત વહેળાની રેતીનો ઉપલો થર ખસેડી નીચેની ભેજવાળી જમીનમાં ક્યારા કરી તૂરી બનાવાય છે. જમીનમાંથી એ શ્વેત સત્ત્વ સૂર્યપ્રકાશથી ઉપર ખેંચાઈ આવે છે. એ 'રેજડી તૂરી'ના નામે ઓળખાય છે અને વધુ કીમતી ગણાય છે.

હવે સુરોખારની વાત. એક ગોળ ખાડો ખોદી તેની પાસેથી ચાલીસ ફૂટ લાંબી અને ત્રણ ફૂટ ઊંચી એક નહેર જમીન પર બનાવવામાં આવે છે. એમાંથી જમીનમાં પાણી ન ચુસાઈ જાય તે માટે એ બંનેને સીમેન્ટ લગાડવામાં આવે છે. આ નહેરની ભીંતો પર, અંદર પોલાણ રહે તેમ, લાકડાં રાખી તે ઉપર ઘાસ અને 'લઇ' નામે છોડવાની ડાંખળીઓ નાખી તેને આવરી લે છે. પછી તે પર માટીના કિનાર કરી ક્યારા બનાવે છે. આ ક્યારામાં છાણનું, પોલડીનું અને બળી શકે એવા ખાતરનું પ્રાણિજ (ભસ્મ) ભરે છે. તેને ખૂબ દબાવી ઉપર પાણી ભરી રાખે છે. ભસ્મમાંથી ક્ષારવાળું સત્ત્વ, જે પાણીમાં દ્રાવ્ય છે તે સાથે એ પાણી નીચે નહેરમાં ટપકે છે. આ પાણી કપાય રંગનું હોય છે. તે નહેર રસ્તે પેલા ગોળ ખાડામાં એકઠું થાય છે. આ પ્રવાહીને ઉકાળી કાદવ જેવું ઘટ બને એટલે એને સૂર્યપ્રકાશમાં રાખે છે. આ પદાર્થ એ જ સુરોખાર.

'માતાના મઢ'ની ઉત્તરે બે માઈલ દૂર 'જાગોર' નામે ટેકરી છે. તેમાંથી પાણીનો એક પ્રવાહ નીચે ૨૦ ફૂટ સમચોરસ ખાબોચિયામાં સોપાનશ્રેણિથી પડે છે. તે પંદરથી વીસ ફૂટ ઊંડું છે. એ પાણીમાં ગંધકનું લવણ છે. આ પાણી પણ ફટકડીની રચનામાં વપરાય છે.

ફટકડીની બનાવટમાં $\frac{4}{5}$ ભાગ તૂરી અને $\frac{1}{5}$ ભાગ સુરોખારનું પ્રમાણ લેવામાં આવે છે. પંદરેક મણ ફટકડીનો ઘાણ એકીસાથે ઊતરી શકે એવડું લોખંડનું વાસણ ખુરા (મોટા મજબૂત ચૂલા) પર માંડેલું હોય છે. તેમાં પ્રમાણસર પાણીમાં તૂરી નાખી ઉકાળવામાં આવે છે. તૂરી બરાબર ઓગળી જાય એટલે તેમાં સુરોખાર નખાય છે. એ બધું એકરસ થઇ જતાં એ મિશ્રણ પર ખાંડની ચાસણી પેઠે મેલ તરી આવે છે તેને કાઢી લેવામાં આવે છે. આ રીતે સ્વચ્છ કરી તેને માટીનાં છીછરાં વાસણોમાં ઠારે છે. આમ ધીમેધીમે ઠરતાં તેના કેલાસ (કણીઓ) બંધાય છે. આ કેલાસને ફરીફરી ત્રણ વખત મોટા માટીના વાસણમાં ધોવામાં આવે છે. એ ધોએલ શુદ્ધ કણીઓને ફરીથી ઉકાળવામાં આવે છે. ફરી એ પ્રવાહીને, પ્રત્યેકમાં પાંચેક મણ પાણી સમાઇ શકે તેવડાં જમીનમાં દાટેલાં માટલાંઓમાં ભરે છે. પાંચ દિવસ સુધી ત્યાં રહી ઠંડા થઇ એ પ્રવાહી ઘન સ્વરૂપ પકડે છે. છઠ્ઠે દિવસે આ માટલાંઓને જમીન બહાર કાઢી ફોડે છે એટલે ફટકડીનો ઘન ગઠ્ઠો હાથ આવે છે. આ ફટકડી એ જ શુભ્ર અને શુદ્ધ આપણી કચ્છી ફટકડી. એના ગાંગડા કરતાં એના મંદિરાકારે પહેલદાર પાસાઓ પડે છે. એના આ આકારના કેલાસ એ આ ફટકડીનું મુખ્ય ચિહ્ન છે. ત્યાંની દેવી આશાપુરાના ચમત્કારને લઇને આ ફટકડીનાં ટુકડાઓમાં મંદિરાકાર માલૂમ પડે છે એમ ત્યાંના લોકોની માન્યતા છે.

પદ્ધતિસર કામ નહિ લેવાતાં ફટકડીના ઉદ્યોગના આહીં બેહાલ થયા છે. ઇ.સ. ૧૮૨૦ પહેલાં લાખો મણ ફટકડી કચ્છમાંથી પરદેશ નિકાસ થતી. ઈ. ૧૮૬૦ સુધી ૫૦,૦૦૦ મણ ફટકડી દર વર્ષે 'માતાના મઢ'માં તૈયાર થતી. હાલ વીસેક વર્ષથી જ એ ઉદ્યોગ પડી ભાંગ્યો છે. એ ગામ જોકે ધર્માદા જાગીરનું છે છતાં ત્યાંની ખનીજ પેદાશ કચ્છના મહારાવની થાય છે અને જાગીરને અમુક ભાગ મળે છે. કચ્છ દરબાર તરફથી ત્યાં કૉન્ટ્રૅક્ટ અપાતો અને ફટકડી તૈયાર થતી. રાજા અને પ્રજા ઉભયને આ ઉદ્યોગમાં ફાયદો હતો. સંજોગવશ કંઇ કારણોથી એ કૉન્ટ્રૅક્ટરો તૂટ્યા. હવે કોઈ કૉન્ટ્રૅક્ટ લેવાની હામ ભીડતું નથી એટલે ઉદ્યોગ ભાંગ્યો છે. એ ઉદ્યોગમાં ખેડૂત વર્ગ સિવાયના પંદરસો માણસોનો રોટલો હતો અને બીજી કારીગરીને ઉત્તેજન મળતું તે જુદું. હજી પણ સ્વતંત્રરીતે એની ખીલવણી થાય તો પુનઃ એ એના અનેક લાભ આપતું થાય.

આપણે ક્યાં ઊભા છીએ તે જોયા કરવા કરતાં હવે ક્યાં જવું તેનો નિર્ણય કરવો એમાં વધુ શાણપણ છે.

જીવનનું પરોઢ

ભાગ ચોથો

પ્રકરણ ૨જું

છૂટ્યા!

આપણે ત્યાં સામસામી વાત બતાવવા માટે ઉત્તર અને દક્ષિણનું અંતર સૂચવાય છે. પણ એ શબ્દથી આપણને પૂરેપૂરું સૂચન નથી મળતું. આપણે ઉત્તર ગોળાર્ધમાં છીએ ને દક્ષિણ આફ્રિકા દક્ષિણ ગોળાર્ધમાં છે. બેની દિશા સામસામી છે એટલું જ નહિ, ઋતુઓ પણ સામસામી છે. વૈશાખ-જેઠમાં જ્યારે અહીં બળબળતા બપોર હોય ત્યારે ત્યાં કકડતી ટાઢ પડતી હોય છે આપણે ત્યાં ડિસેંબરના છેલ્લા અઠવાડિયામાં ટૂંકામાં ટૂંકો દિવસ હોય, ત્યારે ડરબન અને ફીનિકસમાં ક્રિસ્ટમસના દિવસો લાંબામાં લાંબા ને રાત ટૂંકામાં ટૂંકી હોય. એ ઉપરાંત એપ્રિલથી જુલાઈ સુધીના શિયાળાના ચાર માસ છોડીને બાકીના આઠ મહિના ત્યાં ચોમાસું ચાલતું જ રહે. કયારે વાદળ ચડી આવશે ને વરસાદ તૂટી પડશે એ કહેવાય જ નહિ. ફીનિકસનું એકાંત બીડ અને ચોમેરની નાનકડી ટેકરીઓ પર સંધ્યા અને ઉષાનો નિત્ય નવો રાસ રચાતો. એ સાથે દિવસ આખો આકાશમાં વાદળાંનો નાચ ચાલતો એ ઓછું ભવ્ય ન હતું. ફીનિકસની અનેક સ્મૃતિઓમાં મને ત્યાંનાં વાદળાંની સ્મૃતિ ઠીક તાજી રહી ગઇ છે. મારા બાળપણના ગોઠિયાઓમાં હું વાદળાંને પણ ગણાવી શકું. કલાકના કલાક એ વાદળાંઓ ભેગો હું વિહરતો

વાદળાં અનેક જાતનાં હોય છે. કેટલાંક વરસાઉ, કેટલાંક દેખાવડાં. કેટલાંક થાકેલાં ને ચિંતામાં ડૂબેલા ડોસા જેવાં, તો કેટલાંક નિશાળમાંથી છૂટેલાં રમતિયાળ બાળકો જેવાં. હિલોળે ચડેલી ધોળી વાદળીઓનો પથારો મનને વિનોદ ઉપજાવે, તો રંગાએલી કથ્થાઇ ચાદરની જેમ આકાશના ચંદરવાને આવરી લેનારું વાદળ મનને ઉદાસ કરી મૂકે. રતૂમડાં વાદળ અને રૂપેરી કિનારવાળાં કાળાં વાદળ ફળફૂલથી લચી રહેલા બગીચાની શોભાને યે ભુલાવી દે, તો ફક્ત ક્ષિતિજ ઉપર હાથી, ઘોડા, ઊંટ અને જાતજાતનાં જનાવરોના સરઘસનો દેખાવ ઉપજાવનારાં વાદળાં વળી પોતાની પાસે દોડી આવવા નોતરતાં જણાય. આ બધાં વાદળ ઉપરાંત કેટલીક વાર એવાં વાદળો આવે છે જે ન વરસે, કે ન ખસે. બસ એકસરખો પથારો કરીને ઊભાં રહે. પોતાના રંગમાં પણ ભાત પડવા ન દે. આવી જાતનાં વાદળો મનને કોઇ ભારે નવાજૂનીના ખબરો સાંભળવાને પહેલેથી તૈયાર કરી રાખે કોઈ આવી પડનારા પ્રસંગની અગમચેતી આપનારાં પેગામી વાદળ કહી શકાય.

આપણી વાત હવે ઈ. ૧૯૧૩ના ઉત્તરાર્ધ સુધી આવી પહોંચી છે. તારીખ તો યાદ નથી, પણ એ દિવસોની એક સવારે નિત્યનિયમનાં કામો કરતાં મારી નજર આકાશમાં ઘેઘૂર ઘેરો કરીને જામેલાં વાદળાં પર પડી. આવાં વાદળો અમુક અમુક ખાસ પ્રસંગે થએલાં તેની આછી નોંધ મારા મનમાં હતી. બાપુજીએ પહેલ વહેલા સાત દિવસના ઉપવાસની જાહેરાત કરી ત્યાર પહેલાં એકેક દિવસ આવું વાદળ રહ્યું હતું. બાપુજી સાડાચાર હજાર હડતાલિયાઓ સાથે કૂચકદમ કરતા ઊપડયા અને પકડાયા ત્યારે યે આવું વાદળ હતું. ફીનિકસમાંની ચિંતાજનક માંદગીની સાથેસાથે યે આવું વાદળ આવી પહોંચતું. આજે પણ કંઈક નવાજૂની થવાનો સંકેત મને આ પેગામી વાદળોએ આપ્યો. અને સાંજ પહેલાં ખરેખર એક ભારે ખુશખબર અમને મળ્યા.

સાંજના પાંચના ભોજનથી પરવારી અમે બાળકોએ બાપુજીના મોટા ઓરડામાં રમત માંડી હતી. અમારી વચ્ચે, મણિલાલકાકાના ઓરગન વાજાની બેઠક પર, મગનકાકા બેઠા હતા. એવામાં દરવાજામાં મિસ સ્લેશિન દાખલ થયાં. પોતાના ગાલની ઝીણી ખાંચ વચ્ચે તેમણે મહાપરાણે ઉમંગનો મલકાટ દબાવી રાખ્યો હતો. તેઓ સીધાં મગનકાકા પાસે જઇ ઊભાં અને પૂછ્યું: 'બોલો, હું શા ખબર લાવી છું?' મિસ સ્લેશિન ભારે વિનોદી રહ્યાં, એટલે અમે બાળકોએ પણ અમારી રમત થોભાવી અને કાન માંડયા. મગનકાકાએ વિનોદમાં ને વિનોદમાં જવાબ વાળ્યો: 'બાપુજીના છૂટયાના?' મિસ સ્લેશિનનું અત્યાર સુધી દબાવી રાખેલું હાસ્ય ફૂટી આવ્યું અને તેમણે પૂછ્યું: 'તમે કેમ જાણ્યું?' મગનકાકાએ ઉત્તર વાળ્યો: 'શું મારી અટકળ સાચી છે? મેં તો કેવળ તમારા ચહેરાનો ભાવ જોઈને અટકળ જ કરી. શું સાચે જ બાપુ છૂટયા છે?' મિસ સ્લેશિને મગનકાકાની અટકળને સાચી ઠરાવી.

અમે બાળકો હાથહાથભર કૂદીને ખુશીની તાળીઓ પાડવા લાગ્યાં. મેં દેવદાસકાકાને કહ્યું 'આજે કંઇ ખાસ ખબર આવશે એમ હું સવારથી નહોતો કહેતો? આજનું વાદળ જ એવું હતું.'

અમ બાળકોનો આનંદ શમાવ્યો શમતો ન હતો. અમે વિનોદમાં પરસ્પર કહેતા થાકતા જ ન હતા કે 'આ તે કેવો જાદુ? સરકારે તો બાપુજીને બાર મહિનાની સજા કરી હતી અને આ તો તેઓ દોઢ મહિનો પૂરો થયા પહેલાં છૂટી ગયા!' બાપુજીની કેદને સરકાર જીરવી ન શકી. એમને આખું વરસ પૂરી રાખવાનો દમ જ એનામાં કયાં છે? કેવી મજા! ત્રણસો પાંસઠ દિવસનું વરસ સરકારને ત્યાં ચાલીસ દિવસમાં પૂરું થઈ ગયું! આપણા ત્રણ માસની કેદવાળા સૌ હજી જેલમાં છે અને આ આખા વરસની કેદ પામેલા બાપુજી છૂટી આવ્યા!' હરખ પ્રગટ કરવાની અમારી પાસે વાણી ન હતી.

બાપુજી પ્રીટોરિયાની જેલમાં હતા. ત્યાંથી છૂટયા પછી એકેક દિવસની અંદર તેઓ ડરબન આવી પહોંચ્યા અને કામ માટે ત્યાં રોકાયા. તેઓ હવે ફીનિકસ કયારે આવી પહોંચશે એ જ જાણવાની અધીરાઇ અમને તો થઇ



શ્રી થંબી નાયડુ

પડી. દેવદાસકાકાએ ફીનિક્સ સ્ટેશને જઈ બાપુજી સાથે ટેલીફોનમાં વાત કરવાનું ઠરાવ્યું. અમે બાળકો પણ તેમની સાથે સ્ટેશને ઊપડયાં. બાપુજીના જેલ ગયા પછી અમને બધાંને સાથે સ્ટેશને જવાની આ પહેલી જ તક હતી. ઘાડાં જંગલમાંથી પસાર થતો અઢી માઇલનો એ લાંબો રસ્તો કંટાળાભરેલો લાગતો, પણ એ દિવસે અમે વાતવાતમાં સ્ટેશને પહોંચી ગયા

પાટા ઓળંગીને સ્ટેશન પર જવાય એમ હતું, પણ અમારી ટોળી પાટા પાસે જ અટકી પડી. અમારા મારગની આડે પાટા ઉપર એક સોલ્જર ઝગઝગતા સંગીનવાળી બંદૂક ખભે ચડાવી પહેરો દેતો ઊભો હતો. ત્યાંથી થોડે દૂર સ્ટેશનની વખાર હતી ત્યાં પણ એવો જ બીજો સોલ્જર અમે જોયો. વળી દૂર નજર કરી તો સ્ટેશનની હદ પૂરી થતી હતી ત્યાં ત્રીજાને જોયો. બે પાટા મળી એક થતા હતા ત્યાં ચોથાને, સ્ટેશનમાસ્તરના ઘર પાસે પાંચમાને, ને ડરબનની દિશામાં ભેગા થતા સાંધા ઉપર પણ એક છઠ્ઠો ખડો સોલ્જર અમે જોયો. વળી એથી યે આગળ દૂરના સિગનલની રક્ષા કરતો સોલ્જર પણ દેખાયો. બેએક ક્ષણ આ બધું કૌતુક અમે જોઇ રહ્યા ને વિચારમાં પડયા કે આ બધું છે શું? મિ. વેસ્ટના પકડાયા પહેલાં અમે સ્ટેશન ઉપર કે ફીનિક્સમાં કયાં યે કદી ગોરા સોલ્જરોને જોએલા નહિ ને આ બધા આડદસ સોલ્જરની ટુકડી કયાંથી અહીં ખડી થઈ? જે સોલ્જર પાસે પહોંચી અમે અટકયા હતા એને અમે ઘેરી વળ્યા. દેવદાસકાકાએ એને પૂછ્યું: 'કેમ, તમે શાની ચોકી કરવા ઊભા છો?' સોલ્જરે જવાબ આપ્યો: 'હવે કલાક વારમાં ગાડી આવવાની છે તે સુરક્ષિત ચાલી જાય એટલા માટે અમારે પાટાની ચોકી કરવાની છે. રખે સ્ટ્રાઇકરો (હડતાલિયાઓ) તોફાન કરી ટ્રેન ઊંધી વાળી નાખે! એ લોકો એટલા વિફર્યા છે કે સરકારને માર્શલ લૉ જાહેર કરવો પડયો છે.'

'માર્શલ લૉ એટલે?' અમે સવાલ કર્યો.

'એટલે લશ્કરી અમલ. એમાં અમને ફાવે એ પગલાં અમે લઈએ. નજરે પડે તેના ઉપર ગોળીબાર કરવાની પણ અમને છૂટ. પરવાના વિના કોઇ ઘર બહાર નીકળી જ ન શકે. અમે જ બધે ફરતા હોઇએ. જે કોઈ સામો થાય કે લપછપ કરે તે મૂઓ. રાત્રે આઠ વાગ્યા પછી કોઇ ઘર બહાર નીકળે તો દેખતાંની સાથે જ અમે તેને વીંધીએ.'

'અમને પણ તમે ગોળી મારો?'

'ના, ના, તમે કંઇ રેલવેના હડતાલિયા નથી. પણ અંધારે જો અમે તમને ન ઓળખીએ તો કદાચ મારી પણ બેસીએ.'

'એટલે અમારે રાત્રે સ્ટેશને આવવું હોય તો ન અવાય?'

'ના.'

'અમને અહીં મોડું થઇ જાય તો?'

'અંધારું થતાં પહેલાં મોટું નાળું વટાવી જજો. માર્શલ લૉની હદ ત્યાં સુધી છે. એથી પેલી પાર કંઇ જોખમ નથી.'

'અત્યારે સ્ટેશનમાં જવાયને?'

'હા, ખુશીથી જાઓ.'

આમ થોડા વાતચીત ઉપરથી અમે કળી ગયા કે હડતાલિયાઓને લઇ જવા આવેલી લશ્કરી ટુકડી જેટલી વિવેકી, નમ્ર અને દયાળુ લાગતી હતી એવી આ નથી. જો કે એ સોલ્જરે અમને બધા જવાબ કંઈ પણ કડકાઈ દેખાડયા વિના આપ્યા, અને અમારી સાથે હસીરમીને વાત કરી, છતાં અમારા આશ્રમમાં મહિનો માસ પહેરો ભરી ગએલા સોલ્જરો જેવા શાંત સ્વભાવનો એ ન લાગ્યો. એની નજર કરડી હતી અને 'માર્શલ લૉ'નું કે 'રેલવે સ્ટ્રાઈકર્સ'નું નામ લેતાં એની આંખ અને મોઢું એવાં લાલ થઇ જતાં કે જાણે હમણાં એ એમાંના કોઈ પણ માણસને જોશે તો મારી નાખશે!

છતાં એ જનાબ અમારી આડે આવે એવા નથી, પણ અમારા દોસ્ત જેવા બની ગયા છે એ અમે જોઈ લીધું. એટલે અમે એને મૂકયા પરતો ને સ્ટેશનમાં ગયા. આખું સ્ટેશન અમારી સાથે હસતું હોય એવું લાગ્યું. ત્રણ મહિના પહેલાં પહેલી ટુકડીને અમે વળાવી હતી ત્યાર પછી આ પહેલી જ વાર અમે બધા એકસાથે સ્ટેશને આવ્યા હતા. એ વખતે સ્ટેશન માસ્તર, સ્ટેશનનું મકાન તથા બીજા બધા માણસો અમારી જેમ ગંભીર બની ગએલાં. આજે બાપુજીના છૂટવાના ખબર આવેલા એટલે જાણે એ બધું આનંદી લાગતું હતું. સ્ટેશન માસ્તર તો રોજ ભારે મોઢું રાખીને જ કામમાં ગુંથાયા હોય, પણ આજે તો એ પણ હસતાંહસતાં બધી વાત કરતા હતા. દેવદાસકાકાએ પોતાનો ઈરાદો જણાવ્યો એટલે એમણે ટેલીફોન કરવાની બધી સગવડ કરી આપી. અમે ટેલીફોનની આસપાસ ટોળે વળીને ઊભા. દેવદાસકાકાએ રુસ્તમજી શેઠને ત્યાં ટેલીફોન જોડાવ્યો અને બાપુજીને વાત કરવા બોલાવ્યા. બાપુજીને ટેલીફોન પર આવતાં લગભગ અર્ધો કલાક વીત્યો. એ દરમિયાન વળી અમે એ લશ્કરી સોલ્જરો પાસે ગયા ને ધરાયા ત્યાં સુધી પ્રશ્નો પૂછપૂછ કર્યા. પણ એણે કહેલી રેલવે હડતાલિયાઓની વાત જુદા પ્રકરણમાં આપવી ઠીક પડશે.

રાહ જોઇજોઇને થાકયા ત્યારે ટેલીફોનની ઘંટડી થઇ અને રુસ્તમજી શેઠને ત્યાંથી બાપુજી બોલ્યા. ભૂંગળું તો દેવદાસકાકાને કાને હતું. એટલે અમને બાપુજીનાં વેણ સાંભળવા કયાંથી મળે? વાત પૂરી થયે એટલું જાણ્યું કે 'આજ રાતે દસની ગાડીમાં બાપુજી ફીનિક્સ આવશે અને પરોઢિયે ચાર વાગ્યે પાછા ચાલ્યા જશે. એમની સાથે કેટલાક મહેમાનો પણ આવશે.'

બાપુજી આજે જ અહીં આવશે એ વધામણી મગનકાકાને દેવા અમે વહેલાવહેલા સ્ટેશનેથી આશ્રમે જવા ઊપડયા; અને ત્યાં પહોંચી આ ખુશખબર આપી, ઉતાવળે વાળુપાણી આટોપી ફરી પાછા સ્ટેશને જવા ઊપડયા. કોઇ નાનું છોકરું સરખું યે ઘેર ન રહ્યું. પાછા ફરતાં કોઈ બાળક ઊંઘી જાય તો એને લાંબી લાંબી ડાંગ ઉપર સુવાડીને લઇ આવવાનું ઠરાવ્યું ને બે ડાંગો સાથે લીધી. ઊંઘનાર બાળકને ડાંગ ઉપર કેવી રીતે ઉપાડાય એનો અખતરો અમે કરતા ચાલ્યા. વાદળાં સાથે સાંતાકુકડી રમતી ચાંદનીનો આસ્વાદ લેતાંલેતાં અમને સ્ટેશને પહોંચતાં વાર ન લાગી. એકલા જતાં જે રસ્તો ભેંકાર લાગતો તે એ રાતે બગીચાની સહેલગાહ સમો થઈ પડયો.

સ્ટેશને પહોંચી થોડું રમ્યા ત્યાં ડરબનની ટ્રેન આવી પહોંચી. બાપુજી, શ્રી થંબી નાયડુ ને બીજા એકબે મહેમાનો ઊતર્યા. અમે એકેએક બાપુજીને પગે લાગ્યા અને તેમણે માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. અને પછી આખું સરઘસ શાંત ગંભીર અને નીરવ વાતાવરણમાં ચાંદનીમાં નહાતું આશ્રમ તરફ ચાલ્યું. મારી ટેવ પ્રમાણે ટોળામાંના બીજાને પાછળ મૂકી હું બાપુજીની પાસે જ પહોંચીને તેમની પૂંઠે પૂંઠે ચાલવા લાગ્યો. એમને પડખે શ્રી થંબી નાયડુ, મગનકાકા અને મિસ સ્લેશિન ચાલતાં હતાં. સૌ એટલાં ગંભીર હતાં કે અમ બાળકોને ક્ષણભરનો સમય પણ બાપુજી આપી ન શકયા. સાધારણ સમય હોત તો આટલે દિવસે આવીને બાપુજીએ દેવદાસકાકાને, મને, કેશુ કૃષ્ણ અને છોટમ ભૈયાને, રાધાબેન અને રુખીબેનને કંઈક ને કંઇક પૂછ્યું હોત અને આનંદ કરાવ્યો હોત; પણ આજે તો અમારે માથે હાથ મૂકયાં એટલું જ. તે પછી તેઓ ઘેર પહોંચતાં સુધી ગંભીર ચર્ચા અને નિર્ણયોમાં જ રોકાએલા રહ્યા.

હું તેમને તથા મહેમાનોને જોતો તથા સાંભળતો રહ્યો.

જેલમાંથી બાપુજીના સમાચાર મળેલા તે મુજબ ચાળીસ દિવસની અંદર એમણે પોતાના શરીરને ઠીકઠીક સુધારી લીધું હતું. હડતાલના દિવસનાં થાક અને ક્ષીણતા દૂર થયાં હતાં; અને છતાં એ અઢી માસ પર બાપુજીએ ફીનિક્સ છોડયું ત્યારના કરતાં આજે તેમનું શરીર જાણે ચોથા ભાગનું રહ્યું હતું. સાવ લાકડી જેવા દૂબળા દેખાતા હતા. એમનો બેઠા ઘાટનો દેખાવ લાંબો લાંબો દેખાઇ રહ્યો હતો. એમનો સાદ પણ બહુ ક્ષીણ થઈ ગયો હતો. આટલે દૂબળે શરીરે બાપુજી આટલું બધું ચાલતા શું કામ હશે? પરોઢિયે જ પાછા જવું હતું તો અત્યારે અરધી રાતે ફીનિક્સ ન આવ્યા હોત તો શું બગડી જાત? પણ બાપુજીને જેલમાંથી છૂટયા પછી પણ આરામ કેવો? તેઓ અતિશય દૂબળા છતાં ગમગીન ન હતા, ઉત્સાહભર્યા હતા.

મને ખબર ન હતી કે કોટપાટલૂન પહેરેલા બાપુજીનું આ આખરી દર્શન છે. પણ ઘેર પહોંચતાં વેંત મગનકાકાને બાપુજીએ જે અનેક નિર્ણયો સંભળાવ્યા તેમાંનો એક પોતાના સૂટ ને કોટપાટલૂન નેકટાઇ આદિને તિલાંજલિ દેવાનો પણ હતો.

બાપુજી કરતાં પણ મારૂં ધ્યાન વધુ તો શ્રી થંબી નાયડુ તરફ રોકાયું. તેઓની કીર્તિ ખૂબ સાંભળેલી. દક્ષિણ આફ્રિકાના સૌ સત્યાગ્રહીઓમાં સૌથી ચડિયાતું કોણ એ વિષે અમારે ત્યાં ચર્ચા ચાલતી ત્યારે ઘણા પહેલું નામ શ્રી થંબી નાયડુનું આપતા. એમને જોવાની તક મને એ જ રાતે પહેલી વાર મળી. શરીરે તેઓ બાપુજીથી ઊંચા અને જાડા હતા. વાને કાળા હતા ને નાક સારી પેઠે લાંબું ને પોપટની ચાંચ જેવું ઘાટીલું હતું. ચાંદનીના આછા અજવાળામાં તેઓ નાનાસરખા હાથી જેવા લાગતા હતા. એમનો અવાજ કોરો અને લૂખો હતો. મેં એમની જે તેજસ્વી અને ભાવભરી મૂર્તિ કલ્પી હતી એવા એ ન હતા. મારા કલ્પિત થંબી નાયડુ કરતાં મેં જે પ્રત્યક્ષ જોયા એ ઊતરતી પંક્તિના લાગ્યા. પણ એમની બહાદુરી અને નિર્ભયતા બાબત સંદેહ ન રહ્યો. બાપુજી સાથે વાત કરતી વખતનો એમનો ધ્વનિ, એમના હાવભાવ, એમની અક્કડ ચાલ અને સૌથી વિશેષ તો એમની વિશાળ છાતી, સઘળેથી એમની બહાદુરી નીતરતી હતી.

ઘેર પહોંચ્યા ત્યારે રાતના અગિયારથી વધુ સમય થયો હતો, છતાં અમારી ઊંઘ ઊડી ગઈ હતી. બાપુજીને તથા મહેમાનોને જોવા-સાંભળવાની સાથે સાથે બાપુજીના ફળના ટોપલાની વિગત જાણીને યે ઊંઘ ઊડી ગઇ. એમાં સ્ટ્રૉબેરી, એવોકાડા પેર વગેરે અમારા ફીનિક્સમાં એ વેળાએ ન થનારાં ફળો હતાં. બાપુજીએ કહ્યું: 'એમાં એક તરબૂચ છે એ તુરત પતાવજો. એ ઠેઠ કેપટાઉનથી આવ્યું છે.' એ સાંભળીને તો મારી લાળ ટપકવા લાગી. રાજકોટના આકરા ઊનાળામાં તરબૂચની ચીરીઓ ખાધેલી તે દાઢે રહી ગએલી! ફીનિક્સમાં તરબૂચ એ તો જાણે સ્વર્ગનું ફળ! કેપટાઉનનાં તરબૂચનાં વખાણ સાંભળેલાં, એટલે એને માટે મન લલચાયું. પણ એટલામાં મગનકાકાએ નિર્ણય આપ્યો કે અત્યારે તો મોડી રાત થઇ છે, આવતી કાલે સવારે વાત. મને ખાત્રી હતી કે સવાર પહેલાં આ ગરમીમાં એ બગડી જશે, અને ખરે જ બીજે દિવસે એ સાવ ઊતરેલું નીકળ્યું. હાથ આવેલું અમૃતફળ આમ વેડફાયું તેથી મને બહુ ગુસ્સો આવ્યો, પણ મોટા પાસે નાનાનું શું ચાલે?

રાત્રે સૂતાં પહેલાં બાપુજીએ સવારે કોટપાટલૂનને બદલે પહેરવાનાં કપડાંનો નિર્ણય કરી લીધો. પણ એ વિષે આવતા પ્રકરણમાં.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

('કુમાર' મારફત આ પત્રમિત્ર મેળવનાર: H. R. Desai, Box 6, MAZABUKA, (North Rhodesia)

DETROIT, Michigan (U.S.A.) Octo. 6 1941

પ્રિય હરિભાઈ,

તમારો પત્ર વેલ્સ્ટન (ઓહાયો) ખાતે મારે ઘેર હમણાં જ પહોંચ્યો અને મારાં બાએ તે અહીં ડેટ્રૉઈટ મોકલી આપ્યો. ડેટ્રૉઈટ એ દુનિયાની મોટરનગરી– u o·city of the world ગણાય છે. હું અહીં એક વર્ષથી ક્રાઇસ્લર ઑટોમોબાઇલ કંપનીમાં રહ્યો છું. પણ હમણાં યુદ્ધરક્ષણસામગ્રી બનતી હોવાથી ચાલુ કામને અરધું કરી નાખવામાં આવ્યું છે. એટલે રક્ષણસામગ્રીના કારખાનામાં જવાની તક ન મળે ત્યાં સુધી મારે અહીં થોડો વખત બેકાર રહેવું પડશે.

આવતા જાન્યુઆરીની ૨૫મીએ મને ૨૦ વર્ષ પૂરાં થશે. મારા વાળ સોનેરી ને ગૂંચળાંવાળાં છે અને આંખો ભૂરી છે. ઊંચાઈ ૫ ફૂટ ૧૧ ઇંચ અને વજન ૧૭૦ રતલ છે. ગેય નાટકો અને શિષ્ટ સંગીત એ મારા શોખ છે. સ્કૉટલૅંડની બૅગપાઇપ (મશકવાજું) અને હિંદુસ્તાની નાગ-મોરલી જે ખૂબ વખણાય છે તે પણ મને ગમે છે. તમારી ઢબ ઉપર જ હું ટિકિટોનો સંગ્રહ કરૂં છું; પણ અહીં ડેટ્રૉઇટ આવ્યા પછી એ નાદમાં જરા ઠંડો થઇ ગયો છું. હમણાં મને ખરી મજા પ્રવાસમાં પડે છે. તો યે ટિકિટોનો રસ તો એવો ને એવો જ છે.

આ વરસે હું અને નેવાનો (દરિયાઇ) એક ખલાસી નાયગરાના ધોધ અને ટૉરંટો (કૅનૅડા)નું પ્રદર્શન જોવા ઊપડયા હતા. એ રખડપટ્ટીમાં બહુ જ મજા પડી હતી. ફરી પાછા ગયે અઠવાડિયે હું અને એ ખલાસી મિત્ર અહીંથી ૩૦૦ માઇલ દૂરના પેન્સિલ્વાનિયા પ્રાંતના પાટનગર પિટ્સબર્ગ ગયા હતા. વેલ્સ્ટનથી ૧૫૦ માઇલ દૂર આવેલું ઓહાયો પરગણાનું કોલમ્બસ નગર પણ મેં જોયું છે. અમેરિકન ઍરલાઈનરની P. C. A. લઇ મેં પહેલી જ વાર વિમાનસફર પણ કરી છે.

દૂર દેશના પત્રમાં મારૂં સરનામું છપાયાને બે વર્ષ જેટલો લાંબો વખત થયા બાદ મને પહેલી જ વાર આ એક જ અઠવાડિયામાં બે પત્રો મળ્યા તેનો મને બહુ જ આનંદ થાય છે યુનાઇટેડ સ્ટેટ્સની કેટલીક ટિકિટો મેં આ સાથે મોકલી છે તે વડે તમારો સંગ્રહ સમૃદ્ધ કરશો. તમારા બીજા પત્ર જોડે તમારી છબિ મોકલજો. તેના બદલામાં હું પણ મારી છબિ મોકલીશ. કોણ જાણે છે આપણને મળવાના સંયોગ પણ કોઇ વાર બને. તમારો ફોટો આવશે તો હું વળી એક વધારે ભેટ પણ મોકલીશ.

મારા બા તથા બાપુને તમે પ્રણામ લખ્યા તેથી તેઓ બહુ ખુશ થયાં છે. તેમણે પણ તમને ખૂબ શુભેચ્છાઓ પાઠવી છે. તમારાં માતપિતાને જો તેઓ હયાત હોય તો મારા ભાવપૂર્વક નમન કહેશો. તમે 'તમારો વફાદાર મિત્ર' એવી સહી કરી છે તેનો અર્થ બહુ થાય છે. તમે એ વચન પાળશો તો હું મારા ભાગે આવતી ફરજ જરૂર અદા કરીશ.

તમારો વફાદાર મિત્ર

(Mr.) Tom Browman

303 West 'C' Street WELSTON, Ohio (U.S.A.)

(પત્રો મોકલનારા પોતે જ 'કુમાર'ની ઢબે તરજૂમા કરી મોકલશે તો અમને રાહત મળશે, અને તે માટે અમે આભારી બનીશું.—તંત્રી)

પંચતંત્રની વાર્તાઓ

ધૂડ રાજાને આમ ઊંઘી શીખામણ મળતી જોઈને રક્તાક્ષ કહે, 'કષ્ટ. કષ્ટ. તમારી અનીતિથી આ રાજાનો ઘાણ નીકળવો છે. કહ્યું છે, કે

અપૂજ્યોની કરે પૂજા પૂજ્યોની જ્યાં 'વિમાનના।
ત્રણે ત્યાં તો પ્રવર્તે છે દુર્ભિક્ષ મરણું ભય.॥

પણ એનો અનાદર કરી ચિરંજીવીને ઉપાડીને ધૂડગઢ લઈ ગયા. ત્યાં ચિરંજીવી કહે, 'ધૂડરાજા, મને સંઘરીને તમે શું કરશો? આ અવસ્થામાં મારે જીવીને શું કરવું છે? મને અગ્નિ દિયો એટલે હું તેમાં પડું.' રક્તાક્ષ કહે, 'આગમાં પડીને તારે શું સાધવું છે?' ચિરંજીવી બોલ્યો, 'શરીરનો હોમ કરીને મારે ધૂડયોનિમાં જન્મ લેવો છે. એટલે પછી મારી આમ દુર્દશા કરનારા કાગડા ઉપર વેર વાળીશ.' રક્તાક્ષ કહે, 'દુષ્ટ, કૌશિકજાતિ તને દુર્લભ છે, કારણ

સૂર્ય ભર્તાર છોડીને મેઘ મારુત ને ગિરિ।
સ્વજાતિ મૂષિકા પામી સ્વજાતિ દુરતિક્રમ॥

તે બોલ્યો, એ કેમ? રક્તાક્ષ કહે:

કથા ૧૧

શાલંકાયન નામે મુનિ ગંગાતીરે સૂર્યોપસ્થાન કરતો હતો ત્યાં બાજના મુખમાંથી પડેલી ઉંદરડી એના હાથમાં આવી પડી. એને તપોબળથી કન્યા બનાવીને ઋષિ આશ્રમે લઈ ગયા અને પોતાની સ્ત્રીને કહ્યું, 'ભદ્રે, લે આ તારે દિકરી અવતરી. જતનથી એને મોટી કર.' કન્યા વિવાહયોગ્ય થઈ, એટલે ઋષિએ સૂર્યને બોલાવીને કહ્યું, 'ભગવન્, તું બળવાન છે એટલે મારી દિકરી તને વરે તો તું તેને પરણ.' ઋષિ દિકરીને કહે, 'આ ભુવનદીપક ભાનુદેવ તને ગમે છે?' કન્યા કહે, 'એનો તાપ બહુ છે, એટલે બીજો સારો વર ગોતો.'

સર્વવૃત્તાન્તદર્શી સૂર્ય કહે, 'મારા કરતાં મેઘરાજ બળિયો છે: હું ઊગ્યો હોઉં છતાં તે મને અદૃશ્ય કરે છે.' એટલે ઋષિએ મેઘને બોલાવ્યો ને કન્યાને પૂછ્યું તો તે બોલી, 'આ તો કાળો ને જડ છે.' મેઘ કહે, 'મારા કરતાં વાયુ અધિક છે, જે મને વિખેરી નાખે છે.' એટલે ઋષિએ વાયુને બોલાવ્યો, પણ કન્યાને એ અતિચપલ લાગ્યો. તેથી વાયુ કહે 'મારાથી પર્વત ચડે, જે મને થંભાવે છે પણ જેને હું ચલિત કરી શકતો નથી.' એટલે ઋષિએ શૈલેન્દ્રને બોલાવ્યો. તો કન્યા કહે, 'આ કઠણ છે.' ગિરિરાજ કહે, 'મારાથી ઉંદર બળિયો છે, તે મારા શરીરમાં છિદ્ર પાડે છે.' એટલે ઋષિએ ઉંદરને બોલાવ્યો તે કન્યાને ગમ્યો, એટલે ઋષિએ એને પાછી ઉંદરડી કરીને ઉંદર વેરે પરણાવી. એટલે કહું છું:

'સૂર્ય ભર્તાર છોડીને' ઇતિ.



ઋષિએ ઉંદરને બોલાવ્યો તે કન્યાને ગમ્યો, એટલે ઋષિએ એને પાછી ઉંદરડી કરીને ઉંદર વેરે પરણાવી.

ચિરજીવીએ વિચાર કર્યો,

‘કહ્યું વધ કરો આનો
સ્વામીકેરા હિતેચ્છુએ ।
મંત્રીમાં એકલો એ છે
નીતિશાસ્ત્રાર્થતત્ત્વવિત॥

એનું કહ્યું આ કરત તો એને કાંઇ અનર્થ ન થાત ને મારી આશા ફળત નહિ.’

ઘૂકદુર્ગનું દ્વાર આવ્યું એટલે અરિમર્દન કહે, ‘આપણા હિતૈષી આ ચિરજીવીને એને ગમે એવું સ્થાન આપો.’ એ સાંભળીને ચિરજીવીએ વિચાર્યું, કે ‘મારે તો આના વધનો ઉપાય કરવો છે, તે મધ્યમાં રહું તો ન સધાય, કારણ એ મારી ચેષ્ટા જોઈને કદાચ સાવધાન થઈ જાય. એટલે ગઢને બારણે જ રહું.’ એમ કરીને તે બોલ્યો, ‘કૌશિકરાજ, સ્વામીએ કહ્યું તે યોગ્ય છે, પણ હું નીતિજ્ઞ છું તથા તારો શત્રુ છું. તારા ઉપર ભલે મને અનુરાગ છે, ને હું ચોકખો છું, તોપણ ગઢ વચ્ચે વાસ કરવો મારે ન ઘટે. એટલે હું તો દુર્ગદ્વારે રહ્યાં રહ્યાં તારી સેવા કરીશ.’ રાજા કહે ઠીક.

(ચાલુ) **દેસાઈ વાલજી ગોવિન્દજી**



સંસારનાં શહેરો

૩૧-કોલંબો

આ લગાતી વેળા જ્યાં જાપાનના બૉમ્બ વરસી રહ્યા છે એ કોલંબો, ભારતમાતાને ચરણે ધરાએલી બીડેલી પદ્મકળી શા ટાપુ સીલોનનું પાટનગર ને મુખ્ય બંદર છે. ૬૪૩ એકરમાં વિસ્તરેલી એની બંદરગાહ કુદરતી નહિ પણ માનવીની હાથબાંધણીની છે, ને દુનિયાભરની એવી જંગી બંદરગાહોમાં એનો નંબર ૧૧મો ગણાય છે, તથા બ્રિટિશ સામ્રાજ્યમાં ૫મો ગણાય છે. સાત સાગરોનાં સફરી વહાણોને પોરો ખાવાનું ને કોલસા ભરવાનું એ અગત્યનું મથક (જંકશન) છે.

લંકાદ્વીપને પશ્ચિમકિનારે, કલ્યાણી નદીના મુખ પર આવેલા આ શહેરનો ઇતિહાસ બહુ જૂનો નથી ઇ. ૧૫૧૭થી ૧૬૫૬ સુધી એ પોર્ટુગીઝોને કબજે હતું. પછી ડચને હાથ ગયું અને ૧૭૦૬માં તે બ્રિટિશ હકુમતમાં આવ્યું. ઇ. ૧૮૭૫માં તેની આજની બંદરગાહ બંધાવા માંડી તે પહેલાં ૮૦ માઇલ દક્ષિણે આવેલું ગૅલે સીલોનનું મુખ્ય બંદર ગણાતું.

શહેરની દક્ષિણે આવેલો ‘ફૉર્ટ’ નામથી ઓળખાતો કોલંબોનો ભાગ એ તેનું મુખ્ય વ્યાપારકેન્દ્ર છે, ને ત્યાંજ ‘ક્વીન્સ હાઉસ’-માં ત્યાંના ગવર્નર તથા સરકારી કચેરીઓનો વાસ છે. ડચ લોકોના સમયમાં જ્યાં યુરોપિયનોનો વસવાટી લત્તો હતો તે હલ્ટ્સડોર્ફ નામના પરામાં કોર્ટો આવેલી છે. પેટ્ટા નામે ઓળખાતી એશિયાઈ બજારનો ગીચ લત્તો સ્વચ્છતાની દૃષ્ટિએ હવે સુધરતો આવે છે. ઇ. ૧૯૧૨મ આહીં વ્યાપેલી પ્લેગની મહામારી પછી તેના જંતુઓ પ્રસારતા ઉંદરો પેસી ન શકે તેવા ચોખાનાં ગંજાવર ગોદામો બાંધવામાં આવ્યાં છે ને એ રોગના ફેલાવા પર કડક પગલાં વડે કાબૂ જમાવાયો છે. પેટ્ટા અને સી સ્ટ્રીટ (દરિયા શેરી) એ બે લત્તામાં કોલંબોની તળપદી વસ્તી વસે છે અને ત્યાં અદ્‌ભુત કોતરણીવાળાં બે હિંદુ મંદિરો છે. સી સ્ટ્રીટમાં રૂ અને ચોખાના મોટા તામિલ વેપારીઓ રહે છે.

બંદરથી ૫ માઇલ દૂર આવેલું કોટ્ટા નામનું પરું એ સિંહાલી રાજાઓનું આ પ્રદેશમાંનું મુખ્ય શહેર હતું. કલ્યાણી નદી પર આવેલા વિક્ટોરિયા બ્રિજ નામના મોટા પુલ પરથી ઉત્તરે નેગોમ્બો તથા ચિલૉ અને ઈશાને કૅન્ડી તરફ જવાના માર્ગ ફૂટે છે અને પુલને બીજે છેડેથી દક્ષિણ તરફનાં શહેરોનો માર્ગ ફંટાય છે. ફૉર્ટની ઈશાને આવેલા કોલંબો સરોવરમાંથી સમુદ્ર સાથે જોડનારી નહેર કાઢેલી છે, જેથી મરજી મુજબ પાણી ઠલવી તથા બદલી શકાય છે. કોલંબો સીલોનની વિદ્યાપીઠનું મુખ્ય ધામ છે, અને યુનિવર્સિટી કૉલેજ તથા રૉયલ કૉલેજ ઉપરાંત બુદ્ધિસ્ટોની આનંદ કૉલેજ તેમજ ખ્રિસ્તી ચર્ચોની બીજી ત્રણ મળી કુલ છ કૉલેજો ત્યાં છે.

સીલોનના ટાપુનું માત્ર રાજધાનીનું જ શહેર એ નથી, પણ આખા દ્વીપની વ્યાપારી, બૌદ્ધિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું પણ એ કેન્દ્ર છે. સીલોનની ચા અને રબરની પૂરી નિકાસ એ બંદર કરે છે.

દરિયાની નજીક નીચાણના પ્રદેશમાં વસેલું હોવા છતાં કોલંબો મૅલેરિયાથી મુક્ત છે ને તેનું હવામાન ભિનાશવાળું તથા ગરમ હોવા છતાં તંદુરસ્ત છે. વરસે લગભગ ૮૫ ઇંચ વરસાદ ત્યાં પડે છે. ૧૯૩૧માં તેની વસ્તી ૨,૮૧,૧૫૫ની હતી, જે આજે તો વધી હશે.



Chatham Street, Colombo



Hindu temple, Colombo



ઉપર : કોલંબોના વ્યાપારી લત્તાનો એક રાજમાર્ગ ચૅથામ સ્ટ્રીટ; વચ્ચે : તામિલોનું હિંદુ મંદિર; નીચે : બંદરગાહ પાસેનો લત્તો.

નવાં પુસ્તકો

'The Faith of the Artist' *by James H. Cousins* (Essays and Lectures on Art. 224 pp.); Published by Kala-Kshetra, Adyar, Madras, Rs. 3 Postage 0-6-0.

रुबाईयात उमर खय्याम (સચિત્ર): અનુવાદક-મૈથિલીશરણ ગુપ્ત, પ્રકાશક-વૈદ્ય શિવનારાયણ મિશ્ર, પ્રકાશ પુસ્તકાલય, કાનપુર, ૩-૦-૦; **रेणुका:** લેખક દિનકર, ૨-૮-૦; **दुनियाकी सेर:** લેખક-શ્રી યોગેન્દ્રનાથસિંહ, ૨-૮-૦; બંનેના પ્રકાશક શ્રી રામલોચનશરણ, પુસ્તકભંડાર, લહેરિયાસરાય (બિહાર). **રાજસંન્યાસી:** લેખક-ધૂમકેતુ, પ્રકાશક ગૌરીશંકર ગો. જોશી, ખાનપુર અમદાવાદ; સોલ એજન્ટ-ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીરોડ અમદાવાદ, ૩-૦-૦; **શરદવંદના:** સંગ્રાહક અને અનુવાદક-રમણલાલ સોની, પ્રકાશક-એન.એમ. ઠક્કરની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨, ૨-૮-૦

સર સોરાબજી પોચખાનાવાળા

(અનુસંધાન પાછળ પાન ૧૦૪થી) ઉમેદવારી કરી જોઇ, પણ માત્ર ૨૮ જ વર્ષનું તેમનું વય હોવાને કારણે તેમની પસંદગી ન થઈ.

'સ્વદેશી'ના આ ઊભરા સાથે સોરાબજીની મહત્ત્વાકાંક્ષામાં પણ જુવાળ આવ્યો. ચાર્ટર્ડ બૅંક કરતાં નવી ઈન્ડિયા બૅંકનું ભાવિ તેમણે ઉજ્જ્વળ જોયું અને પગારની કશી દરકાર કર્યા વગર તેમાં જોડાઈ ગયા. કુટુંબનાં માણસોએ આ નવા દેશી સાહસમાં ઝંપલાવવા સારુ સોરાબજીને ઠપકો આપ્યો, પણ તેમણે પોતાનો મત ન ફેરવ્યો.

અને એ મત ન ફેરવે એ સ્વાભાવિક હતું. સર સાસૂન ડેવિડ, સર કાવસજી જહાંગીર, સર શાપુરજી ભરૂચા, મિ. આર. ડી. તાતા, શ્રી ચુનીલાલ સરૈયા ને શ્રી ગોવર્ધનદાસ ખટાઉ જેવી સદ્ધર ને દક્ષ વ્યક્તિઓનું સાહસ પાછું પડે એ માની જ કેમ શકાય? સોરાબજીએ એમાં જ પોતાની ભાવિ સફળતા જોઇ, ને બૅંકને કોઇ મૅનેજર ન મળ્યો ત્યાં સુધી બધું કાગકાજ ભારે કુશળતાપૂર્વક તેઓ બજાવતા રહ્યા.

પાછળથી મિ. સ્ટ્રિંગફેલો નામના કોઈ યુરોપિયનને માસિક ૧૨૦૦ રૂપિયાના પગારે મૅનેજર તરીકે રાખવામાં આવ્યો. સોરાબજીએ તેના હાથ નીચે કામ કરીને તેનો ભારે વિશ્વાસ સંપાદન કર્યો હતો; પણ પછીથી, સોરાબજીની જ દરેક બાબતમાં પૃચ્છપરચ્છ થતી જોઈ તેની ગોરી તુમાખી એકદમ સળગી ઊઠી ને તેણે હુકમ કર્યો કે સોરાબજીને હાથે કોઈ પણ ચેક કે વાઉચર પસાર ન થાય.

સોરાબજી આ કડવો ઘૂંટડો ગળી ગયા. થોડો વખત રહી એક બીજો યુરોપિયન સબ-ઍકાઉન્ટન્ટ આવ્યો. સોરાબજીએ જોયું કે તેની સહીના વાઉચર જેમનાં તેમ પસાર થાય છે. હવે તેમનાથી ન રહેવાયું ને તેમણે સીધા મિ. સ્ટ્રિંગફેલો પાસે જઇ સવાલ કર્યો: 'ત્યારે હિંદીને એવો હક્ક ન આપવાનું કારણ શું?' મિ. સ્ટ્રિંગફેલોએ પોતાની એકલાની નહિ, પણ આખી ગોરી બુનિયાદીની હિંદી પ્રત્યેની વલણનો પડઘો પાડ્યો: 'આટલો વિશ્વાસ હિંદીઓ પર મૂકીએ છીએ તે પણ ઘણો છે.'

હવે સોરાબજી કકળી ઊઠ્યા. બૅંક જેવા ખાતામાં પણ આવો ભેદાભેદ? અને એથી યે વધુ કકળાટ તો એમને એ ખાતામાં હિંદીઓના માત્ર કારકુનો તરીકે જ થતા ઉપયોગથી થયો. શું હિંદીઓમાં આગળ વધવાની તાકાત કે તમન્ના જ ન હતી? દાખલો નજર સામે મોજૂદ હતો: મિ. સ્ટ્રિંગફેલોનો ૧૨૦૦નો પગાર. એનું બધું યે કામ પતાવી દેવાની પોતામાં શક્તિ હતી, છતાં એટ માત્ર ૧૫૦ની!

પરિસ્થિતિના આ કોકડા પર નિરંતર વિચારતા રહેતાં સોરાબજીએ ચોક્કસ કર્યું કે હિંદમાં હિંદની જ બૅંક થવી જોઇએ. બધા ધંધામાં હિંદીઓ સફળ થાય છે તો બૅંકિંગની તાલીમ મળ્યે તેમાં પણ કેમ યશસ્વી ન થાય? પરંતુ વિદેશીઓને હિંદીઓની એ વિષયની કુશળતાની ખાતરી જેમ ન હતી, તેમ ખુદ હિંદીઓને પણ ન હતી. અને એનું કારણ, પ્રજાના માનસ પર ઊંડી ઠસેલી વિદેશી અસર હતી. સોરાબજીને લાગ્યું કે સ્વાશ્રયના જબ્બર પ્રયોગ સિવાય એ મનોદશા કોઈ રીતે મટે એમ નથી.

અને એવી પ્રતીતિ થતાં સોરાબજીએ એ 'જબ્બર પ્રયોગ' કરવાનો નિર્ણય કરી લીધો. પોતાના બૅંકના વ્યવસાય દરમિયાન ઘણી ઘણી સદ્ધર આસામીઓ જોડે એમણે ઓળખાણ બાંધી લીધી હતી. પોતાના આ ખ્યાલને એ લોકો વધાવી લેશે એમ ધારી બધા પાસે તેઓ પોતાની યોજના રજૂ કરવા લાગ્યા, પણ કોઇને આ તરુણમાં વિશ્વાસ ન બેઠો. સર લલ્લુભાઈ શામળદાસ, સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ, સર ફિરોજ શેઠના, સર મનમોહનદાસ રામજી, શ્રી ફાજલભાઈ ચિનાઈ વગેરે કોઇએ તેમના વિચારને ટેકો ન આપ્યો.

સોરાબજી નિરાશ થવાની અણી ઉપર હતા, પરંતુ એ જ અરસામાં એમના અને હિંદના સદ્‌ભાગ્યે એમના વિચારનો પુરસ્કર્તા મળી આવ્યો અને તે હતા શાહસોદાગર કલ્યાણજી વર્ધમાન જેતસી. હિંદીઓની શક્તિનો થતો ઉપહાસ, શેઠને એમણે દર્દભર્યે દિલે કહી સંભળાવ્યો; ને પોતાને ઇન્ડિયા બૅંકમાંથી જોઈતી સગવડ ન મળતી હોવાથી અને આ રીતે એક હિંદી સાહસમાં પોતે પણ નિમિત્તરૂપ બને છે એ જોઈ શેઠે સોરાબજીને પૂરતો સાથ આપવાનું વચન આપ્યું અને સોરાબજીએ ડાયરેક્ટરોની શોધ ચલાવવા માંડી.

નવી હિંદી બૅંકની વાતો બજારમાં ઊડવા લાગી. આગળ સ્થપાએલી હિંદી બૅંકોની નિષ્ફળ કારકિર્દીથી નવી હિંદી બૅંકની વાતથી જ લોકો ભડકતા હતા, પણ સોરાબજીએ એ માટે એવી તો યોજના ઘડી કાઢી કે જે સફળ થવા જ નિર્માઇ હતી.

સોરાબજી નવી બૅંક કાઢવાની પેરવીમાં પડ્યા હોવાની વાત મિ. સ્ટ્રિંગફેલોને કાને પહોંચતાં તરત તેમણે સોરાબજીને પોતાની પાસે બોલાવ્યા ને હિંદીઓ બૅંક ચલાવી શકે એ વાત જ હસી કાઢી સોરાબજીને પોતાની ધૂન છોડી દેવા સમજાવ્યા. સોરાબજીએ સાફ દિલે પોતાની આખી યોજના રજૂ કરી. ગોરો મૅનેજર ચમકી ઊઠ્યો ને ૨૪ કલાકમાં નવી બૅંકની વાત પડતી મૂકવા અગર તો નોકરીનું રાજીનામું આપવા સોરાબજીને ફરમાન કર્યું.

કેટલીક પળ શાંત ઊભા રહી સોરાબજીએ જવાબ આપ્યો, 'સાહેબ, મેં નિર્ણય કરી લીધો. હું રાજીનામું આપું છું.'

ગોરો વધુ ચમક્યો. એણે પટાવવા માંડ્યું, 'જુઓ, ૨૪ કલાકની મહેતલ આપી છે. શાંત ચિત્તે વિચાર કરો, ઉતાવળા ન થાઓ.'

'મારો નિર્ણય અફર છે.' સોરાબજીએ જવાબ આપ્યો ને તરત નોકરીનું રાજીનામું આપી દીધું.

પોણા ત્રણ સો રૂપિયાની નોકરી છોડી અંધકારપૂર્ણ ભવિષ્યમાં ઝંપલાવવાના સોરાબજીના આ પગલાનો કુટુંબે વિરોધ કર્યો, પણ એને તો હિંદમાં હિંદની જ બૅંક ઊભી થાય, એ વડે હિંદી વેપારઉદ્યોગો ઊભા થાય અને હિંદની શરમજનક સ્થિતિ ટળે એવાં પોતાનાં સ્વપ્નને મૂર્ત કરી બતાવવાં હતાં. ને એ અનુસાર એમણે ને કલ્યાણજી શેઠે બીજે જ દિવસે મુંબાઈના એશામ બિલ્ડિંગમાં માસિક ૬૦૦ રૂપિયાના ભાડાથી બૅંકનું મકાન ભાડે રાખી, બે ટેબલ, બે ખુરશી ને જૂજજાજ ફર્નિચરથી 'સેન્ટ્રલ બૅંક'ની શરૂઆત કરી દીધી.

આ નવી બૅંકમાં શેઠ અને સોરાબજી સાથે ઇસ્ટર્ન બૅંકનો કૅશિયર વીકાજી ભળ્યો. લોકોએ એને ગાંડા જ ગણી કાઢ્યો. ત્રણે જણે મળી કંપનીના ખરડા ને ખરીતા તૈયાર કર્યા. ડાયરેક્ટરો પણ શોધી કાઢ્યા; શ્રી મંચેરશા ખાન, શ્રી જે વર્ધમાન, શ્રી અરદેશર દુબાશ, શ્રી જગશેદજી ચોથિયા, શ્રી રાધાકૃષ્ણ લક્ષ્મીચંદ અને એચ. દાઉદ ઈલીઆસ.

હવે? કંપનીનો પ્રમુખ ક્યાંથી શોધવો? એ ગડમથલ વખતે જ બૅંક ઑફ બર્મા તૂટી પડી હતી. લોકોની મશ્કરી અને વિષમ પરિસ્થિતિથી મુશ્કેલીઓનો પાર ન હતો. છતાં ૧૯૧૧ના ડિસેંબરની ૨૧ મીએ સેંટ્રલ બૅંક ઑવ ઇન્ડિયા રજિસ્ટર કરાવવામાં આવી. સોરાબજીને થયું કે હવે પ્રમુખ તરીકે કોઈ પ્રભાવશાળી વ્યક્તિ મળી જાય તો બૅંકનું કામ સરળ બની જાય.

બરાબર એ જ અરસામાં મુંબાઇના સિંહ સર ફિરોઝશાહ મહેતા વિલાયતનો પ્રવાસ આટોપી પાછા મુંબાઇ આવી ગયા. ત્રણે જુવાનિયા એમની પાસે પહોંચી ગયા. પોતાની આખી યોજના રજૂ કરી. આજ સુધીની નિષ્ફળ ગએલી હિંદી બૅંકોનાં કારણો બતાવ્યાં. ફિરોઝશાહ પ્રેમથી બધું સાંભળી રહ્યા. આ જુવાનિયાઓની બુદ્ધિ

ફપર તે આફરીન થયા. પોતે સૂચવ્યા મુજબના સુધારા એ યોજનામાં કરવાનું વચન લઇ, બૅંકના પ્રમુખ થવાનું તેમણે વચન આપ્યું. એમના નામે બૅંકને એટલી તો પ્રતિષ્ઠા મળી કે ત્રણ જ મહિનામાં બૅંકના વીસ લાખ રૂપિયાના શેરો ભરાઈ ગયા. સોરાબજી ૮૦૦ના પગારથી એ બૅંકના મૅનેજર નીમાયા ને ત્યારથી તે મરણની ઘડી સુધી તે જ પ્રવૃત્તિ અને પ્રગતિમાં ઓતપ્રોત બની રહ્યા. તે દિવસ પછીથી સોરાબજી અને સેન્ટ્રલ બૅંકનો ઇતિહાસ જુદો નથી રહ્યો.

૧૯૧૩ની સાલ આવી ને હિંદના આર્થિક વાતાવરણમાં જબરૂં વાવાઝોડું ગાજ્યું. એના ઝોકમાં મુંબાઇની સ્પીસી બૅંક ને પંજાબની પીપલ્સ બૅંક જેવી સમૃદ્ધ બૅંકો પણ ફસડી પડી, ત્યાં નાની બૅંકોનું તો શું ગજું? અને સેંટ્રલ બૅંક તો હજુ બે વરસનું બાળક જ હતી. શાખ જવાનું ટાંકણું આવ્યું ત્યાં તો ફિરોઝશાહે પોતાની તમામ મિલકત તેની પાછળ રોકી દીધી. એની નૈતિક અસર બીજા ડીરેકટરો પર પણ થઇ ને તેમણે પણ પોતાની મિલકત બૅંકની જતી શાખ બચાવવામાં રોકી દીધી. પ્રજામાં એ અનુમાનથી વિશ્વાસ બંધાઈ ગયો કે 'બૅંકની સ્થિતિ સધ્ધર ન હોય તો ડીરેકટરો પોતાની મિલકતનું જોખમ ખેડે જ શાને?' અને એ રીતે ફિરોઝશાહ તથા ડીરેકટરોના ત્યાગ ને સાહસ તથા સોરાબજીની કાર્યકુશળતાથી સેન્ટ્રલ બૅંક એ વાવાઝોડામાંથી ઊગરી ગઈ.

આ કપરા અનુભવ પછી સોરાબજીએ બૅંકના સંચાલનમાં એવા તો મૂળભૂત ફેરફારો કરી નાખ્યા કે ગમે તેવા વિપત્કાળમાં પણ તેને આંચ ન આવે. અને આ પછી બૅંકની પ્રતિષ્ઠા પણ ખૂબ વધી ગઇ. ૧૯૨૧માં સરકારે તેને માન્ય કરી ને મ્યુનિસિપાલિટીઓની મોટી-મોટી રકમો તેમાં જમા રહેવા લાગી.

સેન્ટ્રલ બૅંકનો આ ઉત્કર્ષ કેટલાકથી સહન ન થયો. તેની માનહાનિ કરવાના અનેક પ્રયાસો થયા. કલકત્તા ક્લીઅરિંગ બૅંકે તેનો બહિષ્કાર કર્યો. વળી તેના ચેકો સારૂ કમિશન બેસાડવાના પ્રયત્નો યે થયા. પણ એ બધું ફોકટ જ નીવડ્યું. મુંબાઇ મ્યુનિસિપાલિટીએ એમાં પોતાનાં નાણાં રોકયાં ત્યારે તેના એક કૉર્પોરેટરે ગપ ચલાવી કે બૅંકે તો ઝવેરાત પર મોટી રકમ કરજે ઉપાડી છે. સોરાબજીએ આ વિધાન સામે જાહેર તપાસ ચલાવડાવી અને તેની માફી મગાવી, એટલું જ નહિ પણ તેની પોતાની રકમ બૅંકમાં ડીપોઝીટ રખાવી બૅંકની વિશ્વસનીયતા કબૂલ કરાવી. બૅંક પરનો કશો આક્ષેપ સોરાબજી સહન ન કરી શકતા અને તેની ઇજ્જત સાચવવા હમેશ તત્પર રહેતા.

આમ હિંદી તંત્ર નીચે ઊભી થએલી 'સેન્ટ્રલ બૅંક' પગભર અને પ્રતિષ્ઠિત બની. આજે તો એનો દરજ્જો એટલો વધ્યો છે કે મોટીમોટી યુરેપિયન બૅંકોએ પણ તેના ધોરણ ઉપરથી જ પોતનાં ચાલુ અને સેવિંગ્ઝ ખાતાંના વ્યાજનો દર ઠરાવવા માંડ્યો છે.

બૅંક જેમજેમ જામતી ગઇ તેમતેમ તેના પાયા સોરાબજીએ વધુ ને વધુ ઊંડા ઉતારવા માંડ્યા ને એ સાથે જ એની શાખાઓ પણ હિંદભરમાં ફેલાવા માંડી. આજ પર્યંત એની ૫૦ શાખાઓ સ્થપાઈ છે. હિંદમાં જૉઇન્ટ સ્ટૉક બૅંકોની સંખ્યા ૮૪ની છે અને કુલ અનામત ૭૫ કરોડ રૂપિયાની છે, તેમાંથી ૨૫ કરોડ તો એકલી સેન્ટ્રલ બૅંકમાં છે.

કોઈપણ સ્વદેશી ઉદ્યોગ બૅંકના પીઠબળ વગર ન ટકી શકે એ સત્ય સોરાબજીએ પ્રમાણ્યું હતું ને એને અનુલક્ષી, બૅંકની સ્થિતિ સધ્ધર થતાં દેશના નાનામોટા કેટલા ય ઉદ્યોગોને મદદ આપવા માંડી હતી ને કેટલાયને ડૂબતા બચાવ્યા હતા.

. તાતા ઑઇલ મિલ્સવાળાઓની યોજના જ્યારે નિષ્ફળ ગઇ હતી ને દેવાળું કાઢવા વખત આવ્યો હતો ત્યારે આગગાડીમાં એકાએક તેના મૅનેજર નવરોજજી સકલાતવાળાનો સોરાબજી સાથે ભેટો થઇ ગયો. દેવાળું કાઢી લોકોની રકમ ડુબાવવી તેના કરતાં કંપનીની પુનર્ઘટના કરી, તેનું ભંડોળ કમી કરવાની સોરાબજીએ આખી નવી યોજના રચી આપી માર્ગદોરી આપ્યો. એ યોજના અનુસાર આજ પણ એ કંપની સુસ્થિત રહી કામ કરી રહી છે.

એ જ મુજબ માદન થીએટર્સ લિ. તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની, તાતા હાઇડ્રૉલિક કંપની, આંધ્ર વૅલી કંપની, સ્વદેશી મિલ્સ, બૉમ્બે સ્ટીમ નૅવીગેશન કંપની વગેરેને અણીને વખતે મદદ કરી, હિંદના વેપારઉદ્યોગમાં સેન્ટ્રલ બૅંકે પોતાનો યશસ્વી ફાળો નોંધાવ્યો છે.

દેશના હુન્નરઉદ્યોગો સિવાય નાની નાની બૅંકોને પણ મદદ કરીને સોરાબજીએ બચાવી લીધી હતી. અનેક બૅંકો ઊભી થાય ને ડૂબે તે કરતાં થોડી પણ સધ્ધર બૅંકો હોય એ દેશને વધુ હિતાવહ છે એવી દીર્ઘદૃષ્ટિએ જ એમણે તાતા ઈન્ડસ્ટ્રિયલ બૅંક અને યૂનિયન બૅંક ઑવ ઈન્ડિયાનો એમના આપત્કાળે સેન્ટ્રલ બૅંકમાં સમાવેશ કરી લીધો હતો.

સોરાબજીના વિશાળ અનુભવ અને તીવ્ર બુદ્ધિનો લાભ હિંદી પ્રજા જેટલો જ સરકારે પણ લીધો હતો. સરકારી જામીનગીરીઓમાં પ્રજાનો વિશ્વાસ બેસે તેના ઉપાયો સૂચવવા ઇ. ૧૯૨૧માં નિમાએલી સમિતિમાં સરકારે તેમને નીમ્યા હતા. ખેડૂતો પરના કરજનો બોજો કમી કરવા લૅંડ મૉર્ટગેજ બૅંકની યોજના પણ એમણે કરી આપી હતી અને સંયુક્ત પ્રાંતની સરકારની વિનતિથી ઈન્ડસ્ટ્રિયલ ફિનૅન્સ કમિટીમાં પણ તેમણે કામ કર્યું હતું. સરકારે તેમની આ સેવાનો બદલો ઇ. ૧૯૩૫માં સરનો ઈલકાબ તેમને આપીને વાળ્યો હતો. પાછા વળી એ જ સાલમાં સરકારે તેમને સ્ટૉક એકસચેન્જ તપાસસમિતિના સભ્ય નીમ્યા હતા. સીલોન સરકાર તેમજ હિંદનાં દેશી રજવાડાંએ પણ એમના અનુભવનો લાભ ઓછો નથી લીધો.

સર સોરાબજીનાં જ્ઞાન, દીર્ઘદૃષ્ટિ અને સાહસિક વૃત્તિનો ઉમદા નમૂનો તો એ છે કે જે કામ કરવાની કોઇ પણ સ્વદેશી બૅંક હામ ન ભીડતી તે પરદેશી હૂંડીઓનું કામકાજ કરવાની હામ તેમણે ભીડેલી. થોડા જ સમય પર ઇંગ્લંડમાં સેન્ટ્રલ એક્સ્ચેન્જ બૅંક ઑવ ઇન્ડિયા નામની હુંડીઆમણનો વ્યવહાર કરનારી બૅંક એમણે ખોલવાથી પરદેશો સાથે કામ કરનારી હિંદી બૅંકોની સગવડ ઘણી વધી ગઇ છે.

દુનિયાની નજરે આટલા મહાન ને સમર્થ છતાં ખાનગી જીવનમાં તો સર સોરાબજી તદ્દન સાદા અને આડંબરરહિત રહ્યા હતા. જાહેરાતથી એ દૂર રહેતા. ખાનગી કે જાહેર મેળાવડાઓમાં પણ તે ભાગ્યે જ દેખાતા. ભારે રોકાણો અને કામકાજમાંથી જ્યારે પણ થોડીક ફુરસદ મળે ત્યારે એ ફુરસદનો વખત પોતાની પત્ની અને બાળકોની સોબતમાં જ ગાળવાનું પસંદ કરતા.

સેન્ટ્રલ બૅંકની પચીસ વર્ષોની સેવા દરમિયાન એમણે એક જ લાંબી રજા લીધેલી અને તે પણ યુરોપ જઇને બૅંકોનો જાતઅનુભવ લેવા માટે જ. હિંદી શરાફીના એ તપસ્વી હતા ને એ તપશ્ચર્યા એમના જીવન દરમિયાન એકે પળ અટકી નહોતી. બૅંકિંગ, નાણાંપ્રકરણ અને અર્થશાસ્ત્ર એમનું પ્રિય વાચન હતું ને એ જ એમના ચિંતનનું લક્ષ્યબિંદુ હતું. એમનું જીવન રાષ્ટ્રભાવનાથી ભરપૂર હતું, પણ રાજકારણમાં માથું મારી પોતાનું લક્ષ્યબિંદુ ચૂકવાનું એમણે કદી પસંદ નહોતું કર્યું.

હિંદી શરાફીના પિતા, ભારતના સર્વોત્તમ શ્રેષ્ઠી અને રાષ્ટ્રીય ઉદ્યોગોના પુરસ્કર્તા આ મહાપુરુષ આજે આપણી વચ્ચે નથી; પણ ૧૯૧૧માં ૨૫ લાખની રકમથી ખુલી અત્યારે ૨૫ કરોડની અનામત ધરાવતી સેન્ટ્રલ બૅંક એમના ચિરસ્થાયી સંસ્મરણ રૂપે ખડી છે. સોરાબજીના જીવનની એ યશકલગી છે, હિંદી પુરુષાર્થનું એ પ્રતીક છે.



માધુકરી

ધપ્યે જ જજે સદા

• હરિણી •

જીવનવનમાં પુષ્પો કેરી સુગિષ્ટ સુવાસ જ્યાં
મઘમઘતી કો' સ્થાને, કાંટા સુતીવ્ર કયહીં કયહીં;
પરિમલ ધરી હૈયાગાંઠી રજે રજ, ને પછી
પરિમલથકી પ્રેરાઇને, ન તું ગણકારતાં
અગણ્ વ્રણ એ કાંટા કેરા, ધપ્યે જ જજે સદા
વન ઉપવનોમાં, શ્રદ્ધા ને ઉમંગથી ઉલ્લસી.

—જયાનન્દ દવે

શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી

'કુમાર'ના વાચકોને તો એ તરુણ ગુજરાતી કવિનું નામ સુપરિચિત છે. એમણે કવિતા લખવી શરૂ કરી ત્યારથી (એમનું પહેલું કાવ્ય 'કુમાર'ના ૪૨મા અંકમાં પ્રકટ થયું ત્યારથી) તે ઈ. ૧૯૩૪ના મે માસમાં તે અમેરિકા ગયા તે વેળા ૧૨૪મા અંકમાં છપાએલા 'દ્વિધા' નામના એમના છેલ્લા કાવ્ય સુધીની એમની કાવ્યમાળાનાં ઉત્તમોત્તમ મૌક્તિકોના ભોક્તા 'કુમાર'ના વાચકો બન્યા છે. એ 'દ્વિધા' કાવ્યમાં એમણે સાગરપાર જઇને ત્યાંની સિદ્ધિઓ વરી લાવવાના જે મહત્ત્વાકાંક્ષી ઊર્મિઉછાળા ઉતાર્યા છે તેને ખરા પાડતા આવતા એમના



વિષેના સમાચારો અવારનવાર અમેરિકન છાપાંઓમાં ચમકતા રહ્યા છે. ગયે વર્ષે મહારાષ્ટ્રના 'મનોહર' માસિકે એમનો ટૂંક પરિચય આપી અમેરિકામાં હિંદના હિત વિષયક પ્રશ્નોને ન્યાય આપવા મથનારા પરરાષ્ટ્રવાસી હિંદી પરિવ્રાજક તરીકે એમની પ્રવૃત્તિની નોંધ લીધી હતી, તેનો ઉતારો 'ગુજરાતી પંચ' સાપ્તાહિકે કરેલો. એ સિવાય એમની પ્રવૃત્તિની નોંધ હજી ક્યાં ય આવી નથી.

એમનો ટૂંકો પરિચય તો 'કુમાર'ના ૧૦૦મા અંકમાં આવી ગયો છે.ભાવનગરની દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન જેવી રાષ્ટ્રીય સંસ્કારપોષક સંસ્થામાં શિક્ષણ પામી વિનીત થઈ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા; ત્યાં દાંડીકૂચ થતાં તેમાં ભાગ લઇ જેલ ગયા; સંધિ થતાં શાંતિનિકેતન જઈ અભ્યાસ કરી ત્યાંના સ્નાતક થયા; અને પત્રકારત્વ તથા સામાજિક અર્થશાસ્ત્રના વિશેષ અભ્યાસ માટે ૧૯૩૪ના મેની ૧૨મી તારીખે અમેરિકા જવા ઊપડ્યા. તે પહેલાં એમની સાહિત્યપ્રવૃત્તિએ અહીં સારો પ્રકાશ પાથરી દીધો હતો.

અમેરિકા ગયા પછી પણ પોતાની એ લેખનપ્રવૃત્તિ તો એમણે ચાલુ જ રાખી છે. શરૂઆત એમણે 'કરન્ટ હિસ્ટરી' નામના માસિકથી કરી અને ત્યાર પછી તો 'ધ ન્યૂ રીપબ્લિક' 'એશિયા' 'ઍમેરેશિયા' વગેરે સાપ્તાહિકો અને માસિકો એમનાં લખાણો ઉમંગથી લેવા લાગ્યાં. પોતાની શૈલી એમણે અમેરિકનોને ગમે એવી નર્મ વિનોદ યુક્ત અને ચમકદાર બનાવી છે; સાથેસાથે વિગતોની ચોકસાઇ પણ એવી હોય છે કે 'ન્યૂયૉર્ક ટાઇમ્સ' જેવાં પત્રો પણ તેમના લેખો આવકારે છે.

દાંડીકૂચ વેળા લીધેલા સત્યાગ્રહ લડતના પ્રત્યક્ષ અનુભવ ઉપર એમણે હિંદની અહિંસક લડત વિષે લખેલો પોતાનો મહાનિબંધ 'વૉર વિધાઉટ વાયોલન્સ'(વગર હિંસાએ યુદ્ધ)નામથી ત્યાં ગયે વર્ષે પુસ્તક રૂપે પ્રકટ કર્યો છે અને એ દ્વારા જગતભરમાં નવો જ પ્રકાશ પાડતું એ ગાંધી તત્ત્વજ્ઞાન અમેરિકાની પ્રજાને સમજાવવાનો સમર્થ પ્રયત્ન કર્યો છે. તે પછી હિંદી રાજકારણને તેના સાચા રૂપમાં સમજાવી તેની યોગ્ય વિવેચના રજૂ કરનાર લેખક તથા વ્યાખ્યાતા તરીકે અમેરિકામાં એ સંમાન પામ્યા છે.

હિંદી પ્રશ્નો ઉપર વ્યાખ્યાનો પણ એ ખૂબ આપે છે અને અમે-

રિકાની પદ્ધતિએ વ્યાખ્યાન-પ્રવાસો પણ યોજે છે. 'મનોહર'માં આવેલા પરિચયમાં જણાવ્યા પ્રમાણે 'એવા એક પ્રવાસમાં સોળ દિવસમાં એમણે છવ્વીસ વ્યાખ્યાનો આપેલાં. કૅનેડા જેવા કટ્ટર સામ્રાજ્યવાદી સંસ્થાનમાં પણ એમણે એક પ્રવાસ કરી ત્યાંના વતનીઓને હિંદીઓ વિષેનો સાચો અહેવાલ આપી કૅનેડાવાસીઓમાં હિંદીઓ પ્રત્યેની લાગણી જાગૃત કરી. એમના ત્યાંના મિત્રોના જણાવ્યા પ્રમાણે, અમેરિકાવાસી હિંદીઓની છેલ્લા દસકાની સાર્વજનિક પ્રવૃત્તિનું જો સિંહાવલોકન કરવામાં આવે તો ધનગોપાલ મુકરજી પછી લેખનકલામાં, અને વિઠ્ઠલભાઈ પટેલ પછી વ્યાખ્યાનપ્રવાસ ખેડવામાં એમનું સ્થાન બીજું જ આવે.'

તાજેતરમાં જ એમનું એક નવું પુસ્તક બહાર પડ્યું છે: 'માઇ ઇન્ડિયા, માઈ અમેરિકા.' એમાં એમણે એ બંને દેશોના વસવાટ દરમ્યાનનાં પોતાનાં દર્શનો આલેખ્યાં છે. 'સૅટર્ડે રિવ્યૂ ઑફ લિટરેચર' નામના અમેરિકાના અગ્રણી સાહિત્ય-સાપ્તાહિકે પોતાની કટારોમાં એનું અવલોકન છાપી પોતાના પૃઠા પર આ સાથેનો ફોટોગ્રાફ પ્રગટ કર્યો છે. શ્રી કૃષ્ણલાલ એમાં અવારનવાર લેખો પણ લખે છે. કવિવર રવીન્દ્રનાથના અવસાન સમયે એમને વિષેનો એક વિસ્તૃત પ્રશસ્તિલેખ એમણે એ પત્રમાં લખેલો. હેનરી સીડલ કૅન્બી જેવા અમેરિકાના મોવડી સાહિત્યવિવેચકના તંત્રીપદ નીચે ચાલતા અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા એ સાપ્તાહિક (સૅટર્ડે રિવ્યૂ ઑફ લિટરેચર)માં લખાણ આવવાં તથા તેના વિવેચકોના હાથે વિવેચના પામવી એ અમેરિકામાં બહુમાન ગણાય છે.

ગુજરાતના એક સુપુત્રની વિદેશમાંની આવી યશસ્વી અને માનભરી કારકીર્દિ એ ગુજરાતને ગૌરવનો વિષય છે.

માદાગાસ્કર: પૂર્વ આફ્રિકાનું સિંહદ્વાર

પૂર્વ આફ્રિકાના કિનારાથી ૨૫૦ માઈલ દૂર આવેલો માદાગાસ્કર દુનિયાનો સૌથી મોટો ચોથો દ્વીપ છે. માત્ર ગ્રીન્લૅન્ડ, ન્યૂ ગીની અને બોર્નિયો, એ ત્રણ દ્વીપો જ માદાગાસ્કર કરતાં મોટા છે. દક્ષિણ આફ્રિકાથી ઑસ્ટ્રેલિયા, હિંદ અને રાતા સમુદ્ર તરફ ફંટાતા દરિયાઇ માર્ગો પર વ્યૂહની દૃષ્ટિએ માદાગાસ્કરનું મહત્વ ખૂબ ભારે છે. તાજેતરમાં જે ફ્રેન્ચ કાફલાને દક્ષિણ આફ્રિકા પાસે રોકવામાં આવ્યો હતો તે માદાગાસ્કરથી નીકળ્યો હતો. હિંદી મહાસાગરમાં હુમલા કરવા ઘૂમનારાં જહાજોને માદાગાસ્કરમાં સંતાઇ રહેવાનાં સ્થળો મળી શકે તેમ છે એ હકીકત બ્રિટિશ નૌકાદળ સમજે છે. આ દ્વીપનું ક્ષેત્રફળ અઢી લાખ ચોરસ માઈલ છે. દ્વીપની ભૂમિ અતિશય મુગ્ધકર છે પરંતુ બહારની દુનિયા તેનાથી ભાગ્યે જ પરિચિત છે. તેનો અર્વાચીન ઇતિહાસ ૧૮૯૫ની સાલથી શરૂ થાય છે. ફ્રેન્ચોના ૬૦૦૦ શ્વેત સૈનિકો ત્યાં મૅલેરિયાથી મરણ પામ્યા બાદ ફ્રેન્ચોએ તેને જીતી લઈ ફ્રેન્ચ વસાહત બનાવી હતી. ફ્રેન્ચોએ માદાગાસ્કરના ડીએગો સૌરેઝ નામક સરસ પ્રાકૃતિક બંદરને વિકસાવેલું તેમાં મુખ્ય આશય તેઓ જેને બ્રિટિશ લાલસા માનતા હતા તેની સામે સાવચેતી રાખવાનો હતો. હાલ ત્યાં ટૉર્પિડો ફેંકનારાં જહાજોનું એક મથક છે જ્યાં સબમરીનો અને નાનાં યુદ્ધજહાજો સઘળી ઋતુઓમાં સલામતીથી રહી શકે છે. પોર્ટ નીએવરે નામના બંદરમાં ફ્રેન્ચોએ જહાજોના સમારકામ માટે એક સૂકી ગોદી બાંધી છે. ત્યાં ૮૦૦૦ ટન સુધીનાં યુદ્ધજહાજો જઈ શકે છે. દક્ષિણ આફ્રિકા અને હિંદ વચ્ચે મરામતીની આ એક જ ગોદી હોઈ તેની ખાસ મહત્તા છે.

માદાગાસ્કરમાં ફ્રેન્ચોની જનસંખ્યા લગભગ ૨૭,૦૦૦ છે અને હજી સુધી એ વિચી સરકારના વર્ચસ્વ હેઠળ હતું, પરંતુ આજે તેની સ્થિતિ મુશ્કેલ બની છે. પહેલાં વિમાની સર્વિસ હતી તેથી એક અઠવાડિયામાં પારીસ આવાતુંજવાતું, પરંતુ હાલ એ સગવડ નાબૂદ થઇ છે. આ દ્વીપને ફ્રાન્સ સાથે સાંકળનારો દરિયાઇ કેબલવ્યવહાર બ્રિટિશ સ્ટેશનોમાંથી પસાર થાય છે. અત્યારે દરિયામાર્ગે ઓછામાં ઓછો એક માસ લેતાં જહાજો દ્વારા અને શૉર્ટવેવ વાયરલેસ સ્ટેશન દ્વારા વ્યવહાર નિભાવવામાં આવે છે. આ દ્વીપ પરના જકાતના ભારે દરોને લીધે બીજા દેશો તેની સાથે યુદ્ધ પહેલાં યે વેપાર કરી શકતા નહોતા, એટલે માદાગાસ્કરમાં તેલ, કાપડ, સૂતર, ધાતુઓ, સીમેન્ટ અને બીજો ઘણો આવશ્યક માલ, જે સઘળો પહેલાં ફ્રાન્સથી આયાત થતો હતો, તેની ભારે તંગી પડતી હોવી જોઇએ.

માદાગાસ્કર દ્વીપે ભૂતકાળમાં ઠીકઠીક તડકોછાંયડો જોયા છે. નેપોલિયનનાં યુદ્ધો દરમિયાન ફ્રેન્ચ વસાહતોનો કબજો બ્રિટિશોએ લીધો હતો અને પારીસની સંધિથી એ બ્રિટિશોને સુપ્રત થઈ હતી. તે સમયે ત્યાંના ચાળીસ લાખ વતનીઓ પર તેમનો રદામો પહેલો રાજા રાજ્ય ચલાવતો હતો. તેણે પોતાના સૈન્યને તાલીમ આપવા અંગ્રેજ માણસો રાખેલા અને પ્રજામાં અંગ્રેજી શિક્ષણ તથા રીતરસમો દાખલ કરેલી, પરંતુ તેની રાણી જ્યારે ગાદી પર આવી ત્યારે તેણે યુરોપિયનોને હાંકી કાઢેલા અને ખ્રિસ્તી થએલા દેશીઓની કતલ કરેલી. એ પછી બીજા રાજાઓ અને રાણીઓ પણ રાજ્ય કરી ગએલાં. પાછળથી બ્રિટન અને ફ્રાન્સના સંબંધો બગડતાં માદાગાસ્કરમાં બે યુદ્ધો થયાં, વતનીઓએ બળવો જગાવ્યો અને ફ્રેન્ચોએ આખરે આખોય દ્વીપ કબજે કરી લીધો. ૧૯૧૬માં સ્વરાજ માટે બળવો થતાં રહી ગએલો; જોકે તે પછી પરિસ્થિતિમાં સુધારો થતો રહ્યો છે. તાજેતરમાં શિક્ષણ, વેપાર આદિ ક્ષેત્રોમાં પ્રગતિ થઇ છે, પણ ત્યાંના આદિવાસીઓને સ્વરાજ તો નથી જ આપવામાં આવ્યું. ફ્રેન્ચ ચેમ્બરમાં પણ તેમનું પ્રતિનિધિત્વ નથી.

માદાગાસ્કરમાં હાલ ૫૦૦ માઈલ જેટલી રેલવે છે અને મુખ્ય બંદર તામાતાવે તથા મધ્યપ્રદેશની ઊંચી ભૂમિમાં આવેલું પાટનગર આન્તાનનારીવો રેલવે માર્ગે જોડાએલાં છે. ૧૫૦૦ માઈલ જેટલા સારા રસ્તા છે. સફર અને ખેતીવાડી માટે નહેરો ખોદવામાં આવી છે. પૂર્વ કિનારાનો પ્રદેશ તંદુરસ્ત નથી. જોકે તબીબી સહાયથી, પરિસ્થિતિ સુધારવામાં આવી છે. મધ્યપ્રદેશની ઉચ્ચભૂમિ સ્વાસ્થ્ય માટે સરખામણીમાં સારી છે અને ઘણાખરા યુરોપિયનો ત્યાં રહે છે.

ઑસ્ટ્રેલિયાની જેમ માદાગાસ્કર પણ એક વાર એશિયા સાથે સંકળાએલું હતું. વિચી સરકાર માદાગાસ્કરને ધરીરાજ્યોને ચરણે ધરી દેશે કે કેમ એ પ્રશ્ન આજે સર્વત્ર ચર્ચાઈ રહ્યો છે. (પ્રજાબંધુ)

યુદ્ધ અને કાગળ

છેલ્લી શોધોએ સાબિત કર્યું છે કે બૉમ્બ અને દારૂગોળાની બનાવટમાં સૂતરાઉ ચીંથરાં કરતાં કાગળનો માવો વધુ વિનાશકારક નીવડે છે. અમેરિકામાં હવે દર મહિને દસહજાર ટન કાગળનો માવો દારૂગોળાની બનાવટ માટે વપરાશે.

ઇ.૧૯૪૧ના છેલ્લા છ માસમાં અમેરિકાએ ૮૬,૦૦૦ટન કાગળનો માવો બ્રિટનને દારૂગોળાની બનાવટ માટે મોકલ્યો.

એક 'યુદ્ધ જહાજ'ની બનાવટના માત્ર નકશા જ (તેના નાના મોટા અનેકવિધ વિભાગોના) દોરવા માટે ત્રીસ ટન 'બ્લ્યુ-પ્રિન્ટ' કાગળ જોઇએ છે; યુદ્ધવિમાનના નકશા માટે ૫૦,૦૦૦ નંગ બ્લ્યુ-પ્રિન્ટ પેપર, ટૅંક(બખ્તરિયા ગાડી) માટે ૨૫૦૦, રાઈફલ-બંદૂક માટે ૨૫૦ અને બૉમ્બશેલ માટે ૪૦ નંગ જોઇએ છે

સ્વીડને હમણાં કાગળના કપડાં બનાવ્યા છે અને ગયા વરસમાં એવા ૧ લાખ કપડાં ફ્રાન્સ અને બેલ્જિયમમાં ખપ્યા છે. ઠંડી હવા સામે એ બહુ સારૂં રક્ષણ આપે છે.

કૅનેડામાં બ્રેડ (ડબલરોટી) ઉપર વીંટવામાં આવતા કાગળનો બધો માલ યુદ્ધપ્રયાસ માટે લઈ જવામાં આવ્યો છે અને તેને બદલે માત્ર ૨૦ રતલ વજનનો પાતળો ચાલુ ભ્રાઉન પેપર વાપરવાનું ફરમાન કરવામાં આવ્યું છે. ખોરાકની સલામતી ખાતર એ બ્રાઉન (ક્રાફ્ટ)પેપરમાં ક્લોરીન કે ટિટૅનિયમ બ્લીચિંગ નહિ વપરાય;તેમજ, તેના ઉપર છાપકામ કરવાની બાબતમાં પણ એવો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે કે માત્ર બીબાંનું જ (ચિત્રો નહિ) છાપકામ કરી શકાશે, અને તે પણ એક જ શાહીમાં (રંગબેરંગી નહિ) અને ફક્ત કાગળનો ચોથો ભાગ રોકાય એટલું જ.

અમેરિકાએ ગણત્રી કાઢી છે કે કાગળ અને તેના માવાની પોતાની (હાલની બચાવ સાધનો સાથેની) વાર્ષિક જરૂરત બે કરોડ અને સાઠ લાખ ટનની છે, પણ દેશનાં સાધન શક્તિ જોતાં તેમાં પચાસલાખ ટન માલની ખોટ પડે એમ છે. આથી તે દેશ 'કાગળની કરકસર'ની ઝુંબેશ શરૂ કરનાર છે. (ઈન્ફૉર્મેન્ટ)

હૅમ્લેટ નાટક

શેક્સપીઅરનું હૅમ્લેટ નાટક એની મૌલિક કલાના પ્રભાવે વિશિષ્ટ અને નાટ્યકલાસંકલનાએ સૈકાઓ લગી તખ્તા ઉપર પણ આકર્ષે એવી ચિરંજીવ કૃતિમાલામાં પણ એક ગગનચુંબી શિખર જેવું ગણાય છે. અંગ્રેજી સાહિત્યના માતબર ખજાનામાં પણ તે એક મણિતુલ્ય ઝગઝગી રહ્યું છે. દુનિયાના સર્વોત્કૃષ્ટ અમર સાહિત્યમાં પણ એનું સ્થાન માનવંતું છે. એમાં હૅમ્લેટ, પોલોનિયસ અને ખટપટી ખૂની રાજાનાં પાત્ર સ્થાયી રસ ઉપજાવે એવાં છે. સ્થળે સ્થળે અને યથાયોગ્ય આવ્યા કરે છે તે કલ્પનામય મનનો અને લાગણીના આવેશો, અને સામાજિક દૂષણો સામેના કોક વેધક છે. ઓફેલિયાના પાત્રની આસપાસ કરુણરસ વહ્યા જ કરે છે, અને હૅમ્લેટના પિતાનું પ્રેત આવ્યા કરે છે તે દશ્યો ગેયભી ભવ્યતાના ઉત્તમ નમૂના છે. વળી દરબારીઓ, ફૅશનેબલ જુવાનો, નટો, સૈનિકો અને છેક ગરીબીમાં જીવન ગાળનાર મજૂરો આદિનાં આલેખન બેચાર લસરકે જ કર્યાં હોય ત્યાં પણ સજીવન ઊપસી આવે છે. નાટક વાંચતાં પણ આપણને ઝકડી લે છે, અને તખ્તા ઉપર કુશલ નટોએ ભજવાતું જોઈએ ત્યારે તો પ્રવેશ પછી પ્રવેશની સંકલનામાં શેક્સપીઅરનું નાટ્યકલાનું પ્રભુત્વ આપણી સન્મુખ વિવિધસમૃદ્ધ ડુંગરના ચઢાવ જેવું પથરાઇ રહે છે. આખી બાજી કેવી બિછાવાઈ જાય છે, વળી તે કેવી સંકેલાઈ જાય છે, અને વચ્ચે પોલોનિયસ, ઓફેલિયા અને ખૂનીના મારાઓ તથા ભેદુઓ, તેમજ છેક લાર્ટિસ, ખૂની રાજા, રાણી અને હૅમ્લેટ પોતે મૃત્યુવશ થાય છે કેવી રીતે, એ ઘટના ઉપર ઘટના બની આવે છે કેવી અણધારી તથાપિ સૌના ચારિત્ર અને પ્રકૃતિ વિચારતાં અજબ જેવી અનિવાર્ય રીતે, જાણે છઠ્ઠીના લેખ જ,—એ તમામ શેક્સપીઅરની કરુણ સુંદર કલાદેવી (Tragic Muse ટ્રૅજિક મ્યૂઝિક)ની દિવ્યતા છે. (શ્રી હંસાબ્હેન મહેતા કૃત 'હૅમ્લેટ'ના ગુજરાતી ભાષાંતરના પ્રવેશકમાંથી)

—બલવન્તરાય ક. ઠાકોર

ત્રણ કૃષ્ણ

હું ત્રણ કૃષ્ણને ઓળખું છું: સ્હવાર, મધ્યાહ્ન ને સંધ્યા સમા, વૃન્દાવનના, કુરુક્ષેત્રના ને પ્રભાસના. વ્રજનો વેણુવિહારી; કુરુક્ષેત્રનો પાંચજન્યધારી (ગીતા ગાનાર); પ્રભાસનો પ્રલયકારી.

૧૨૫ વર્ષનું કૃષ્ણનું આયુષ્ય; જન્મ—ઇ.સ.પૂ. ૩૧૮૫. ૨૪મે વર્ષે દ્વારિકા વસાવી- ઇ.સ. પૂ. ૧૩૬૧. કુરુક્ષેત્ર ઈ.સ. પૂ. ૩૧૦૧માં ૮૪મે વર્ષે-અન્તર્ધ્વનિ ઈ.સ. પૂ ૩૦૬૦, ૧૨૫મે વર્ષે.

પરમ બ્રાહ્મણપૂજક. એક ઋષિના અપમાને યદુવંશને સંકેલી લીધો. સાંદીપનીને પુત્ર આણી આપ્યો; સુદામાનું દાસત્વ બાંધ્યું; નરસિંહની હૂંડી સ્વીકારી. રસજ્યોત; વિજયપ્રેરણા; પ્રલયપ્રવર્તક; કૃષ્ણચન્દ્રનાં ત્રણ સ્વરૂપો. —કવિ નાનાલાલ

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

આ માસની હરીફાઈમાં આવેલાં ચિત્રોમાં એકેય ઇનામને પાત્ર નથી, એથી ઇનામો મોકૂફ રાખ્યાં છે. ગુણ પ્રમાણે નોંધપાત્રમાં (૧) 'હોળી'—હીરાલાલ ભટ્ટ (અમદાવાદ); (૨) 'ચગડોળ'—આર. એમ. મિસ્ત્રી (નડિયાદ); (૩) 'પથ્થર ગાન'—બાબુ ભણસાળી (મહુધા).

મારવાડીઓમાં હોળીનો ઉત્સવ મહત્ત્વનો ગણાય છે. ફાલ્ગુની પૂર્ણિમા પહેલાં કેટલા યે દિવસોથી તેઓ દરરોજ રાત્રે સમૂહમાં દાંડિયાનો રાસ રમે છે. ભાઇ હીરાલાલે તેમના 'હોળી' ચિત્રમાં વેશપલટો કરેલા મારવાડી યુવાનોને નાચ કરતા ઉતાર્યા છે. પરંતુ આ નાચ અસલ રાસનું વિકૃત સ્વરૂપ છે. ચિત્રરચના તથા ટેકનીક પણ ખામીયુક્ત છે. અગાશીમાં લીધેલા આ ચિત્રમાં ધાબાની ધોળી દીવાલ આંખને ખૂંચે છે. નાચતાં પાત્રોનું સમૂહવિધાન બરાબર નથી. નેગૅટિવનું એક્સ્પોઝર વધારે અને ડેવેલપમેન્ટ ઓછું થવાથી પ્રિન્ટમાં ચમક આવી નથી. ઘણીવાર નેગૅટિવને પ્રતિકૂળ ગ્રેડનો પેપર વાપરવાથી અને પ્રિન્ટિંગ વખતે ડાર્કરૂમનું ઉષ્મ પ્રમાણ વધારે હોવાથી પણ આવું પરિણામ આવે છે.

ભાઈ મિસ્ત્રીના 'ચકડોળ' ચિત્રનો વિષય સારો છે. બૅકગ્રાઉન્ડમાં બીજા ચકડોળના ભાગ દેખાતા હોવાથી રસક્ષતિ થાય છે. કોઈકવાર વિષયનું અમુક જ અંગ આખા વિષયનું પ્રતીક બની ચિત્ર-કથાનો સચોટ ખ્યાલ ઉપજાવે છે, પરંતુ દરેક વખતે એ શક્ય હોતું નથી. ભાઇ મિસ્ત્રીએ આખા યે ચકડોળનું ચિત્ર લીધું હોત અને ચકડોળ ફરવાથી તેમાં બેઠેલા માણસોનાં અવાજ કરતાં કે શ્વાસ પકડતાં મોં લેવાયાં હોત તો ચકડોળની લિફ્ટનો ખ્યાલ પ્રકટ થઈ શકત. એક્સપોઝર અને ફોટોગ્રાફીનો ક્રિયાભાગ બરાબર છે.

ભાઇ ભણસાળીએ 'પથ્થર ગાન'માં બે સુરદાસને ભજન કરતા દર્શાવ્યા છે; પણ ફોટોગ્રાફ પાડવા માટે જ તેમને બેસાડ્યા હોય એમ જણાઇ આવે છે. બેમાંથી એકને મુખ્ય અને બીજાને ગૌણ સ્થાન આપવું જોઇએ. પ્રકાશની દિશા પણ અનુકૂળ નથી. ચિત્રમાં ઉઠાવ તથા સ્થિર તત્ત્વ (stability)નો ખ્યાલ આપવા ફોરગ્રાઉન્ડનો ટોન બાકીના ચિત્રના ટોન કરતાં હમેશા ઘેરો હોવો જોઇએ. આ ચિત્રમાં એથી ઊલટું છે. તે જ કારણે ચિત્રમાં અસ્થિરતા જણાય છે. વળી ચિત્રની પાછળનું દૃશ્ય પણ પાત્રોને અનુરૂપ નથી. ચિત્ર લેતાં અગાઉ કલ્પનામાં ચિત્રની સંપૂર્ણ યોજના કરી, અભ્યાસપૂર્વક આવા વિષયોના ફોટોગ્રાફ લેવા જોઇએ. **બલવન્ત ભટ્ટ**

ચાલુ સમયનો ઇતિહાસ દર્શાવતાં ચિત્રો મેળવવાની અમે સૌ ઉમેદવારોને ભલામણ કરીએ છીએ. જેવાં કે એરોપ્લેન જોઇ રહેલા ચકિત પ્રેક્ષકો, આફતમાંથી નાસી છૂટેલા માનવીઓ, પ્રયાણ કરતું લશ્કર, બચાવની તયારીઓ, અનાજ તથા વસ્ત્રોનું ઉત્પાદન ને સંગ્રહ, વગેરે.

આ મહિનો (એપ્રિલ) ઇતિહાસમાં

તા. ૨ ગયા મહાયુદ્ધ પછી ફ્રેન્ચ ને નૂતન સાહિત્યપ્રવાહોનું 'લંડન મર્ક્યુરી' નામનું વિખ્યાત સાહિત્યપત્ર સ્થાપીને ચલાવનાર ને આધુનિક અંગ્રેજી સાહિત્યના અગ્રણી વિવેચક સર જૉન સ્કવાયરનો જન્મ, ઈ. ૧૮૮૪.

તા. ૩ ઇશુ ખ્રિસ્તને વધસ્તંભ ઉપર ચડાવવામાં આવ્યા, ઇ. ૩૩. (એક માન્યતા એવી છે કે જિસસનો જન્મ ઈ. સ. પૂર્વે ૪માં અને વધસ્તંભારોહણ ઇ. ૨૮માં થયાં, પણ તેતદ્દન નિશ્ચિત નથી; અને જૉહૅનાઇન સાલવારી પ્રમાણેની ઉપર દર્શાવેલી ઈ. ૩૩ની સાલ હજી તો ખોટી ઠરી નથી.)

તા. ૫ અંગ્રેજ કવિ અને નાટ્યકાર એ.સી. સ્વિનબર્નનો જન્મ, ઇ. ૧૮૩૭.

તા. ૬ રાષ્ટ્રવ્યાપી સત્યાગ્રહ સપ્તાહ ઊજવવાની પ્રણાલિ શરૂ થઈ, ઈ. ૧૯૧૯.

તા. ૧૦ પલવલ સ્ટેશને થએલી મહાત્માજીની ગિરફતારી સામે અમદાવાદ ને અમૃતસરમાં તોફાન. હિંદભરમાં હડતાળ, ઈ. ૧૯૧૯.

તા. ૧૧ મહાત્માજીને મુંબઈમાં તરત છુટા કર્યા, ઇ. ૧૯૧૯.

તા. ૧૫ પંજાબમાં માર્શલ લૉ, ઇ. ૧૯૧૯

તા. ૨૨ પહેલા મહાયુદ્ધમાં પશ્ચિમના રણાંગણ પર ઝેરી ગૅસનો પહેલો ઉપયોગ થયો, ઇ. ૧૯૧૫.

તા. ૨૩ વૉરન હેસ્ટિંગ્સ સામેનો મુકદ્દમો સાત વર્ષ ચાલ્યા પછી તેને નિર્દોષ ઠરાવવામાં આવ્યો ને ઈસ્ટ ઇંડિયા કંપનીએ ઊલટા ૭૦૦૦૦ પૌંડ તેને બક્ષિશ આપ્યા, ઇ. ૧૭૯૫.

તા. ૨૪ આલ્પ્સમાં આવેલો યુરોપનો સૌથી જબરો 'સિમ્પ્લન પાસ' નામનો બોગદો ખુલ્લો મુકાયો, ઈ. ૧૯૦૫.

તા. ૨૭ મહાન અમેરિકન સાહિત્યક અને ચિંતક એમર્સનનું અવસાન, ઈ. ૧૮૮૨.

આ માસની વ્યક્તિવિશેષ

ગુગ્લિલ્મો માર્કોની



માત્ર બાવીસ વર્ષની તરુણ વયે પોતાની જાતને સફળ વૈજ્ઞાનિક તરીકે સંસાર સમક્ષ રજૂ કરનાર તથા તારી સંદેશા મોકલવાની પદ્ધતિમાં ધરમૂળની ક્રાન્તિ આણી બીનતારી સંદેશા પહોંચાડવાની આશ્ચર્યચકિત શોધ કરનાર સમર્થ ઈટાલિયન વૈજ્ઞાનિક ગુગ્લિલ્મો માર્કોનીનો જન્મ ઉત્તર ઇટાલીના બોલોના શહેર પાસે આવેલી એના પિતા જિસેપ માર્કોનીની જાગીરમાં આયરિશ માતાની કુખે ઈ. ૧૮૭૪ના એપ્રિલની ૨૫મી તારીખે થયો.

લેગહૉર્ન અને બોલોનાની વિદ્યાપીઠોમાં શિક્ષણ લઈ તરુણ વયનો માર્કોની જ્યારે મનોહર આલ્પ્સ પર્વતનાં હિમાચ્છાદિત શિખરોમાં પોતાના ભાઇઓ જોડે ઊનાળો ગાળતો હતો ત્યારે એક રાતે એના ફળદ્રુપ મનોદેશમાં પ્રો. હર્ટ્ઝની 'વેવ ટ્રાન્સ્મિશન થીઅરી' ઉપરથી એક અદ્દ્ભુત તરંગ ઊઠયો: જો તાર મારફત વીજળીના પ્રવાહને વહાવી સંદેશો મોકલી શકાય છે તો એ જ વીજળીના પ્રવાહને અવકાશના વાતાવરણમાં વહાવીને આ દોલનપરંપરા જગાડી અમુક ચોક્કસ ઠેકાણે શા માટે ન મોકલી શકાય ?

આ તરંગને પાર પાડવા માટે ઈટલી ગયા પછી એ પોતાની જાગીરમાંના મકાન 'વિલા ગ્રિફોન'ના એક એકાન્ત કાતરિયાના બે રૂમમાં રાતદિવસ પુરાઇ રહેવા લાગ્યો. ઊગતી વય, પાંગરતી મહેચ્છા, અસ્થિર આત્મશ્રદ્ધા, લાગણીપ્રધાન સ્વભાવ, હાંસી થવાની આશંકા—એ સૌએ એને અંતઃસ્થ ને એકલસૂરો બનાવી દીધો; પરંતુ લક્ષ્ય પાર પાડવાનો અદમ્ય ઉત્સાહ અને અચલ નિશ્ચય એવા તો પ્રબળ નીવડયા કે એની સ્વસ્થ સાધના ઉગ્ર તપમાં ફેરવાઈ ગઇ. તેણે હાથઘડાઉ સાધનો તયાર કર્યા, બૅટરીઓ બનાવી તથા વિદ્યુત્તરંગોનું પ્રસરણ કરી, તેમની સંખ્યા વધારી, તેમને લાંબાટૂંકા કરી યથેચ્છ કાબૂ મેળવ્યો; અને ઇ. ૧૮૯૫ના ડિસેમ્બરની એક મોડી રાતે તેણે પોતાની માતાની હાજરીમાં એક દૂર મૂકેલા 'કૉલબેલ'ને બીનતારી રીતે વગાડી આપ્યો ! પછી તો માઇલ, બે માઇલ, એમ દૂરદૂરના અંતરે એ સંદેશા મોકલવા લાગ્યો. પણ હજુ એનું શરમાળ અળગાપણું ગયું નહોતું, એની આત્મશ્રદ્ધા જામી નહોતી. આ શોધની પ્રયોગદશામાં એના પિતા માનતા કે છોકરાના મગજમાં નવતર ભૂત ભરાયું છે; પરંતુ એની અત્યંત સહૃદય ને વત્સલ માતા તથા એના મોટા ભાઇ આલ્ફોન્ઝોનાં પ્રોત્સાહન અને હૂંફે એનો નિશ્ચય ટકાવી રાખ્યો.

અંતે જ્યારે એ શોધ સંપૂર્ણ રૂપે તૈયાર થઈ ગઇ અને દેશવિદેશ ચર્ચાવા લાગી ત્યારે દુનિયા હેરત પામી. ઇંગ્લંડના સરકારી ટપાલખાતાના ઈજનેરી વડા મિ. વિલિયમ પ્રીસે તેના જાહેર પ્રયોગ કરી બતાવવા માટે માર્કોનીને આમંત્રણ કર્યું. પિતાની અનિચ્છા છતાં પોતાની માતા સાથે ઇ. ૧૮૯૬માં એ ઇંગ્લંડ ગયા અને લંડન શહેરની જનરલ પોસ્ટઑફિસમાં સંભાવિત ગૃહસ્થોની હાજરીમાં તેણે એ પ્રયોગ સંપૂર્ણ સફળતાથી કરી બતાવ્યો. ૧૮૯૭માં લંડનના લાંબી નજરપહોંચવાળા વેપારી મંડળે એક ઇટલી સિવાયના બીજા બધા દેશો માટેનું એની આ વાયરલેસ શોધનું પેટન્ટ મેળવી લીધું. એ જ સાલમાં 'માર્કોની વાયરલેસ ટેલિગ્રાફ કંપની'નું ખાતમુહૂર્ત થયું. એના વાયરલેસ યંત્રોના સેટ ઉપર સેટ બનવા શરૂ થયા. આમ આ અતિમહત્ત્વની શોધનો પૂરો અને પ્રથમ લાભ વણિકલક્ષણું ઇંગ્લંડ લઈ ગયું.

ઈ. ૧૮૯૯માં પહેલો બીનતારી સંદેશો ઇંગ્લિશ ચૅનલ પર થઇને મોકલાયો. એ જ વરસે સ્ટીમરો પરથી ભર દરિયે બીનતારી સંદેશા ચાલૂ થયા. ૧૯૦૧ના ડિસેમ્બરમાં ઇંગ્લંડના કૉર્નવૉલ ને અમેરિકાના ન્યુફાઉન્ડલૅન્ડ પરગણાં વચ્ચે આટલાન્ટિક પારનો લાંબા અંતરનો બીનતારી વ્યવહાર પહેલીવાર શરૂ થયો. ત્યાર બાદ ઉત્તરોત્તર એની પ્રગતિ ને પ્રચાર વધતાં જ રહ્યાં છે.

ભૌતિકશાસ્ત્રમાં આ મૌલિક શોધ કરવા માટે ૧૯૦૯માં માર્કોનીને જગવિખ્યાત નોબેલ પારિતોષિક મળ્યું, ૧૯૧૪માં તેને જી. સી. વી. ઓ.નો ખિતાબ મળ્યો અને ૧૯૧૫માં તેને ઇટલીની રાજ્યસભાનો સેનેટર બનાવવામાં આવ્યો. ૧૯૨૪માં તેણે beam system શોધી કાઢી. હવે માર્કોનીની કીર્તિમંજરી ધરતીના ચોખૂણમાં મહેકમહેક થઇ ઊઠી. ઇ. ૧૯૨૯માં ઇટલીએ એને 'માર્કિવસ'નું માનવંતું પદ એનાયત કરીને પોતાના એ સત્પુત્રનું બહુમાન કર્યું.

સ્થળકાળના સીમાડા લોપી અવાજને સંસારવ્યાપી કરનાર એ વિજ્ઞાનવીરે પોતાની શોધથી પોતાના મનોભૂ તર્કને સાચો પાડી અખિલ માનવજાતને એક મહાન ઉપકાર તળે મૂકી છે.

સંભાજીના પુત્ર શાહુને ગાદીએ બેસવા દેવા સામે મરાઠા સરદારોએ વાંધો ઉઠાવી સાતારા કબજે કર્યું હતું અને શાહુ તેમની સામે લડતો હતો; પણ એની લડાઇની પદ્ધતિ ઠેકાણા વગરની હતી. એક વાર શાહુ શિકારે નીકળેલો ને અંધારૂં થતાં બાણાવાડી ગામે પટેલને ત્યાં આશ્રય લીધો. ગરમાગરમ ભાત આવ્યા તે ભૂખ્યોડાંસ થએલો શાહુ ઉતાવળે ઉતાવળે ખાવા જતાં દાઝી ગયો. આ જોઇ પટેલની આધેડ ઉંમરની સ્ત્રીએ તેને ઓળખ્યા વિના જ મર્મ કર્યો:'તું પણ શાહુની પેઠે કરે છે. એ આજુબાજુનો મુલક કબજે કર્યા વિના પરબારો રાજધાની સાતારા ઉપર જ હુમલા કર્યા કરવામાં પોતાની શક્તિ વેડફ્યા કરે છે. એમ તું પણ થાળીમાં કોરે પડેલો ઠંડો ભાત ન લેતાં વચ્ચેથી જ મોટો કોળિયો ભરે છે, તો પછી દાઝે જ ને ?'

કહેવાની જરૂર નથી કે શાહુને એ પટેલની બૈરીની શિખામણ ખૂબ કારગત લાગી.

કહેવતોના અર્થઃ 'બોલે તે બે ખાય'—પ્રસંગ સમજીને સંયમ પૂર્વકનું વલણ રાખનારને ફાયદો થાય છે અને ખોટી ઉતાવળ કરી અવશ બનનાર નુકસાન વહોરી લે છે એમ દર્શાવતી આ કહેવત માટે ટુચકો છે કે બે બ્રાહ્મણો પાંચ લાડુની રસોઈ કરી 'બોલે તે બે ખાય અને ન બોલે તે ત્રણ ખાય' એવો ઠરાવ કરી સૂઈ ગયા. તેમાંનો એક મજબૂત મનવાળો મૂંગોમૂંગો પડ્યો રહ્યો; પણ બીજો અધીરો હતો તે 'આ તો બોલશે નહિ, ને રસોઈ બગડી જશે તો બન્ને મરીશું' એમ વિચારી બોલી ઊઠ્યાઃ 'ઠીક ભાઇ, ત્રણ તારા ને બે મારા!' આમ અધીરા થનારને નુકસાન અને ધીરજ ધરનારને લાભ થયાં. એવાજ ભાવાર્થની બીજી કહેવતોઃ 'ન બોલ્યામાં નવ ગુણ'; 'સબસે બડી ચૂપ' વગેરે.

ગણિતગમ્મત

પાસેપાસેની ત્રણ સંખ્યાના ગુણાકારને (તેમાં જો વચલી સંખ્યા ૩નો ભાજ્ય ન હોય તો) તેજ ત્રણ સંખ્યાના સરવાળા વડે નિઃશેષ ભાગી શકાય છે. દાખલા તરીકે ૧૦, ૧૧ ને ૧૨ (તેમાં ૧૧ એ ૩નો ભાજ્ય નથી) લો; તેનો ગુણાકાર ૧૦×૧૧×૧૨=૧૩૨૦ થયો; ને સરવાળો ૧૦+૧૧+૧૨=૩૩

હવે ૧૩૨૦÷૩૩=૪૦. (નિઃશેષ)

—ભાનુશંકર લાધારામ ઉપાધ્યાય

સુમાત્રામાં કૉફી માટે બુંદદાણા ઉકાળવાને બદલે તેનાં પાન ઉકાળવાનો ચાલ છે.



સ્પેનની રમણીનો શિરવેષ


અશુદ્ધ જોડણીના અનર્થ

આલ=ખોટો આરોપ . . . આલ=એક મેવો
આહુત=હોમેલું . . . આહૂત=બોલાવેલું
અંગુર=નવી ચામડી;રૂઝ . . અંગૂર=લીલી દ્રાક્ષ
ઇતિ=સમાપ્તિ . . . ઈતિ=ધાન્ય વગેરેને નુકસાન પહોંચાડનાર ઉપદ્રવ
ઉરુ=વિશાળ; ઉમદા . . . ઊરુ=જાંઘ
કુલ=એકંદર . . . કૂલ=કિનારો
દ્વિપ=હાથી . . . દ્વીપ=બેટ
દારુ=દેવદારનું ઝાડ . . . દારૂ=મદિરા; બંદૂક ફોડવામાં વપરાતું રસાયણ
પિક=કોયલનો નર . . . પીક=પાક; મોલ
પુંજ=ઢગલો . . . પૂંજ=માંડું; અનુસ્વર
મિલન=મુલાકાત . . . મીલન=બંધ કરવું

(રમણ અંબાલાલ શાહ)

મેસિના (ઇટલી)માં બાંધેલા એક ઘડિયાળની બે નવાઇ છેઃ તે ઘડિયાળ નજીક બાર ફૂટનો ધાતુનો એક સિંહ બેવખત ગર્જના કરે છે, અને ૭ ફૂટનો એક કાગડો રોજ સવારે અને સાંજે 'કૉ કૉ' અવાજ કરે છે!

મેંદીનાં પાન અને લીલાં આમળાં સાથે વાટી પગને તળિયે તેની થેપલી મૂકવાથી ત્યાંની તલગરમી મટી જશે.



બીજા દેશો જોડે આપણી સરખામણી કરતો આલેખ

વકીલ–તમે તો કહો છો કે તમે ભણેલા નથી; અને મારા બધા સવાલના જવાબ તો બહુ ચબરાકપણે આપ્યા.

સાક્ષી–હાજી; કેમકે મૂર્ખાઈભર્યા સવાલના ઉત્તર દેવામાં ભણતરની જરૂર નથી પડતી.


ઑસ્ટ્રેલિયામાં Nephurus Arpur નામની ભસતી ગરોળી થાય છે. જેના ભસવાનો અવાજ ખાંસી જેવો હોય છે.

આ મહિનાનું નામ–એપ્રિલ, તે પશ્ચિમ દેશોમાં આ માસમાં બેસતી વસંત ઋતુમાં પત્રપુષ્પની કળીઓ તથા કુંપળો ખીલવા માંડે તે ક્રિયાને દર્શાવતા લાટિન શબ્દ 'એપેરિયો' (એટલે ઊઘડવું) ઉપરથી પડ્યું છે.


ગયા વરસના ભયંકર હવાઇ હુમલાઓ છતાં લંડનના પ્રકાશકોએ આખા વર્ષદરમ્યાન ૧૧,૦૦૦ પુસ્તકો પ્રકટ કર્યાં હતાં, જે એના આગલા વરસ કરતાં માત્ર ૨૭ ટકાનો જ ઘટાડો બતાવે છે.

યુદ્ધનેકારણે અમેરિકામાં ખોલવામાંઆવેલા દેશભરના જુદાજુદા કૅમ્પોમાં સિપાહીઓને વાંચવા માટે ૨૬૬ નવાં વર્તમાનપત્રો શરૂ થયાં છે.

સામાન્યતઃ માણસના વાળની જાડાઇ ઇંચના ૪૫૦મા અંશ જેટલી હોય છે.



વિખ્યાત નૃત્યકાર ઉદયશંકરે ભાઈ અશોક દેસાઇની ઑટોગ્રાફબુકમાં કરી આપેલી સહી સાથે એમણે પોતાના ચહેરાની લાક્ષણિકતાઓ આબાદરીતે ઉતારતો પોતાનો જે સ્કેચ આલેખી આપ્યો છે તે બતાવે છે કે કુમાર વયે સાધેલી ચિત્રકલા એમની આંગળીઓમાંથી હજી ગઈ નથી.




ફોટો • આબીદમિયાં સૈયદ]
'પૉપ્યુલર ફોટોગ્રાફી'ની હરીફાઇમાં શ્રી આબીદમિયાં સૈયદે ૩૭,૦૦૦ હરીફોમાંથી આ ચિત્ર ઉપર ૧૨મું ઈનામ જીત્યું હતું.

ભૂતકાળની ભભક



[ફોટો • અખ્તર કે. સૈયદ
કૅમેરા: રોલાઇફ્લેક્સ II; લેન્સ 3·5 ટ્રાયોટાર; એક્સ્પોઝર: ૧/૨૦૦ સેકંડ F II; ફિલ્ટર: લાઈટ યલો; ફિલ્મ: કોડાક સુપર એક્સ; તડકામાં લીધેલું.



શુક્રવારની ગુજરી

ચિત્રકાર · કુ. રત્નપ્રભા કમોદિયા